# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

'ભાભીજી ઘર પર હૈં' એક્ટ્રેસની છેડતી...!



પેજ-09

અભિષેક શર્મા પચીસ છગ્ગા અને પંદર ચોગ્ગા સાથે 233 રન

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 33.00 | 27.00 |
| વડોદરા | 33.00 | 27.00 |
| સુરત | 31.00 | 27.00 |

પેજ 5



યુપીઆઇ વ્યવહાર રેકોર્ડ જુલાઈ મહિનામાં તૂટ્યો, અબજોના...

**04** AUGUST-2026 TUESDAY

પાકિસ્તાનના ખૈબરમાં આત્મઘાતી હુમલો : ચૌદના મોત



પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 78639.03 | ▲ | 544.39 |
| નિફ્ટી | 24774.30 | ▲ | 390.70 |
| સોનું | 141071.00 | ▼ | 440.00 |
| ચાંદી | 215695.00 | ▼ | 1503.0 |


વર્ષ-15 । અંક-261 । વિક્રમ સંવત-2082 । અષાઢ વદ - 06 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# મહિલા પહેલવાનોના યૌનશોષણ કેસમાં બ્રિજભૂષણ શરણ સિંહ નિર્દોષ જાહેર

## મહિલા કુસ્તીબાજોના જાતીય સતામણી કેસમાં ભારતીય કુસ્તી મહાસંઘના પૂર્વ પ્રમુખ બ્રિજભૂષણ શરણ સિંહ અને વિનોદ તોમરને નિર્દોષ જાહેર કર્યા

(એજન્સી) નવી દિલ્હી । તા. 03

ભારતીય કુસ્તી મહાસંઘ (WFI)ના પૂર્વ પ્રમુખ અને છ વાર લોકસભા સાંસદ રહી ચૂકેલા બ્રિજભૂષણ શરણ સિંહને દિલ્હીની રાઉઝ એવેન્યુ કોર્ટે રાહત આપી છે. મહિલા કુશ્તીબાજો દ્વારા લગાવાયેલા શારીરિક શોષણના ગંભીર આરોપોના મામલે કોર્ટે સોમવારે મહત્ત્વનો ચુકાદો આપતાં ભાજપ સાંસદ બ્રિજભૂષણ શરણ સિંહ અને વિનોદ તોમરને સન્માનપૂર્વક નિર્દોષ જાહેર કર્યા છે. આ ચુકાદો સંભળાવવામાં આવે તે પહેલાં સોમવારે સવારે જ બ્રિજભૂષણ શરણ સિંહ રાઉઝ એવેન્યુ કોર્ટ પહોંચ્યા હતા. તે સમયે તેમણે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, 'હું ફક્ત તે જ સાંભળીશ જે કોર્ટ કહેશે, મારા હાથમાં કશું જ નથી.




**વિનેશ ફોગાટ અને સગીર વયની પહેલવાનના કેસનો ઘટનાક્રમ**

આ ચુકાદાના થોડા મહિના પહેલા જ ઓલિમ્પિયન વિનેશ ફોગાટે સાર્વજનિક રીતે ખુલાસો કર્યો હતો કે તે પોતે આ કેસની 6 ફરિયાદીઓમાંથી એક હતી. વિનેશ ફોગાટે એક વીડિયો સંદેશ દ્વારા જણાવ્યું હતું કે, જાતીય સતામણી પીડિતોની ઓળખ ગુપ્ત રાખવા અંગેની સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકા અનુસાર તેણે શરૂઆતમાં પોતાની ઓળખ ગુપ્ત રાખી હતી.

**જંતર-મંતરથી લઈને વૈશ્વિક સ્તર સુધી ગૂંજ્યો હતો વિરોધ :** વર્ષ 2023માં આ આરોપો સામે આવ્યા બાદ સમગ્ર દેશમાં ભારે હોબાળો મચી ગયો હતો. ઓલિમ્પિક મેડલ વિજેતા અને દેશના ટોચના પહેલવાનો—જેમાં વિનેશ ફોગાટ, સાક્ષી મલિક અને બજરંગ પુનિયા સામેલ હતા—તેમણે દિલ્હીના જંતર-મંતર પર ધરણા પ્રદર્શન કર્યા હતા. તેમની મુખ્ય માગ બ્રિજભૂષણ સિંહની ધરપકડ કરવા અને તેમને કુસ્તી સંઘના પદ પરથી હટાવવાની હતી. આ વિરોધ પ્રદર્શને તે સમયે આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ધ્યાન ખેંચ્યું હતું. નવા સંસદ ભવન તરફ માર્ચ કરતી વખતે દિલ્હી પોલીસે કેટલાક રમતવીરોની અટકાયત કરી હતી, જેની વૈશ્વિક રમતગમત સંસ્થાઓ અને રમતપ્રેમીઓ દ્વારા ભારે ટીકા કરવામાં આવી હતી.

**મારી વાત સાચી સાબિત થઈ: બ્રિજભૂષણ શરણ સિંહ :** આ ચુકાદા બાદ ભાજપના નેતા બ્રિજભૂષણ શરણ સિંહે જણાવ્યું હતું કે, 'જે દિવસે મારા પર આરોપ લાગ્યા હતા, તે જ દિવસે મેં કહ્યું હતું કે જો મારા પરના આરોપો સાબિત થશે તો હું ખુશીથી ફાંસીની સજા પણ સ્વીકારી લઈશ. આજે કોર્ટે મને નિર્દોષ જાહેર કર્યો છે અને મારી વાત સાચી સાબિત થઈ છે. કોર્ટે મને નિર્દોષ મુક્ત કર્યો છે. હવે હું બસ એટલું જ કહીશ કે, જે કંઈ થવાનું હતું તે થઈ ગયું.

# ભારતે સ્વદેશી ટર્બોજેટ એન્જિન તૈયાર કર્યું

## ભવિષ્યના યુદ્ધ અને મિસાઇલ-ડ્રોન ટેક્નોલોજીની દિશામાં મોટી છલાંગ

(એજન્સી) નવી દિલ્હી । તા. 03

સંરક્ષણ અને એરોસ્પેસ ટેક્નોલોજીના ક્ષેત્રમાં ભારતે એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે. DRDO દ્વારા દેશનું પ્રથમ 350 કિલોગ્રામ થ્રસ્ટ-ક્લાસ એક્સપેન્ડેબલ ટર્બોજેટ એન્જિન સફળતાપૂર્વક તૈયાર કરવામાં આવ્યું છે. આ ઐતિહાસિક સફળતા સાથે ભારત હવે વિશ્વના એવા ચૂંટાયેલા દેશોના ખાસ ક્લબમાં સામેલ થઈ ગયું છે, જેઓ પોતાની રીતે મિસાઈલો અને ડ્રોન માટે આધુનિક જેટ એન્જિન ડિઝાઈન અને ઉત્પાદન કરવાની ક્ષમતા ધરાવે છે.

આ ખાસ એન્જિનને DRDOની બેંગલુરુ સ્થિત લેબ 'ગેસ ટર્બાઈન રિસર્ચ એસ્ટાબ્લિશમેન્ટ' (GTRE) દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યું છે, જ્યારે હૈદરાબાદની ખાનગી કંપની આઝાદ એન્જિનિયરિંગ દ્વારા તેને તૈયાર કરાયું છે. આ એક 'એક્સપેન્ડેબલ' એટલે કે સિંગલ-યુઝ (એક જ વાર ઉપયોગમાં આવતું) એન્જિન છે. તેનો ઉપયોગ ક્રૂઝ મિસાઈલ, જેટ-પાવર્ડ સુસાઈડ ડ્રોન (લોઈટરિંગ મ્યુનિશન), ટાર્ગેટ ડ્રોન અને માનવરહિત વિમાનો (UAV)માં કરવામાં આવશે.



### સ્વદેશી ટેક્નોલોજીથી ભારતને થનારા ફાયદા

અત્યાર સુધી ભારત આવા નાના જેટ એન્જિનો માટે અન્ય દેશો પર નિર્ભર હતું. સ્વદેશી ટેક્નોલોજી વિકસિત થવાથી ભવિષ્યના મિસાઈલ પ્રોગ્રામ્સમાં વિદેશી નિર્ભરતા કે અટકાયતનો ડર ખતમ થઈ જશે. આ સફળતા પીએમ મોદીના 'આત્મનિર્ભર ભારત' વિઝનને સંરક્ષણ ક્ષેત્રે મોટું બળ પૂરું પાડે છે. સાથોસાથ, દેશમાં જ ઉત્પાદન થવાથી આ સંરક્ષણ ઉપકરણો ઓછી કિંમતે અને ઝડપથી મોટા પ્રમાણમાં બનાવી શકાશે.

### એક્સપેન્ડેબલ ટર્બોજેટ એન્જિન શું છે?

ફાઈટર જેટના એન્જિન હજારો કલાકની ઉડાન અને વારંવારના ઉપયોગ માટે બનાવવામાં આવે છે, જ્યારે એક્સપેન્ડેબલ એન્જિન માત્ર એક જ મિશન માટે ડિઝાઈન કરાય છે. મિસાઈલ કે ડ્રોન લોન્ચ થયા પછી આ એન્જિન તેને લક્ષ્ય સુધી પહોંચાડીને તેની સાથે જ નષ્ટ થઈ જાય છે. તેથી, તેને લાંબા આયુષ્યને બદલે સરળતા, અત્યંત વિશ્વસનીયતા, નાનું કદ અને ઓછી કિંમત ધ્યાને રાખીને તૈયાર કરવામાં આવે છે.

### ભવિષ્યના કયા હથિયારોને મળશે તાકાત?

આ એન્જિન લાંબા અંતરની ક્રૂઝ મિસાઈલોને ઓછી ઊંચાઈએ પૂરઝડપે ઉડવામાં મદદ કરશે, જેથી દુશ્મનના ઠેકાણાઓ પર સચોટ નિશાન સાધી શકાશે. સામાન્ય પ્રોપેલર વાળા ડ્રોનની સરખામણીએ આ જેટ એન્જિન વાળા ડ્રોન 400 કિમી/કલાકથી વધુની સ્પીડ પકડી શકે છે, જેમને રોકવા દુશ્મન માટે અત્યંત મુશ્કેલ બને છે. આ સિવાય, સેનાના એર ડિફેન્સ સિસ્ટમના ટેસ્ટિંગ માટે ટાર્ગેટ ડ્રોન અને જાસૂસી મિશન માટે હાઈ-સ્પીડ UAV માં પણ આ એન્જિન ઉપયોગી થશે.

# જંતર મંતર પર હુમલો અને સુવેન્દુની હત્યાનું કાવતરું : યુગલની ધરપકડ




કોલકાતા : પશ્ચિમ બંગાળ પોલીસની સ્પેશિયલ ટાસ્ક ફોર્સ દ્વારા વર્ધમાન જિલ્લામાંથી બે દિવસ પહેલા જૈશ-એ-મોહમ્મદ સાથે જોડાયેલ શંકાસ્પદ આતંકીની ધરપકડ કરવામાં આવી હતી. જેની તપાસમાં સામે આવ્યું છે કે આતંકી સોશિયલ મીડિયા, વોટ્સએપ દ્વારા અનેક પાકિસ્તાની હેન્ડલર્સના સંપર્કમાં હતો અને કોઈ મોટું ભારત વિરોધી કાવતરું ઘડી રહ્યો હતો.

હમિમ મોન્ડલ નામના આ આતંકી સામે દાખલ થયેલી એફઆઈઆરમાં છ સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ, વોટ્સએપ નંબર દર્શાવવામાં આવ્યા છે જેમાં એક નંબર પ્લસ૯૨થી શરૂ થાય જે પાકિસ્તાનનો કોડ છે. આ નંબર રાણા ઓપરેટ કરી રહ્યો હતો, બીજો નંબર પણ પાકિસ્તાની કોડથી શરૂ થાય છે અને તેને સીલ્યુઝહૈર ઓપરેટ કરતો હતો. આ ઉપરાંત એક અમેરિકન નંબર અબીદ જુટ દ્વારા ઓપરેટ થઈ રહ્યો હતો. આ ઉપરાંત હામીદના નામે અમેરિકા, બ્રિટન અને મેક્સિકોના નંબર પણ ઓપરેટ થઈ રહ્યા હતા. પોલીસનો દાવો છે કે જંતર મંતર પર યુવાનોના વિરોધ પ્રદર્શનમાં ખલેલ પહોંચાડીને હિંસા ફેલાવવાનું પણ આ આતંકીઓનું આયોજન હતું. ઝડપાયેલા આતંકી મોન્ડલની એક ગર્લફ્રેન્ડ અર્પિતા સરકારની ઝારખંડમાંથી ધરપકડ કરાઈ છે. કપલ મળીને રાજ્યના મંત્રી ઉમેશ રાઈના પુત્રનું અપહરણ કરીને મોટી રકમ વસુલવાની ફિરાકમાં હતા. જ્યારે અર્પિતા સરકારને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેંદુ અધિકારીને હની ટ્રેપમાં ફસાવવાનું અને હત્યા કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું તેવો દાવો પોલીસે કર્યો છે. મોન્ડલ અને અર્પિતા સરકાર બન્ને ઈન્સ્ટાગ્રામ પર એકબીજાને મળ્યા હતા અને ચાર વર્ષથી રિલેશનશિપમાં હતા. આતંકવાદી હોવાની શંકાના આધારે ઝડપાયેલી અર્પિતા સરકાર ઈન્સ્ટાગ્રામ પર ઘણી પ્રખ્યાત છે. તે દિવસે સોશિયલ મીડિયા પર રીલ્સ પોસ્ટ કરતી હતી જ્યારે રાત્રે હનીટ્રેપમાં લોકોને ફસાવવા પ્રયાસ કરતી હતી.

**ઉજ્જૈન ઉત્તર બેઠકનું પ્રતિનિધિત્વ કરનારા જૈને ઊર્જા, શિક્ષણ સહિત અનેક મહત્ત્વના મંત્રાલયો સંભાળ્યા**

# BJPના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેબિનેટ મંત્રી પારસ જૈનનું નિધન

(એજન્સી) મધ્ય પ્રદેશ । તા. 03

મધ્ય પ્રદેશના રાજકારણમાંથી એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. ભારતીય જનતા પાર્ટી (BJP)ના વરિષ્ઠ નેતા અને રાજ્ય સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી પારસ જૈનનું નિધન થયું છે. તેમના નિધનના સમાચાર વહેતા થતાં જ રાજકીય ક્ષેત્રે અને તેમના સમર્થકોમાં ભારે શોકની લાગણી ફરી વળી છે. ઉજ્જૈન ઉત્તર વિધાનસભા બેઠકનું લાંબા સમય સુધી પ્રતિનિધિત્વ કરનારા પારસ જૈને મધ્ય પ્રદેશ સરકારમાં ઊર્જા, શાળા શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ તેમજ અન્ન અને નાગરિક પુરવઠા જેવા મહત્ત્વના મંત્રાલયોની જવાબદારી સંભાળી હતી. ભાજપના વરિષ્ઠ અને કદાવર નેતાઓમાં તેમની ગણના થતી હતી. પારસ જૈનના અવસાન પર દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી, મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી તેમજ પૂર્વ મુખ્યમંત્રી અને વર્તમાન કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ સહિત ભાજપ અને વિપક્ષના અનેક વરિષ્ઠ નેતાઓએ ઘેરા દુઃખની અનુભૂતિ વ્યક્ત કરી છે.



**લાંબી રાજકીય સફર અને મહત્ત્વના મંત્રાલયો**

20મી જૂન 1950ના રોજ ઉજ્જૈનમાં જન્મેલા પારસ જૈને વિદ્યાર્થીકાળ દરમિયાન ABVPથી પોતાની સફર શરૂ કરી હતી અને બાદમાં આરએસએસ (RSS) સાથે જોડાયા હતા. 1990માં તેઓ પહેલી વખત ઉજ્જૈન ઉત્તર બેઠક પરથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. ત્યારબાદ તેઓ કુલ પાચ વખત આ બેઠક પરથી વિજેતા બની વિધાનસભા પહોંચ્યા હતા.

શિવરાજ સિંહ ચૌહાણે શ્રદ્ધાંજલિ અર્પતાં જણાવ્યું હતું કે, 'પારસ જૈનનું નિધન એ ભાજપ અને મધ્ય પ્રદેશ માટે એક મોટી ક્ષતિ છે. તેમણે પોતાના કાર્યકાળ દરમિયાન જનતાની સેવા અને પ્રદેશના વિકાસ માટે આપેલું પ્રદાન હંમેશા યાદ રાખવામાં આવશે.' દિવંગત નેતાના આત્માની શાંતિ અને શોકગ્રસ્ત પરિવારને આ દુઃખ સહન કરવાની શક્તિ મળે તે માટે વિવિધ રાજકીય આગેવાનો અને ગ્રામજનો દ્વારા પ્રાર્થના કરવામાં આવી રહી છે.

# PMને ગાળો આપનાર સગીરા પર FIR નહીં થાય

નવી દિલ્હી : જંતર-મંતર વિરોધ પ્રદર્શન દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ગાળો આપનાર સગીરા વિરુદ્ધ ફોજદારી કેસ દાખલ કરવામાં આવશે નહીં. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, દિલ્હી પોલીસે છોકરી સામે કાર્યવાહી ન કરવાનો નિર્ણય લીધો છે. દિલ્હી પોલીસે કહ્યું છે કે જ્યારે પીએમ મોદીએ જ તેને માફ કરી દીધી છે, ત્યારે તેની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહીં. નોઈડા પોલીસે વડાપ્રધાન માટે અપમાનજનક ટિપ્પણી કરનાર છોકરી વિરુદ્ધ ઝીરો FIR દાખલ કરી હતી. આના તરત જ બાદ, એટલે કે 1 ઓગસ્ટની રાત્રે, છોકરીનો એક વીડિયો સામે આવ્યો હતો, જેમાં તેણે માફી માંગતા કહ્યું હતું કે તે ભ્રમિત થઈ ગઈ હતી.

# સમુદ્રમાં ઓઇલ-ગેસ શોધવા રૂ. 84 હજાર કરોડની સમુદ્ર મંથન યોજનાને મંજૂરી

## આગામી 5 વર્ષમાં 60 કૂવા માટે બજેટ સહાય મળશે

નવી દિલ્હી : ભારત સરકારે દેશની ઊર્જા સુરક્ષા મજબૂત કરવા તેમજ આયાતિત કાચા તેલ તેમજ પ્રાકૃતિક ગેસ પર નિર્ભરતા ઓછી કરવાના હેતુથી રૂા. ૮૪,૦૮૪ કરોડની સમુદ્ર મંથન નેશનલ ઓફશોર એક્સપ્લોરેશન સ્કીમને મંજૂરી આપી છે. આ મહત્વાકાંક્ષી યોજના અંતર્ગત ઊંડા અને અતિ ઊંડા સમુદ્રી ક્ષેત્રોમાં તેલ-ગેસની શોધને નાણાંકીય સહાયતા આપવામાં આવશે, જેનાથી અત્યાર સુધી ન શોધાયેલા ભંડારોનું ડ્રિલિંગ સંભવ થઈ શકશે. યોજના અનુસાર સરકાર ગાઢ સમુદ્રમાં ખોદવામાં આવતા પ્રત્યેક એક્સપ્લોરેશન વેલના ડ્રિલિંગ ખર્ચના પચાસ ટકા અથવા અધિકતમ રૂા. ૬૫૦ કરોડ, જે પણ ઓછા હોય, તેનો બોજ ઉપાડશે. આગામી પાંચ વર્ષોમાં કુલ ૬૦ ડીપ વોટર અને અલ્ટ્રા ડીપ વોટર કુવા માટે બજેટીય સહાયતા ઉપલબ્ધ કરવામાં આવશે. સાથે આ સહિયારા માળખાકીય વિકાસ માટે પણ આંશિક નાણાંકીય સહયોગ આપવામાં આવશે. અત્યાર સુધી ખાનગી કંપનીઓ અત્યાધિક જોખમ અને અનિશ્ચિત લાભને કારણે નવી શોધ પરિયોજનાઓથી અંતર જ બનાવતી રહી છે.

# ભાજપના પૂર્વ સાંસદ રાજકારણ છોડી શિક્ષક બની ગયા , કહ્યું - ઓછામાં ઓછું પેન્શન તો મળશે...

## ત્રિપુરાને 2024માં ટિકિટ ન મળતાં તેઓ ફરી સરકારી શાળામાં પોસ્ટ ગ્રેજ્યુએટ શિક્ષક તરીકે 20 જુલાઈથી જોડાયા

(એજન્સી) નવી દિલ્હી । તા. 03

ભારતીય જનતા પાર્ટી (BJP)ના પૂર્વ સાંસદ રેબતી ત્રિપુરાએ રાજકારણથી અંતર જાળવીને પોતાના જૂના વ્યવસાય શિક્ષણ ક્ષેત્રે વાપસી કરી છે. પૂર્વ સાંસદમાંથી ફરી શિક્ષક બનેલા રેબતી ત્રિપુરાનું કહેવું છે કે જૂના વ્યવસાયમાં પાછા ફરવાથી તેમને એક હેતુ મળ્યો છે અને રાજકીય જીવનમાં આવેલી નિષ્ક્રિયતા બાદ ભવિષ્યની આર્થિક સુરક્ષા પણ સુનિશ્ચિત થશે. ત્રિપુરાના ધલાઈ જિલ્લાના અંતરિયાળ ગામના નિવાસી રેબતી ત્રિપુરાએ પોલિટિકલ સાયન્સમાં પોસ્ટ ગ્રેજ્યુએશન કર્યા બાદ વર્ષ 2001માં અગરતલાની મહાત્મા ગાંધી મેમોરિયલ સ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી શરૂ કરી હતી. વર્ષ 2014માં તેઓ ભાજપમાં જોડાયા હતા. 2019ની લોકસભા ચૂંટણીમાં પક્ષે તેમને પૂર્વ ત્રિપુરા સંસદીય બેઠક પરથી ઉમેદવાર બનાવ્યા હતા અને તેઓ ચૂંટણી જીતીને સાંસદ બન્યા હતા.



### ફરી શાળામાં હાજર થયા

રાજકીય કારકિર્દી અટકી ગયા બાદ રેબતી ત્રિપુરાએ મૂળ વ્યવસાયમાં પાછા ફરવાનો નિર્ણય કર્યો અને 20મી જુલાઈથી શાળામાં ફરી ચાર્જ સંભાળી લીધો છે. પૂર્વ સાંસદે જણાવ્યું કે, 'છેલ્લા અઢી વર્ષમાં મારી પાસે પક્ષની કોર કમિટીના સભ્ય તરીકે કોઈ કામ નહોતું. હાલ મારી પાસે કોઈ વિશેષ રાજકીય જવાબદારી નથી, તેથી મેં સરકારી શાળામાં પોસ્ટ ગ્રેજ્યુએટ ટીચરના જૂના વ્યવસાયમાં પાછા ફરવાનો નિર્ણય લીધો છે.'

### શા માટે રાજકારણથી દૂર થવું પડ્યું?

ગતાં લોકસભા ચૂંટણી દરમિયાન ભાજપે રેબતી ત્રિપુરાના સ્થાને ત્રિપુરા રાજપરિવારના સભ્ય અને ટીપ્રા મોથા પાર્ટીના પ્રમુખ પ્રદ્યોત કિશોર દેબબર્માના બહેન કૃતિ દેવી દેબબર્મનને ઉમેદવાર બનાવ્યા હતા. જોકે રેબતી ત્રિપુરા ભાજપની ત્રિપુરા યુનિટની કોર કમિટીના સભ્ય રહ્યા હતા, પરંતુ છેલ્લા બે વર્ષથી પક્ષની પ્રવૃત્તિઓમાં તેમની સક્રિયતા નહિવત્ હતી. તાજેતરમાં જાહેર કરાયેલી ભાજપના હોદ્દેદારોની યાદીમાં પણ તેમનું નામ સામેલ નહોતું.

# મુસલમાનોએ કાફીરો સાથે મૈત્રી ન કરવી જોઇએ

## ભારત-અફઘાન સંબંધો અંગે પાક.નો ઉકળાટ

નવી દિલ્હી: પાકિસ્તાને ભારત વિરૂદ્ધ તેના પ્રોપેગેન્ડા યુદ્ધ શરૂ કર્યું છે : રાવલપિંડી પાસેનાં મુખ્ય સેના મથકે સૈનિકોને કરેલાં સંબોધનમાં પાકિસ્તાન આર્મીના પ્રવક્તા પદે રહેલા (ડીજીઆઈ એસપીઆર) લેફ્ટેનન્ટ જનરલ અહમદ ચૌધરીએ ઘણું વિવાદાસ્પદ નિવેદન કર્યું હતું. તેઓએ કહ્યું કે મુસલમાનોએ કાફીરો સાથે મૈત્રી કરવી ન જોઈએ. આ માટે તેઓએ કુર્રાન-એ-શરીફની આયાત પણ ટાંકી હતી.

આ ઉપરાંત, રાવલપિંડીમાં એક પ્રેસ કોન્ફરન્સમાં જ્યારે તેઓને, ભારત-અફઘાનિસ્તાનના ડીએનએ અંગે પૂછવામાં આવ્યું ત્યારે પણ તેઓ કુર્રાનની તે આયાતનો તર્ક આપતાં કહ્યું કે જે લોકો ભારત અને હિન્દૂઓ સાથે મૈત્રી રાકે છે તેઓ કેટલી હદે ઈસ્લામિક સિદ્ધાંતોને અનુસરે છે તે વિષે પ્રશ્નો ઉઠાવવા જોઈએ.

લેફ્ટ. જન. ચૌધરીએ ફરી એકવાર ભારત વિરૂદ્ધ પ્રોપેગેન્ડા ફાલવતાં આગળ કહ્યું હતું કે ભારત અફઘાનિસ્તાન સ્થિત તાલિબાનોની સાથે મળીને પાકિસ્તાનનાં અશાંતિ ફેલાવી રહ્યું છે.

# આતંકી ઓળખ છૂપાવી મજૂરો પાસે 15 મિનિટ બેઠો પછી ગોળીઓ ધરબી દીધી

## પત્ની પાણી લેવા ગઈ ત્યારે તેણે ગોળીબાર કર્યો અને ભાગી ગયો. સુરક્ષા દળો તેની શોધખોળ કરી રહ્યા

શ્રીનગર : જમ્મુ કાશ્મીરના કુલગામમાં આતંકીઓએ છત્તીસગઢના બે મજૂરો પર બેફામ ગોળીબાર કર્યો હતો. જેમાં એકનું મોત નિપજ્યું હતું, આ હુમલાની તપાસમાં સામે આવ્યું છે કે આતંકીઓ આ મજૂરો પાસે સામાન્ય નાગરિક બનીને આવ્યા હતા, પહેલા થોડો સમય વાતચીત કરી પછી પાણી માગ્યું અને ગોળીબાર કરી દીધો હતો.

દક્ષિણ કાશ્મીરના કુલગામમાં ઈંટના ભઠ્ઠા પર કામ કરતા છત્તીસગઢના મજૂરો પર શુક્રવારે બેફામ ગોળીબાર કરાયો જેમાં એકનું મોત નિપજ્યું જ્યારે એકની સ્થિતિ ગંભીર છે. આ હુમલો લતીફ બટ દ્વારા કરાયો હતો જેની તસવીર પોલીસ દ્વારા જાહેર કરવામાં આવી છે. તપાસમાં ચોંકાવનારા ખુલાસા થયા છે. લતીફ નામનો આ આતંકી પોતાની બેગમાં રાઈફલ છૂપાવીને મજૂરો પાસે સામાન્ય નાગરિક જેમ પહોંચ્યો અને વાતચીત કરવા લાગ્યો.

મજૂરોએ માનવતા દાખવી અને આતંકીને સામાન્ય નાગરિક સમજીને પાણી પાયુ, બન્ને વચ્ચે થોડો સમય વાતચીત થઈ, આતંકી લગભગ ૧૫ મિનિટ સુધી મજૂરોના ઈંટના ભઠ્ઠે બેઠો હતો.

આ મજૂરો પરિવાર સાથે એક ઝૂંપડુ બનાવીને રહેતા હતા, જ્યાં તેમની પત્ની અને બાળક પણ હતું. પત્ની પાણી લેવા માટે રસોડામાં ગઈ કે તુરંત જ લતીફે મજૂરો પર બેફામ ગોળીબાર કરી દીધો. ગોળીબાર કર્યા બાદ પોતાના અન્ય એક સાથીની સાથે લતીફ ભાગી ગયો હતો જેની હાલ સુરક્ષાદળો દ્વારા શોધખોળ ચાલી રહી છે.

# બિહાર-ઝારખંડમાં વીજળી પડવાથી 10 લોકોનાં મોત

બિહાર-ઝારખંડ : દેશના ઘણા રાજ્યોમાં સતત વરસાદને કારણે જનજીવન પ્રભાવિત થયું છે. હવામાન વિભાગે સોમવારે યુપી, બિહાર અને છત્તીસગઢ સહિત 18 રાજ્યોમાં વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે.

ઉત્તરાખંડના રુદ્રપ્રયાગમાં સતત વરસાદને કારણે ઘણી જગ્યાએ ભૂસ્ખલનનું જોખમ વધી ગયું છે. કેદારનાથ અને બદ્રીનાથ નજીકના ઘણા વિસ્તારોને ડેન્જર ઝોન જાહેર કરવામાં આવ્યા છે, જેના કારણે યાત્રાળુઓ અને સામાન્ય લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.



રવિવારે બિહાર અને ઝારખંડમાં વીજળી પડવાથી 10 લોકોના મોત થયા. જ્યારે, રાજસ્થાનમાં ભારે વરસાદ બાદ અજમેર, જોધપુર અને બાડમેરના રસ્તાઓ પર પાણી ભરાઈ ગયું.

# જંતર-મંતર પર વીડિયો બનાવનારી બાળકીઓને પોલીસના દમ પર ડરાવવાનું બંધ કરે પીએમ- કેજરીવાલ

અમદાવાદ : આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે જંતર-મંતર પર થયેલા સીજેપીના પ્રદર્શનમાં સામેલ એક સગીર બાળકી પાસે માફી મંગાવવાનો વીડિયો જાહેર કરાવવા બદલ પ્રધાનમંત્રી પર આકરો પ્રહાર કર્યો છે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી જંતર-મંતર પર વીડિયો બનાવનારી બાળકીઓને પોલીસના દમ પર ડરાવવાનું બંધ કરે. એક તરફ પ્રધાનમંત્રી બાળકોને માફ કરવાની વાત કરે છે અને બીજી તરફ 15 વર્ષની બાળકી પાસે માફી મંગાવી રહ્યા છે. આ પ્રધાનમંત્રીને શોભતું નથી. આજે ઘણી બધી બાળકીઓ મોદીજી વિરુદ્ધ વીડિયો પોસ્ટ કરી રહી છે. મોદીજી કોને કોને ડરાવશે અને ઝુકાવશે?અરવિંદ કેજરીવાલે કહ્યું કે જે રીતે તે બિચારી હાથ જોડીને, આંખો નીચી કરીને આખા દેશની સામે બોલી રહી છે, તેનાથી સ્પષ્ટપણે લાગે છે કે તેને ખરાબ રીતે ડરાવવામાં આવી છે. એક તરફ તો પ્રધાનમંત્રીજી આવીને કહે છે કે બાળકીઓ, મેં તમને માફ કરી દીધા અને બીજી તરફ તેઓ પોતાની સંપૂર્ણ તાકાત લગાવીને 15 વર્ષની એક નાની બાળકીને ઝુકાવી દે છે, તેની પાસે માફી મંગાવે છે અને આખા દેશની સામે તેનો વીડિયો જાહેર કરાવે છે. શું આ એક પ્રધાનમંત્રીને શોભે છે?અરવિંદ કેજરીવાલે આગળ કહ્યું કે સીજેપીના આંદોલનનું સૌથી મોટું યોગદાન એ રહ્યું કે પ્રધાનમંત્રીજીએ સમગ્ર દેશમાં બધાને જે ડરાવી રાખ્યા હતા, તે ડર લોકોના મનમાંથી નીકળી ગયો. પહેલા કોઈ કંઈ બોલતું હતું તો તેની પાછળ ટ્રોલ છોડી દેતા હતા, ગંદી-ગંદી ગાળો અને ધમકીઓ આપતા હતા, એફઆઈઆર કરતા હતા અને ધરપકડ કરાવતા હતા. આ આંદોલન પછી લોકોએ ખુલ્લેઆમ મોદીજી વિરુદ્ધ વાત કરી. હવે મોદીજી ફરીથી એ ડર કાયમ કરવા માંગે છે, પરંતુ હવે લોકો ડરવાના નથી. મોદીજીએ એક રુચિકા સિંહને ઝુકાવી તો 10 રુચિકા પેદા થઈ ગઈ. આજે આટલી બધી બાળકીઓ મોદીજી વિરુદ્ધ વીડિયો પોસ્ટ કરી રહી છે, મોદીજી કોને કોને જેલમાં નાખશે, કોના કોના પર એફઆઈઆર કરશે અને કોને કોને ધમકાવીને ઝુકાવશે?અપક્ષ સાંસદ પપ્પુ યાદવ પર હુમલાના પ્રયાસને લઈને અરવિંદ કેજરીવાલે કહ્યું કે હું પ્રધાનમંત્રીજીને પૂછવા માંગું છું કે જ્યારે દાનની ચોરી થઈ, ભગવાન રામના મંદિરમાં આટલું મોટું કૌભાંડ થઈ ગયું, રામચંદ્રજીની પાદુકા, મુગટ અને બધી વસ્તુઓ ચોરી થઈ ગઈ, ત્યારે શું તેમની ભાવનાઓને ઠેસ ન પહોંચી? ચોરો ખુલ્લેઆમ ફરી રહ્યા છે, પરંતુ તેઓ તે ચોરોને પકડીને જેલમાં નહીં નાખે. એ જ રીતે નીતિન નવીનજીના કાર્યક્રમમાં ભગવાન હનુમાનજીને તેમની ગાડીની સામે નચાવવામાં આવી રહ્યા છે, શું તે ભાવનાઓને ઠેસ પહોંચાડનારી વાત નથી? આ કોઈ હિન્દુવાદી લોકો થોડા છે, ભાજપ માત્ર હિન્દુઓના નામે મત એકઠા કરવા અને રાજનીતિ કરનારી પાર્ટી છે.

# જામખંભાળિયામાં જીએસપીએલની કામગીરી વિરુદ્ધ ધરણા પર બેઠેલા ખેડૂતોના સમર્થનમાં આવ્યા પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી

અમદાવાદ : જામખંભાળિયામાં જીએસપીએલની કામગીરી વિરુદ્ધ ધરણા પર બેઠેલા ખેડૂતોના સમર્થનમાં આવીને AAP પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ એક વીડિયોના માધ્યમથી પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે હું આજે જામખંભાળિયાની મુલાકાતે આવ્યો છું અને અહીંયા જે ખેડૂતો જીએસપીએલની પાઈપલાઈનની કામગીરીના વિરોધમાં અનશન અને ધરણા પર બેઠા છે, એ ખેડૂતોની મેં મુલાકાત લીધી. ખેડૂતોને અહીંયા માત્ર વીઘે સવા લાખનું વળતર આપવામાં આવી રહ્યું છે, ગેસની લાઈન ઓખા સુધી જઈ રહી છે જેના કારણે 32 જેટલા ગામોને અસર થવાની છે. ભાજપે કેટલાક ગામમાં ઠરાવ ન હતા તો સરપંચો ઉપર દબાણ પણ કરાવ્યું છે અને લોકોને ડરાવવાની પણ કોશિશ કરવામાં આવી છે, અધિકારીઓ વાત સાંભળતા નથી અને પોલીસ પ્રોટેક્શન વચ્ચે કામગીરી શરૂ કરવામાં આવી છે. આજ ખેડૂતોએ 2022માં પણ વિરોધ કર્યો હતો જોકે તેને પણ માન્ય રાખવામાં આવી ન હતી. ત્યારે હું ઉર્જા અને પેટ્રોકેમિકલ મંત્રીને જણાવવા માગું છું કે તમે જ્યાં સવા લાખ રૂપિયા વીઘો જમીન આપતા હોય એવી જગ્યાએ અમારે ખેડૂતોએ 1000 વીઘા જમીન જોઈએ છે જો તમારામાં ત્રેવડ હોય તો આપો. અહીંયા 60થી 70 લાખ રૂપિયાનો એક વીઘો બોલાઈ રહ્યો છે અને તમે સરકારી કામના નામે સંપાદન કરીને કામ ચલાવો છો. તમે અહીંયા એક જ વર્ષના ઉપજનું વળતર આપી રહ્યા છો અને સાતબારમાં પાકી એન્ટ્રી પણ કરી લીધી છે, તો આ ખેડૂતો પર અત્યાચાર છે અને ખેડૂત વિરોધી ભાજપની માનસિકતા છતી થઈ ગઈ છે. ખેડૂતો હવે એક થઈ ગયા છે અને ખેડૂતોએ નક્કી કર્યું છે કે જો આ ગેસ પાઈપલાઈનમાં ખેડૂતોને યોગ્ય વળતર નહીં મળે તો આ કામગીરી થવા દેવામાં આવશે નહીં અને આ બાબતમાં અમારો પણ સહયોગ છે. હું અહીંયા કોઈ પોલિટિકલ નેતા તરીકે નહીં પરંતુ ખેડૂતના દીકરા તરીકે આવ્યો છું. ખેડૂતોને જ્યાં પણ જરૂર હશે ત્યાં હું તેમનો સાથ આપીશ. વધુમાં આમ આદમી પાર્ટીના નેતા ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી અને ઊર્જા મંત્રીને હું સવાલ કરવા માગું છું કે આ ખેડૂતોએ તમને ખોબલેને ખોબલે મત આપ્યા છે તો તમે આ એમની સાથે શું કરી રહ્યા છો? આ જ ખેડૂતોએ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકા, ધારાસભ્ય, સાંસદ સભ્યો બધા બનાવીને આપ્યા અને તમે અમને બદલામા આ આપો છો? તમે હાલ હાઈટેન્શન લાઈન બાબતે જે સમિતિ બનાવી છે એ પણ આમાં લાગુ પડે છે. તમે કહો છો કે "ઉર્જા અને પેટ્રો કેમિકલ્સની કામગીરી" તો એ હાઈટેન્શન હોય કે અંડરગ્રાઉન્ડ હોય, તો બજાર કિંમત પ્લસ તમે 200 ટકા કહો છો એ વળતરની પણ અહીંયા વાત થઈ રહી નથી. તો જો વળતર વગર કામગીરી થશે તો અમે ખેડૂતો સાથે ઊભા છીએ અને સરકારને કહેવા માંગીએ છીએ કે ખેડૂતો જાગૃત થઈ ગયા છે તો એમની જાગૃતિની પરીક્ષા ન લેતા. અને જો તમારામાં ત્રેવડ હોય તો તમે તમારા ખેતરોમાં ગેસની પાઈપલાઈન નાખો. ખેડૂતોની મહામૂલી જમીન ઉપર કબજો કરવાનું રહેવા દો. તમે પાક વીમો આપતા નથી, સારો ભાવ આપતા નથી, સારું બિયારણ આપતા નથી, જંતુનાશક દવાઓ નકલી આવી રહી છે, અમારા ખેડૂતો પાસે હવે માત્ર જમીનો રહી ગઈ છે, બીજું કશું રહ્યું નથી અને એના પર તમે બળજબરીપૂર્વક કામ કરી રહ્યા છો, આવું કામ તો અંગ્રેજો પણ કરતા ન હતા. એવું ન થાય કે તમે આ કામગીરી બંધ ન કરી તો આખા ગુજરાતના 54 લાખ ખેડૂતો ગાંધીનગરમાં એક થશે. સરકારી કે પ્રાઈવેટ કામ માટે ચાહે કોઈ હાઈ ટેન્શન લાઈન હોય કે અંડરગ્રાઉન્ડ કોઈ લાઈન હોય, એમાં યોગ્ય વળતરની એક નીતિ નક્કી કર્યા પછી ખેડૂતોના ખેતરમાં ઘૂસો, એવી મારી વિનંતી છે. હું તંત્રને પણ અપીલ કરું છું કે સરકારના કહેવાથી તમે ખેડૂતો સાથે બળજબરી ન કરતા નહિતર તમારા પર પણ ભવિષ્યમાં પગલાં લેવાશે.

# ભાજપમાં રહીને આદિવાસીઓનું ભલું તમારાથી નહીં થાય, મનસુખ વસાવા ચૈતર વસાવા બનવાની કોશિશ કરો : મનોજ સોરઠીયા

અમદાવાદ |આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ એક રસપ્રદ બાબત સામે લાવતા જણાવ્યું હતું કે, નર્મદામાં વન વિભાગના કર્મચારીઓની દાદાગીરી અને ઉદ્ધત વર્તન ખુલ્લું પડી ગયું છે. ભાજપના જ સાંસદ મનસુખ વસાવા સાથેની વાતચીત દરમિયાન વનકર્મીઓએ જે ગાળાગાળી કરી છે, તે એ વાતની સાબિતી છે કે તેમની હિંમત કેટલી વધી ગઈ છે. આ ઘટના પરથી ચોક્કસ સાબિત થાય છે કે આદિવાસી વિસ્તારોમાં આ વનકર્મીઓનું સામાન્ય જનતા સાથેનું વર્તન કેટલું ખરાબ અને દાદાગીરી ભર્યું હશે. ધારાસભ્ય ચૈતર વસાવાએ આદિવાસીઓના હિત માટે વન વિભાગ અને વનકર્મીઓ સામે અનેક લડાઈઓ લડી છે. આ ઘટનાથી એ વાત સ્પષ્ટ થાય છે કે ચૈતર વસાવા સંપૂર્ણ સાચા હતા અને તેમના પર કરવામાં આવેલા કેસ તદ્દન ખોટા છે. વિપક્ષ તરીકે પ્રજાનો અવાજ ઉઠાવવા બદલ સરકારે તેમને જેલમાં પૂર્યા છે. 'આપ' નેતા મનોજ સોરઠીયાએ વધુમાં ઉમેર્યું હતું કે આ લડાઈ માત્ર ભાજપ સામે જ નહીં, પરંતુ ભાજપની આદિવાસી વિરોધી માનસિકતા સામેની છે. તેમણે ભાજપના સાંસદ મનસુખ વસાવાને પણ વિનંતી કરતા જણાવ્યું હતું કે જો તેમણે આવી રીતે વનકર્મીઓની ગાળો ન ખાવી હોય તો ભારતીય જનતા પાર્ટી છોડીને આદિવાસીઓના સમર્થનમાં લડાઈ લડે. તેમણે મનસુખ વસાવાને ચૈતર વસાવા બનવાની કોશિશ કરવાની સલાહ આપતા કહ્યું કે, ભાજપમાં રહીને ક્યારેય આદિવાસીઓનું ભલું થવાનું નથી તે વાત ચોક્કસ છે.

### કોંગ્રેસ ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી લડવાનો પ્રોગ્રામ કેન્સલ રાખે : યોગેશ જાદવાણી AAP

# ગુજરાતની જનતા કોંગ્રેસને મત આપીને પોતાનો કિંમતી મત ન વેડફે : યોગેશ જાદવાણી AAP

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રવક્તા યોગેશ જાદવાણીએ વડોદરા માંજલપુર વિધાનસભા પેટાચૂંટણીના પરિણામો બાદ કોંગ્રેસ પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, માંજલપુર વિધાનસભા ચૂંટણીમાં ફરી એકવાર હારવા બદલ તેઓ કોંગ્રેસના તમામ મિત્રોને હારની ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવે છે. તેમણે ઉમેર્યું કે કોંગ્રેસના નેતાઓ સતત હાર સહન કરી કરીને મજબૂત બની ગયા છે અને તેઓ માત્ર હારવા માટે જ ચૂંટણી લડે છે, તેથી તેમને હારનું દુઃખ સહન કરવાની શક્તિ આપવાની પ્રાર્થના કરવાની પણ જરૂર નથી. કોઈપણ ચૂંટણી કે આંદોલનમાં પોતાની નિષ્ફળતા અને પાપ છુપાવવા માટે કોંગ્રેસ હંમેશાં અન્ય પર દોષનો ટોપલો ઢોળતી આવી છે. ભૂતકાળનો ઈતિહાસ જોઈએ તો, ૨૦૦૮માં ભાજપના અસંતુષ્ટોના નામે, ૨૦૧૨માં કેશુબાપા અને GPPના નામે, ૨૦૧૭માં પાટીદાર અને OBC/SC/ST આંદોલનોના નામે અને ૨૦૨૨ની વિધાનસભા તેમજ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં આમ આદમી પાર્ટી (AAP) પર દોષ ઢોળીને કોંગ્રેસ પોતાની હાર છુપાવતી રહી છે. સ્થાનિક સ્વરાજની કુલ ૧૦,૦૦૦ સીટોમાંથી AAP માત્ર ૫,૦૦૦ સીટો પર લડી હતી, છતાં બાકીની ૫,૦૦૦ સીટો પર પણ કોંગ્રેસ કોઈ ઐતિહાસિક વિજય મેળવી શકી નહોતી. વિસાવદર પેટાચૂંટણીમાં ગઠબંધન હોવા છતાં કોંગ્રેસે પોતાનો ઉમેદવાર ઉતારીને ભાજપને મદદ કરી હતી, જ્યારે ઉમરેઠ કે માંજલપુર જેવી ચૂંટણીઓમાં AAP ઉમેદવાર ન હોવા છતાં કોંગ્રેસનો પરાજય થયો છે.'આપ' પ્રવક્તા યોગેશ જાદવાણીએ વધુમાં આક્ષેપ કર્યો કે કોંગ્રેસ છેલ્લા ૩૬ વર્ષથી વિરોધપક્ષનો હોદ્દો ભોગવીને ભાજપના ભાડાપટ્ટે ચાલે છે અને વિરોધી મતો મેળવીને ભાજપને જ જીતાડવાનું કામ કરે છે. ખેડૂતોની ટ્રેક્ટર રેલીમાં પણ કોંગ્રેસે પોતાના સ્વાર્થ માટે સભા યોજી હતી, પરંતુ ખેડૂતો ન જતા તેનો દોષ પણ સોશિયલ મીડિયામાં AAP પર ઢોળવામાં આવ્યો હતો. તેમણે કોંગ્રેસના નેતાઓને વિનંતી કરતા હાથ જોડીને અપીલ કરી કે તેઓ ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી લડવાનો પ્રોગ્રામ કેન્સલ રાખે, કારણ કે ભાજપ સામે લડવાની નીતિ, રીતિ અને પ્રામાણિકતા AAP પાસે છે અને તેઓ ભાજપને હરાવવાની ક્ષમતા ધરાવે છે. તેમણે ગુજરાતની જનતાને પણ અપીલ કરી કે છેલ્લા ૩૦ વર્ષથી ભાજપને હરાવવામાં અસમર્થ રહેલી કોંગ્રેસને મત આપીને પોતાનો મત ન વેડફે. કોંગ્રેસ ભાજપ સાથે ટેન્ડરો અને ભાગીદારીઓ રાખીને ગુજરાતને બરબાદ કરવામાં ભાગીદાર રહી છે, તેથી હવે ગુજરાતની જનતા AAPને એક તક આપે જેથી ભાજપના તાનાશાહી શાસનમાંથી મુક્તિ મેળવી શકાય.

# ઉદ્ઘાટન પ્રસંગે કેમ્પમાં ઈસુદાન ગઢવી સહિત મોટી સંખ્યામાં લોકોએ રક્તદાન કર્યું

### જામ ખંભાળિયા સિવિલ હોસ્પિટલ સામે 'પ્રાર્થના ફાઉન્ડેશન'ના નવ-વિસ્તૃત કાર્યાલયનું ઉદ્ઘાટન : ઈસુદાન ગઢવી



અમદાવાદ |આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, આજે જામ ખંભાળિયામાં સમાજ સેવા માટે ચાલતા 'પ્રાર્થના ફાઉન્ડેશન'નું ખંભાળિયા સિવિલ હોસ્પિટલની સામે કાર્યાલયનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. આ પ્રાર્થના ફાઉન્ડેશન દ્વારા ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓને લોહી, તબીબી સાધનો, પલંગ (બેડ-ખાટલા) કે વ્હીલચેરની જરૂર હોય, તે તમામ દ્વારકાવાસીઓને પૂરા પાડવામાં આવશે. તમામ લોકો અહીંયા મુલાકાત લઈ શકે છે અને જ્યાં જરૂર પડે ત્યાં આ પ્રાર્થના ફાઉન્ડેશન મદદ માટે સાથે રહેશે. આ કાર્યમાં આખો દ્વારકા જિલ્લો જોડાયો છે તેનો મને ગર્વ છે. આજે ખંભાળિયામાંથી વિવિધ સમાજના અગ્રણીઓ, વડીલો અને સંતો-મહંતોએ પણ આ કાર્યને બિરદાવીને પોતાનો સહયોગ આપ્યો છે. ઈસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યુ હતુ કે આ સંસ્થામાં ડોક્ટરની એપોઈન્ટમેન્ટથી માંડીને ડોક્ટરને ભલામણ કરવા સુધીની જવાબદારી નિભાવવામાં આવશે. માત્ર ખંભાળિયામાં જ નહીં, પરંતુ જામનગર કે અમદાવાદ સુધી પણ જો દર્દીઓને કામ હશે તો આ પ્રાર્થના ફાઉન્ડેશન તરફથી મદદ કરવામાં આવશે. દર્દીઓ માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ હોય કે જામનગરની જી.જી. હોસ્પિટલ હોય, જે પણ હોસ્પિટલોમાં મદદની જરૂર પડશે ત્યાં અહીંથી ભલામણ કરીને સેવા આપવાનું કામ થશે. આ પ્રસંગે જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર લોહી મળી રહે તે માટે એક રક્તદાન શિબિરનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

# News Brief

## 'ભાજપ તારા વળતા પાણી' ફિલ્મનું ટ્રેલર લોન્ચ થઈ ચૂક્યું છે : ગોપાલ ઈટાલિયા

અમદાવાદ | આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ ભાજપ પર પ્રહારો કરતા જણાવ્યું હતું કે, બિહારમાં બાંકીપુર સીટના પરિણામ સાથે 'ભાજપ તારા વળતા પાણી' ફિલ્મનું ટ્રેલર લોન્ચ થઈ ચૂક્યું છે અને આવનારા દિવસોમાં આખું પિક્ચર દેશની જનતા સમક્ષ આવવાનું છે. ૧૯૯૫થી લઈને ૨૦૨૬ સુધી સતત દોઢ-દોઢ લાખ મતોની મોટી સરસાઈથી ભાજપ જે બિહારની બાંકીપુર સીટ જીતતું આવ્યું હતું, તે સીટ પર અત્યારે વિસાવદર જેવો માહોલ સર્જાયો છે. ક્રાંતિના મહિના ગણાતા ઓગસ્ટ મહિનામાં, વિશ્વની કહેવાતી સૌથી મોટી અને ટેન્ડર-બેઝ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ (જેઓ આ સીટ પરથી છેલ્લા ૨૦ વર્ષથી ધારાસભ્ય રહ્યા હતા અને રાજ્યસભાના સાંસદ બનતા સીટ ખાલી પડી હતી), તેમની એ ખાલી પડેલી સીટ પર આખી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના મંત્રીઓ, સંત્રીઓ અને તંત્રીઓએ પૂરી તાકાત લગાવી દીધી હતી. છતાં પણ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષના ગઢમાં બિહારની જનતાએ ભાજપને હરાવી દીધું છે, જે બદલ તેમણે દેશવાસીઓને શુભેચ્છા પાઠવી હતી. તેમણે ઉમેર્યું કે કેન્દ્રમાં મંત્રીઓના રાજીનામા અને બિહારની સીટ પર ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની હાર દર્શાવે છે કે સત્તાનું અભિમાન કોઈનું ટક્યું નથી અને ટકશે નહીં. તેમણે બિહારની પેટાચૂંટણી જીતવા બદલ પ્રશાંત કિશોરને પણ અભિનંદન આપ્યા હતા.ગોપાલ ઈટાલિયાએ વધુમાં કટાક્ષ કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાનના આદેશ બાદ ભાજપના નેતાઓ અને મંત્રીઓ કાગળમાંથી જોઈ-જોઈને કેમેરા સામે સેલ્ફી વિડિયો બનાવી રહ્યા છે, પરંતુ આમ આદમી પાર્ટીના નેતાઓ કોઈ વાંચ્યા વિના દિલથી, આત્મવિશ્વાસથી અને સચ્ચાઈ સાથે જનતા સમક્ષ પોતાની વાત મૂકે છે. ભાજપના નેતાઓ ગમે તેટલા વિડિયો બનાવીને પોતાની નિષ્ફળતાઓ કે પેપર લીકની ઘટનાઓ છુપાવવાની કોશિશ કરે, પરંતુ જનતા હવે બધું સમજી ગઈ છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે બિહારથી બહુ સારા સમાચાર આવ્યા છે અને આવી જ રીતે હવે ગુજરાતની અંદર પણ જનજાગૃતિ આવે, ખેડૂતો અને સામાન્ય જનતા જાગૃત થાય. જે રીતે બિહારની જનતાએ ૨૦ વર્ષથી જીતતા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષને ધૂળ ચાટતા કરી દીધા છે, તેવી જ રીતે હવે ગુજરાતમાં પણ ભાજપના ભુક્કા નીકળી જવામાં વાર લાગે તેમ નથી.



## જામનગર શહેર-જિલ્લામાં જુગારધામો પર પોલીસના 4 દરોડા : પાંચ મહિલાઓ સહિત 30 જુગારીઓ ઝડપાયા

જામનગર | જામનગર શહેર અને જિલ્લામાં જુગારની પ્રવૃત્તિઓ સામે પોલીસની ઝુંબેશ વધુ તેજ બનતી જઈ રહી છે. છેલ્લા એક જ દિવસમાં શહેર અને જિલ્લાના ચાર અલગ-અલગ સ્થળોએ પોલીસ દ્વારા દરોડા પાડીને ૨૫ પુરુષ અને પાંચ મહિલાઓ સહિત કુલ 30 જુગારીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા. ચારેય કાર્યવાહીમાં પોલીસે કુલ રૂ.97,020ની રોકડ, ગંજીપત્તાના 156 પાના તેમજ ઘોડીપાસાના બે પાસા કબજે કરી તમામ સામે જુગારધારા કલમ 12 હેઠળ ગુના નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જામજોધપુર પોલીસ સ્ટેશનના સ્ટાફે ગીંગણી ગામે પેટ્રોલ પંપ નજીક પીપળાના ઝાડ નીચે જાહેરમાં ચાલતા તીનપત્તી (રોન પોલીસ) જુગાર પર દરોડો પાડી વલભભાઈ સવજીભાઈ સાપરીયા, નિલેશભાઈ પ્રવીણભાઈ ડાભી, ગોવિંદભાઈ મગનભાઈ ડોડવાડિયા, ભુપતભાઈ ગોવિંદભાઈ ડાભી, અશ્વિનગીરી દોલતગીરી ગોસાઈ અને રાજનભાઈ મેઘજીભાઈ વાંરસકિયાને ઝડપી પાડ્યા હતા. સ્થળ પરથી રૂ.13,780ની રોકડ અને ગંજીપત્તાના પાના કબજે કરવામાં આવ્યા હતા. વરિષ્ઠ નાગરિક આરોપીને બી.એન.એસ.એસ. કલમ 35(3) મુજબ નોટિસ આપવામાં આવી હતી, જ્યારે અન્ય આરોપીઓની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરાઈ છે. જામનગર શહેરના પંચકોશી એ ડિવિઝન પોલીસ સ્ટેશને હાપા યોગેશ્વરધામ વિસ્તારમાં જાહેરમાં તીનપત્તી (રોન પોલીસ) જુગાર રમાતો હોવાની બાતમીના આધારે દરોડો પાડી નવ જુગારીઓને ઝડપી પાડ્યા હતા.

## જામનગરના ધારારનગરમાં સગીરા પર દુષ્કર્મનો આરોપ : સગીર શખ્સ વિરુદ્ધ પોક્સો હેઠળ ગુનો નોંધાયો

જામનગર | જામનગરમાં 14 વર્ષની સગીરા પર દુષ્કર્મ આચરવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ધારારનગર વિસ્તારમાં રહેતા એક સગીર આરોપીએ સગીરા પર વારંવાર દુષ્કર્મ ગુજાર્યું હતું. સગીરાની માતાએ સિટી બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવતા, પોલીસે પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીની શોધખોળ શરૂ કરી છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.
સગીરાની માતાની ફરિયાદના આધારે સિટી બી ડિવિઝન પોલીસે એક સગીર આરોપી સામે પોક્સો સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર, ધારારનગર વિસ્તારમાં રહેતી સગીરા પર તે જ વિસ્તારમાં રહેતા એક સગીર શખ્સ દ્વારા અવારનવાર દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. સમગ્ર ઘટનાની જાણ સગીરાએ પોતાની માતાને કરતાં માતાએ સિટી બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે પોક્સો કાયદા સહિતની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી આરોપી સગીરની શોધખોળ શરૂ કરી છે. સાથે જ પીડિતાનું નિવેદન સહિતની જરૂરી કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ઘટના કયા સંજોગોમાં બની અને તેમાં અન્ય કોઈ પાસા સંકળાયેલા છે કે નહીં તે સહિતના તમામ મુદ્દાઓની સિટી બી. ડિવિઝન પોલીસની ટીમ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે,

# બિહારમાં થઈ વિસાવાદરવાળી: મનોજ સોરઠિયા, પ્રદેશ સંગઠન મહામંત્રી, AAP

અમદાવાદ : આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ એક વીડિયોના માધ્યમથી મહત્વપૂર્ણ વાત કરતા જણાવ્યું હતું કે, આજે બિહારમાં પણ વિસાવદરવાળી થઈ છે. બિહારમાં એક વિધાનસભા સીટ પર પેટા ચૂંટણી હતી. આ બાંકીપુર વિધાનસભા સીટ 30 વર્ષથી ભાજપનો ગઢ કહેવાતી હતી, ત્યાં ભારતીય જનતા પાર્ટી હંમેશા ચૂંટાઈને આવતી હતી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નિતીન નવીનની સાથે સાથે બીજા દિગ્ગજ નેતાઓ પણ એ વિધાનસભા બાજુથી આવે છે, ત્યાં ભાજપની હાર થઈ છે. તો આપણા ગુજરાતના લોકો માટે પણ ખૂબ જ ખુશીની બાબત છે કે બિહારની આ પેટા ચૂંટણીમાં પણ વિસાવાદરવાળી થઈ છે. ગુજરાતની વિસાવદર સીટમાં આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઈટાલીયા જીત્યા અને ગુજરાતની રાજનીતિના સમીકરણ બદલાયા હતા અને હવે એવી જ રીતે બિહારમાં ભાજપના ગઢમાં ભાજપ હારી છે.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા મનોજ સોરઠિયાએ જણાવ્યું હતું કે, આ સંકેત છે કે તાનાશાહી લાંબી ન ટકે. તાનાશાહી જે રીતે દેશમાં ફેલાઈ રહી છે એને જોઈને લાગી રહ્યું છે કે લોકોની ધીરજનો બાંધ એક ને એક દિવસ જરૂર તૂટશે અને એની શરૂઆત વિસાવદરથી થઈ હતી અને બિહારમાં પણ આ જ વસ્તુ જોવા મળી છે અને મને ભરોસો છે કે દેશના લોકો હવે જાગી રહ્યા છે. દેશના લોકો હવે ભાજપની તાનાશાહી અને ડરની સામે બોલી રહ્યા છે. જનતામાંથી હવે ડર ધીમે ધીમે ગાયબ થઈ રહ્યો છે. આપણે આભાર માનીએ વિસાવદરની જનતાનો, બિહારની બાંકીપુર વિધાનસભાની જનતાનો અને આપણી GenZ જનરેશનના યુવાનોનો પણ આભાર માનવો જોઈએ, કારણ કે તાનાશાહી સામે આ દેશને ભયમુક્ત કરવાનું કામ ધીરે ધીરે થઈ રહ્યું છે, આ શરૂઆત છે અને આગામી સમયમાં ગુજરાતમાં પણ તાનાશાહી શાસનને ફેંકી દેવાની તૈયારીઓ લોકો કરી રહ્યા છે. જે લોકો આ દેશમાં લોકશાહીના ચાહક છે અને જે લોકો ઈચ્છે છે કે આ દેશમાં લોકશાહી ટકવી જોઈએ એ તમામ લોકોને ખૂબ ખૂબ અભિનંદન.

# AAP સરકારે પંજાબમાં કોઈ શરતો લાદી નથી; જો પરિવારમાં 4 મહિલાઓ હોય તો ચારેયને લાભ મળે છે: અરવિંદ કેજરીવાલ

અમદાવાદ: આમ આદમી પાર્ટી (AAP) ના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે સોમવારે દિલ્હીની ભાજપ સરકાર દ્વારા દિલ્હી લક્ષ્મી યોજના હેઠળ મહિલાઓની સંખ્યા મર્યાદિત કરવા માટે લાદવામાં આવેલી કડક શરતોનો વિરોધ કર્યો હતો. પંજાબની માંવાં-ધીયાં સત્કાર યોજનાની સરખામણી કરતાં તેમણે કહ્યું કે પંજાબમાં AAP સરકારે આવી કોઈ શરતો લાદી નહોતી, જ્યારે રેખા ગુપ્તા સરકારે અરજદારો માટે 10 વર્ષના રહેઠાણની શરત અને સાંસદ અથવા ધારાસભ્યની મંજૂરી ફરજિયાત બનાવી છે.AAP ના રાષ્ટ્રીય સંયોજક કેજરીવાલે જણાવ્યું કે જો BJP સરકારની નીતિ ખરેખર સારી હોત, તો તેમણે કડક શરતો લાદવાને બદલે તમામ પાત્ર મહિલાઓને યોજનાનો લાભ આપ્યો હોત.દિલ્હી લક્ષ્મી યોજના હેઠળની મનસ્વી પાત્રતા શરતો અને સાંસદો અથવા ધારાસભ્યોની મંજૂરીની આવશ્યકતા અંગે પૂછાયેલા પ્રશ્નના જવાબમાં AAPના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે કહ્યું,



'તે બિલકુલ સ્પષ્ટ છે કે તેઓ આ લાભ માત્ર ભાજપ સમર્થકોને આપવા માંગે છે અને અન્ય લોકોને તેનો લાભ મળે તેવું ઈચ્છતા નથી. તેમણે લાદેલી શરતો, જેમાં 10 વર્ષનું રહેઠાણ અને સાંસદ અથવા ધારાસભ્યની મંજૂરીની આવશ્યકતાનો સમાવેશ થાય છે, તે દર્શાવે છે કે તેમનો ઈરાદો લાભ આપવાનો નથી પરંતુ માત્ર રાજકારણ રમવાનો છે.'કેજરીવાલે વધુમાં કહ્યું કે, 'તેમણે જેટલી બધી શરતો લાદી છે, તેના કારણે દિલ્હીની 10% મહિલાઓ પણ આ યોજનાનો લાભ લઈ શકશે નહીં. પંજાબમાં અમે આવી કોઈ શરતો લાદી નહોતી. જો પરિવારમાં 4 મહિલાઓ હોય તો ચારેયને લાભ મળે છે. અમે અમીર અને ગરીબ વચ્ચે અથવા જાતિના આધારે કોઈ ભેદભાવ કર્યો નથી. જેમ અમે સ્પષ્ટ અને પ્રામાણિક ઈરાદા સાથે પંજાબમાં દરેકને લાભ આપી રહ્યા છીએ, તેમ જો તેમની નીતિ ખરેખર સારી હોય તો તેમણે દિલ્હીમાં પણ એવું જ કરવું જોઈએ.

# જામનગર મહાનગરપાલિકા વધુ 25 AC સીટી બસો મળી

જામનગર | જામનગર શહેરમાં પ્રધાનમંત્રી ઈ-બસ યોજના હેઠળ શરૂ કરાયેલી એરકન્ડીશન્ડ સીટી બસ સેવાનો હવે વધુ વિસ્તાર થવા જઈ રહ્યો છે. કેન્દ્ર સરકાર તરફથી જામનગર મહાનગરપાલિકાને વધુ 25 ઈ-બસો ફાળવવામાં આવતા હવે શહેરમાં કુલ 50 એરકન્ડીશન્ડ ઈ-સીટી બસો ઉપલબ્ધ બની છે. આ નવી બસોનું ટૂંક સમયમાં લોકાર્પણ કરવામાં આવશે.
ગત 16 જૂનથી 25 ઈ-બસો પાંચ રૂટ પર દોડી રહી છે. હવે વધુ 25 બસો મળતાં શહેરમાં નવા સાત રૂટ ઉમેરવાની તૈયારી હાથ ધરાઈ છે. નવા રૂટ દ્વારા શહેરથી 10થી 15 કિલોમીટરના અંતરે આવેલા ધુંવાવ, અલીયાબાડા, નાઘેડી, લાખાબાવળ, દરેડ, મસીતીયા, કનસુમરા અને દડીયા જેવા ગામોને સીધી બસ સેવા સાથે જોડવામાં આવશે.
મહાનગરપાલિકાએ શહેરમાં નિર્ધારિત 222 બસ સ્ટોપ પૈકી 110 સ્થળોએ રૂટની માહિતી દર્શાવતા આધુનિક પાટિયાં લગાવવાની કામગીરી પૂર્ણ કરી છે, જ્યારે બાકીના સ્થળોએ પણ કામગીરી ઝડપથી ચાલી રહી છે.

# નર્મદા કોર્ટની સજા સામે સ્ટે લેવા ચૈતર વસાવા હાઈકોર્ટના શરણે : 5 ઓગસ્ટે જામીન અરજી ઉપર સુનાવણી, ફોરેસ્ટ ઓફિસરને મારવાનો અને ફાયરિંગ કેસ

અમદાવાદ | ધારાસભ્ય ચૈતર વસાવાને ફોરેસ્ટ ઓફિસર પર હુમલો અને હવામાં ફાયરિંગ કરવાના કેસમાં નર્મદા જિલ્લા કોર્ટે 7 વર્ષની કેદની સજા ફટકારી હતી. જેમાં નર્મદા કોર્ટના હુકમ સામે સ્ટે લેવા MLA ચૈતર વસાવા હાઈકોર્ટના શરણે ગયા છે. ચૈતરની જામીન અરજી પર 5 ઓગસ્ટે હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવશે.
નર્મદાના ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા, તેમના પત્ની શકુંતલા વસાવા સહિતના આરોપીઓ સામે નર્મદા પોલીસે જમીન બાબતે ફોરેસ્ટ વિભાગના ઓફિસરને ઘરે બોલાવીને માર મારવા, ધમકાવવા અને હવામાં ગોળીબાર સંદર્ભે IPCની કલમ 143, 14,1 149, 186, 294, 353, 386 અને આર્મ્સ એક્ટની કલમ 25 વગેરે મુજબ ગુન્હો નોંધ્યો હતો. નર્મદાની કોર્ટે આ કેસમાં ચુકાદો આપતા ધારાસભ્ય ચૈતર વસાવા અને તેમના પત્ની શકુંતલા વસાવા સહિત કુલ 9 આરોપીઓને 7 વર્ષની કેદની સજા ફટકારી હતી. ઉપરોક્ત દોષિત ઠરેલા આરોપીઓ



પૈકી ધારાસભ્ય ચૈતર વસાવાએ ગુજરાત હાઈકોર્ટમાં અપીલ, જામીન અને નર્મદા કોર્ટના હુકમ ઉપર સ્ટે માંગતી અરજી દાખલ કરી છે. જે સંદર્ભે ગુજરાત હાઈકોર્ટમાં 5 ઓગસ્ટે સુનવણી યોજાશે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ હાઈકોર્ટે શકુંતલા વસાવા સહિત 5 આરોપીની જામીન અરજી મંજૂર કરી હતી. કોર્ટે નોંધ્યું હતું કે, આ ઘટનામાં તેઓ મુખ્ય આરોપી નહોતા કે તેઓએ કોઈને ઈજા પહોંચાડી નથી.
અગાઉ આ જ કેસમાં નર્મદા કોર્ટના ચુકાદા પહેલાની જામીન અરજીઓમાં રજૂઆત કરાઈ હતી કે જંગલમાં કેટલીક જગ્યા ખાલી હતી. જ્યાં ગામડામાં રહેતા લોકોએ કપાસ વાવ્યું હતું. જંગલના અધિકારીઓએ તે જગ્યાને ખાલી કરાવી સામાન ખુલ્લા બજારમાં વેચી માર્યો હતો. આથી ગામડાના લોકોએ વળતરની માગ સાથે ચૈતર વસાવાનો સંપર્ક કર્યો હતો. જેથી ચૈતર વસાવાએ જંગલના અધિકારીઓ સાથે મિટિંગ રાખી હતી. જેમાં જંગલના અધિકારીઓ વળતર આપવા સંમત થતા વિવાદનો અંત આવ્યો હતો. પરંતુ બાદમાં વનવિભાગના ઉચ્ચ અધિકારીના કહેવાથી પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.
ધારાસભ્ય ચૈતર વસાવાએ વન વિભાગના અધિકારીઓને ધમકી આપીને 60 હજારનું વળતર માગ્યું હતું. ધારાસભ્યે હાથપગ તોડવાની ધમકી આપીને, ગાળો આપી હતી. તેમજ ચૈતર વસાવાએ પોતાના બની રહેલા ઘરમાંથી એક વ્યક્તિને રિવોલ્વર લાવવા કહ્યું હતું.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

ફાયર સ્ટંટ કરવા જતા યુવાન દાઝી જતા ભાગદોડ, ન્યાય મંદિરથી ખંડેરાવ માર્કેટ તરફ જતી હતી યાત્રા

# વડોદરામાં દશામા યાત્રા દરમિયાન જાહેર માર્ગ પર સ્ટંટ

(એજન્સી) વડોદરા । તા. 03

સંસ્કારી નગરી તરીકે જાણીતા વડોદરા શહેરમાં આગામી તારીખ તેર ઓગસ્ટના રોજથી પવિત્ર દશામાના વ્રતનો પ્રારંભ થવાનો છે, તે પૂર્વે ઠેર-ઠેરથી દશામાની મૂર્તિઓની સ્થાપના માટે ભવ્ય આગમન યાત્રાઓ કાઢવામાં આવી રહી છે, જેને કારણે આખા શહેરમાં શ્રદ્ધા અને ભક્તિનો માહોલ જોવા મળી રહ્યો છે. આ જ શ્રદ્ધા અને ઉમંગ વચ્ચે સોમવારે વડોદરા શહેરમાં એક અત્યંત ચોંકાવનારી અને દુર્ઘટનાગ્રસ્ત ઘટના સામે આવી છે, જ્યાં એક આગમન યાત્રા દરમિયાન કેટલાક યુવાનો દ્વારા જાહેર રસ્તા પર બેફામપણે ફાયર સ્ટંટ કરવામાં આવી રહ્યા હતા અને તે જ વેળાએ એક યુવાન ગંભીર રીતે દાઝી જવાથી યાત્રામાં ભારે ભાગદોડ મચી ગઈ હતી.

મીડિયા અહેવાલ મુજબ, દશામાની આ ભક્તિસભર આગમન યાત્રા ન્યાય મંદિર વિસ્તારથી નીકળીને ખંડેરાવ માર્કેટ તરફ આગળ વધી રહી હતી. યાત્રામાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને યુવાનો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન યાત્રામાં સામેલ કેટલાક યુવાનો દ્વારા રસ્તા વચ્ચે જ જોખમી ફાયર સ્ટંટ પ્રદર્શિત કરવામાં આવી રહ્યા હતા. તે જ ક્ષણે, સ્ટંટ કરી રહેલા યુવાનો પૈકીનો એક યુવાન



અચાનક આગની પ્રચંડ લપેટમાં આવી ગયો હતો. યુવાન અગ્નિની ચપેટમાં આવતાની સાથે જ તેની આસપાસ ચાલી રહેલા લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો અને ક્ષણભરમાં જ યાત્રામાં નાસભાગ તથા ભારે ભાગદોડ મચી ગઈ હતી.

## લોકોની સમયસૂચકતા અને બચાવ કામગીરી

આ અકસ્માત સર્જાતાની સાથે જ આગમાં લપેટાયેલા યુવાને પોતાની જાતે જ આગ ઓલવવાનો ગભરાટમાં પ્રયાસ કર્યો હતો. જો કે, સ્થિતિની ગંભીરતા પારખીને યાત્રામાં તેની સાથે ચાલી રહેલા અન્ય સાથીદારો અને આસપાસના રસ્તા પર ઉપસ્થિત જાગૃત નાગરિકો તાત્કાલિક તેની મદદે દોડી આવ્યા હતા. લોકોએ અદ્ભુત સમજદારી અને સમયસૂચકતા વાપરીને ત્વરિત પગલાં લીધા હતા અને ભારે જહેમત બાદ યુવાનના શરીર પર લાગેલી આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો હતો, જેના કારણે એક મોટો જાનહાનીનો બનાવ અટકી ગયો હતો.

## ધાર્મિક ઉત્સવમાં સુરક્ષા અને જોખમી સ્ટંટ સામે સવાલો

આ ઘટના બાદ ધાર્મિક યાત્રાઓમાં થતા આવા જોખમી અને જોખમભર્યા સ્ટન્ટ્સ સામે ભારે લોકચર્ચા શરૂ થઈ ગઈ છે. તંત્ર અને પોલીસ પ્રશાસન દ્વારા અગાઉથી જ કડક સૂચનાઓ આપવામાં આવતી હોવા છતાં કેટલાક યુવાનો ઉત્સાહમાં આવીને જાહેર માર્ગો પર આ પ્રકારે જીવનું જોખમ ઊભું કરે તેવા સ્ટંટ કરતા હોય છે, જે સુરક્ષા માટે ગંભીર જોખમ સાબિત થાય છે. ઈજાગ્રસ્ત યુવાનને તાત્કાલિક ધોરણે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે, જ્યાં તેની કટોકટીની સારવાર ચાલી રહી છે. આ બનાવથી ભક્તિના માહોલમાં એક ક્ષણ માટે શોક અને ચિંતાનું મોજું ફરી વળ્યું હતું.

## સુરતના પાંડેસરામાં એક્સપાયર્ડ કઠોળનું વિતરણ, મુખ્યમંત્રી માતૃશક્તિ યોજનામાં તંત્રની બેદરકારી



સુરત | સુરત શહેરના પાંડેસરા વિસ્તારમાં સરકારી વહીવટી તંત્રની ગંભીર બેદરકારી સામે આવતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે. રાજ્ય સરકાર દ્વારા સગર્ભા અને ધાત્રી માતાઓના પોષણ માટે ચલાવવામાં આવતી મહત્વપૂર્ણ 'મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના' અંતર્ગત આંગણવાડી કેન્દ્રો મારફતે વિતરણ કરવામાં આવનાર કઠોળનો જથ્થો એક્સપાયરી ડેટ પૂરી થઈ ગયેલો હોવાનું બહાર આવ્યું છે. આ ગંભીર લાપરવાહીના કારણે માતાઓ અને નવજાત બાળકોના આરોગ્ય સામે મોટું જોખમ ઊભું થયું છે, જેને લઈને સ્થાનિક સ્તરે ભારે રોષ જોવા મળી રહ્યો છે. પાંડેસરા વિસ્તારની પચ્ચીસથી વધુ આંગણવાડીઓમાં ભેરુ ભવાની માર્કેટિંગ યુનિટ દ્વારા તુવેર દાળ અને ચણા સહિતનો રાશન જથ્થો સપ્લાય કરવામાં આવે છે. આંગણવાડીની કાર્યકર બહેનોએ સમયસર માલની ચકાસણી કરતા પેકેટો પર છપાયેલી એક્સપાયરી તારીખ પહેલેથી જ પૂર્ણ થઈ ચૂકી હોવાનું માલૂમ પડ્યું હતું. આ પોષણયુક્ત આહાર સગર્ભાઓને આપવાને બદલે ખરાબ અને બિનઉપયોગી સાબિત થઈ રહ્યો છે, છતાં તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે.



## જેતપુર નજીકથી ભેળસેળયુક્ત દૂધનું ટેન્કર ઝડપાયું

(એજન્સી) જેતપુર । તા. 03

રાજકોટ જિલ્લાના જેતપુર વિસ્તારમાં નાગરિકોના આરોગ્ય સાથે ગંભીર ચેડાં કરતા ભેળસેળિયાઓ વિરુદ્ધ પોલીસ તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. સ્થાનિક એલસીબી અને એસઓજીની ટીમે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને જેતલસર નજીકથી પાંચ હજાર ચારસો લિટર ભેળસેળયુક્ત દૂધ ભરેલું એક શંકાસ્પદ ટેન્કર ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. બજારમાં દૂધ અને તેની બનાવટોમાં ચાલતી ગેરરીતિઓ વચ્ચે આ પ્રકારે મોટા પ્રમાણમાં પકડાયેલા જથ્થાને કારણે વહીવટી વર્તુળોમાં ભારે ચકચાર મચી ગઈ છે. મૂળ બાતમીના આધારે પોલીસે જેતલસર પાસે વોચ ગોઠવીને શંકાસ્પદ હાલતમાં પસાર થતા ટેન્કરને અટકાવીને તેની સઘન તલાશી લીધી હતી. મીડિયા અહેવાલ મુજબ, પ્રાથમિક તપાસમાં આ દૂધ વંથલીના ઝાંપોદર ગામે આવેલી અલખધણી ડેરીમાંથી નીકળીને મૂળી નજીક આવેલી પાંચાળ ડેરી તરફ જઈ રહ્યું હોવાનું સામે આવ્યું છે. ઘટનાસ્થળે પહોંચેલા ફૂડ એન્ડ સેફ્ટી ઓફિસરે તાત્કાલિક ધોરણે દૂધના જરૂરી નમૂનાઓ મેળવીને પ્રાથમિક ચકાસણી કરતા તેમાં ભેળસેળ હોવાની શંકા દ્રઢ થઈ હતી, જેના પગલે સુરક્ષાના ભાગરૂપે આ વિશાળ જથ્થાનો નાશ કરવામાં આવ્યો છે. આ મામલે ટેન્કર ચાલક ભરત મામૈયાભાઈ લોહની અટકાયત કરીને એસઓજીની ટીમ દ્વારા કડક પૂછપરછ શરૂ કરવામાં આવી છે.

## રાજકોટનો કુખ્યાત બુટલેગર યાકુબ મોટાણી ઝડપાયો, પીસીબી દ્વારા ગ્રીન લેન્ડ ચોકડી પાસેથી ધરપકડ

(એજન્સી) રાજકોટ । તા. 03

રાજકોટ શહેરમાં પ્રોહિબિશનના કાયદાને ખુલ્લેઆમ પડકારનાર અને લાંબા સમયથી પોલીસને થાપ આપી રહેલો કુખ્યાત બુટલેગર યાકુબ મુસા મોટાણી આખરે પોલીસના સકંજામાં આવી ગયો છે. પીસીબીની



ટીમે બાતમીના આધારે ગ્રીન લેન્ડ ચોકડી પાસેથી આ કુખ્યાત શખ્સને ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. પ્રાપ્ત માહિતી મુજબ, આ આરોપી સામે વર્ષ બે હજાર આઠથી અત્યાર સુધીમાં જુદા જુદા પોલીસ મથકોમાં પેસઠ જેટલા ગંભીર ગુનાઓ નોંધાયેલા છે, જે તેના ગુનાહિત ઈતિહાસની ગંભીરતા દર્શાવે છે.

અગાઉ ત્રણ-ત્રણ વખત પાસાની હવા ખાઈ ચૂકેલા આ બુટલેગર પર કાયદાનો કોઈ જ ભય ન હોય તેમ તેણે દમણ અને સેલવાસને પોતાનું મુખ્ય કેન્દ્ર બનાવીને રાજકોટ સહિતના અન્ય શહેરોમાં અંગ્રેજી દારૂનું નેટવર્ક ધમધમાવવાનું ચાલુ રાખ્યું હતું. હાલમાં તે રાજકોટ શહેરના છ અને વલસાડ રૂરલના એક મળીને કુલ સાત ગંભીર ગુનાઓમાં વોન્ટેડ ચાલતો હતો. મીડિયા અહેવાલ મુજબ, તે છેલ્લા કેટલાક સમયથી સેલવાસથી કોસ્મેટિક્સ આઈટમો અને અન્ય ચીજવસ્તુઓની આડમાં પાર્સલો બનાવીને તેની અંદર ગુપ્ત રીતે દારૂની હેરાફેરી કરતો હતો, જેની માહિતી મળતાં જ પોલીસ સતર્ક થઈ ગઈ હતી. ભક્તિનગર સ્ટેશન પ્લોટ વિસ્તારના ઉદ્યોગનગરમાં આવેલા એક ટ્રાન્સપોર્ટના ગોડાઉનમાંથી પોલીસે કોસ્મેટિક્સના ઓઠા હેઠળ મોકલાયેલો અંદાજે એક લાખ તેત્રીસ હજાર રૂપિયાનો વિદેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો.



## રાજકોટમાં વરસાદને કારણે જર્જરિત મકાન ધરાશાયી

(એજન્સી) જેતપુર । તા. 03

રાજકોટ શહેરમાં સતત વરસી રહેલા વરસાદને કારણે જનજીવન પ્રભાવિત થયું છે, ત્યારે ભાવનગર રોડ પર આવેલા રાવણ ચોક નજીક શ્રમજીવી સોસાયટીમાં એક વર્ષો જૂનું અને અત્યંત જોખમી મકાન ધરાશાયી થવાની ગંભીર દુર્ઘટના સામે આવી છે. આ દુર્ઘટનામાં પંચાસ વર્ષીય અજય કુરજીભાઈ બેડલા નામના શ્રમજીવીનું કાટમાળ નીચે દબાઈ જવાથી કરુણ મૃત્યુ નીપજ્યું છે, જેના કારણે મૃતકના પરિવારમાં ભારે શોક અને આક્રંદ છવાઈ ગયો છે.

બેડલા પરિવારનું આ મકાન ખૂબ જ જૂનું અને જર્જરિત હોવાને કારણે અગાઉથી જ જોખમી જાહેર કરવામાં આવ્યું હતું. ચોમાસાની ઋતુ શરૂ થતાં જ પરિવારના અન્ય સભ્યો સલામતીના ભાગરૂપે અન્યત્ર ભાડાના મકાનમાં રહેવા જતા રહ્યા હતા, પરંતુ અજયભાઈ કોઈક કારણસર આ જોખમી મકાન છોડીને ગયા ન હતા અને એકલા જ આ મકાનમાં રહેવાનું ચાલુ રાખ્યું હતું. રાજકોટમાં છેલ્લા બે દિવસથી પડી રહેલા મુશળધાર વરસાદને કારણે મકાનની દીવાલો નબળી પડી ગઈ હતી અને ગઈકાલે રાત્રે અંદાજે સાડા અગિયાર વાગ્યાના સુમારે અચાનક આખું મકાન ધરાશાયી થઈ ગયું હતું. મકાન તૂટી પડવાથી અજયભાઈ કાટમાળ નીચે દબાઈ ગયા હતા અને તેમને માથામાં તથા શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી.

નદીકાંઠે અવરજવર કરતા લોકોમાં હડકંપ

## સુરતમાં તાપી નદી કિનારે મગરો દેખાતા દહેશત, ચંદ્રશેખર આઝાદ બ્રિજ નીચે બે મગર નજરે પડ્યા



સુરત | સુરત શહેરની જીવાદોરી સમાન તાપી નદીમાં પૂર જેવી પરિસ્થિતિ વચ્ચે હવે જળચર પ્રાણીઓની હાજરીથી સ્થાનિક નાગરિકો અને માછીમારોમાં ભારે દહેશત ફેલાઈ ગઈ છે. ઉપરવાસમાંથી સતત છોડવામાં આવી રહેલા ભારે પાણીના પ્રવાહ સાથે નદીમાં બે મોટા પુખ્ત મગર તણાઈને આવ્યા હોવાની ઘટના સામે આવી છે. શહેરના ચંદ્રશેખર આઝાદ બ્રિજ પાસે આવેલા બાપુનગર ટેકરાના વિસ્તારમાં આ મગરો નજરે પડતા નદીકાંઠે અવરજવર કરતા લોકોમાં હડકંપ મચી ગયો છે અને વહીવટી તંત્રની ચિંતામાં પણ વધારો થયો છે. થોડા દિવસ અગાઉ જ અમરોલી અને છાપરાભાઠા વિસ્તારમાં માછીમારીની જાળમાં એક નાનું મગરનું બચ્ચું ફસાઈ ગયું હતું, જેની ઘટના હજુ તાજી જ હતી ત્યાં જ હવે બે મોટા મગરો ખુલ્લેઆમ દેખા દીધા છે. મીડિયા અહેવાલ મુજબ, તાપી નદીમાં માછીમારી કરવા માટે ગયેલા સ્થાનિક નાવિકોએ પોતાની નૌકામાંથી આ બંને મગરોને નજરે જોયા હતા અને તરત જ પોતાના મોબાઈલ ફોનમાં તેનો વીડિયો રેકોર્ડ કર્યો હતો.

પીએમ કુસુમ યોજનાથી બદલાયુ ખેડૂતોનું જીવન

# નર્મદાના ડુંગરાળ પ્રદેશમાં હરિત ક્રાંતિની ભેટ





(એજન્સી) રાજપીપળા । તા. 03

ભારતના સર્વાંગી વિકાસમાં કૃષિ ક્ષેત્રની ભૂમિકા હંમેશાં અત્યંત મહત્વપૂર્ણ રહી છે, પરંતુ દેશના અનેક ડુંગરાળ, જંગલ અને આદિવાસી વિસ્તારોમાં આજે પણ ખેતી મોટા ભાગે વરસાદની અનિશ્ચિતતા, વીજળીના મર્યાદિત પુરવઠા અને મોંઘા ડીઝલ આધારિત સિંચાઈ સાધનો પર નિર્ભર રહેતી હતી. આ ગંભીર પરિણામે ખેડૂતોની આવક મર્યાદિત રહેતી, ઉત્પાદન ક્ષમતા ઘટી જતી અને પરિવારના ગુજરાન માટે મોટા પ્રમાણમાં સ્થળાંતર કરવું પડતું હતું. આવા વિકટ પડકારો વચ્ચે દેશમાં પ્રધાનમંત્રી કિસાન ઊર્જા સુરક્ષા અને ઉત્થાન મહાભિયાન શરૂ કરવામાં આવ્યું, જે ઊર્જા સુરક્ષા, ખેડૂતોની આર્થિક સમૃદ્ધિ, પર્યાવરણ સંરક્ષણ અને આત્મનિર્ભર ગ્રામ વિકાસને એકસાથે સાંકળતી એક રાષ્ટ્રીય પહેલ સાબિત થઈ છે.

આ યોજનાનો સાચો અને પ્રભાવશાળી પ્રદેશ જોવો હોય તો ગુજરાતના નર્મદા જિલ્લામાં નજર કરવી પૂરતી છે, જ્યાં આ પહેલે ખાસ કરીને શૂલપાણેશ્વર અભયારણ્ય અને ઈકો-સેન્સિટિવ વિસ્તારમાં વસતા હજારો આદિવાસી પરિવારોના જીવનમાં અભૂતપૂર્વ પરિવર્તન સર્જ્યું છે. નર્મદા જિલ્લાના કુલ ભૌગોલિક વિસ્તાર પૈકીનો મોટો હિસ્સો ડુંગરાળ અને જંગલોથી ઘેરાયેલો છે. ખાસ કરીને દેડિયાપાડા અને સાગબારા તાલુકામાં વર્ષો સુધી ખેડૂતો માત્ર ચોમાસાની સિઝનમાં વરસાદ પર આધાર રાખીને જ ખેતી કરતા હતા. અહીં વીજળીના નેટવર્કનો અભાવ હોવાને કારણે નવા વીજ પુરવઠા માળખાના વિકાસ પર મર્યાદાઓ હતી અને ડીઝલ પંપનો વધતો ખર્ચ ખેતીને અત્યંત ખર્ચાળ બનાવતો હતો. આ પરિસ્થિતિમાં ઓફ-ગ્રીડ સોલાર પંપ ખેડૂતો માટે જીવન બદલનારી વરદાનરૂપ સુવિધા બની ગયા છે.

ગુજરાત સરકારે આદિવાસી અને જંગલ વિસ્તારના ખેડૂતો માટે વિશેષ સહાયની વ્યવસ્થા કરીને આ યોજનાને વધુ લોકકલ્યાણકારી બનાવી છે. આ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા સાઠ ટકા અને રાજ્ય સરકાર દ્વારા ચાલીસ ટકા સહાય પૂરી પાડવામાં આવતી હોવાથી, આદિવાસી વિસ્તારોમાં લાભાર્થીઓને સો ટકા સહાય મળે છે અને સોલાર પંપ માટે ખેડૂતો પર કોઈ આર્થિક ભારણ રહેતું નથી. પરિણામે નાના અને સીમાંત ખેડૂતો પણ આધુનિક સિંચાઈ વ્યવસ્થા સાથે સરળતાથી જોડાઈ શક્યા છે.

માર્ગ અને મકાન વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે કામ, કેવડિયા તણખલા માર્ગ પર ડાયવર્ઝનનું પુનઃસ્થાપન

# નર્મદામાં ભારે વરસાદ બાદ માર્ગો પુનઃ કાર્યરત

(એજન્સી) રાજપીપળા । તા. 03

નર્મદા જિલ્લામાં તાજેતરમાં પડેલા ભારે વરસાદ બાદ હવે આકાશ ખુલ્લું થયું છે અને વરસાદે સંપૂર્ણપણે વિરામ લીધો છે. અતિશય વરસાદના કારણે જિલ્લાના કેટલાક મહત્વપૂર્ણ માર્ગો પર નિર્માણાધીન બ્રિજની નજીક તૈયાર કરવામાં આવેલા ડાયવર્ઝન પાણીમાં ધોવાઈ જવાથી વાહન વ્યવહારને ભારે અસર પહોંચી હતી અને નાગરિકો અટવાયા હતા. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, વરસાદ બંધ થતાની સાથે જ માર્ગ અને મકાન વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે અસરગ્રસ્ત માર્ગોને પુનઃ કાર્યરત કરવાની કામગીરી પૂરજોશમાં હાથ ધરવામાં આવી છે.

## કેવડિયા તણખલા માર્ગ પર પ્રગતિમાં કામગીરી

મીડિયા અહેવાલ મુજબ, વ્યસ્ત ગણાતા કેવડિયા-તણખલા માર્ગ પર ચેઈનેજ-૧૯ ખાતે આવેલા ડાયવર્ઝનના પુનઃસ્થાપનની મહત્વપૂર્ણ કામગીરી હાલમાં પૂરજોશમાં પ્રગતિમાં છે. વિભાગ દ્વારા જરૂરી આધુનિક મશીનરી અને પૂરતા પ્રમાણમાં માનવબળ સાથે સતત અને સઘન કામગીરી કરવામાં આવી રહી છે, જેથી આ



માર્ગને પણ વહેલી તકે સુરક્ષિત રીતે વાહન વ્યવહાર માટે ખુલ્લો મૂકી શકાય અને નાગરિકોની મુશ્કેલીઓનો અંત આવી શકે.

આ ઉપરાંત, પ્રશાસનની સક્રિયતાને કારણે કેવડિયા-તણખલા માર્ગ પર ચેઈનેજ-૧૨, ચેઈનેજ-૧૩ અને ચેઈનેજ-૨૦ એમ કુલ ત્રણેય સ્થાનો પર આવેલા ડાયવર્ઝનનું સમારકામ અને નવીનીકરણ સમયસર પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. આ ઝડપી કામગીરીના પરિણામે ગઈકાલ સાંજથી જ આ ત્રણેય સ્થળોએ વાહન વ્યવહાર ફરીથી સફળતાપૂર્વક શરૂ કરી દેવામાં આવ્યો છે. હાલમાં આ માર્ગો પર વાહનોની અવરજવર સંપૂર્ણપણે સુચારુ અને સુરક્ષિત રીતે ચાલી રહી છે, જેને લઈને મુસાફરોએ રાહતનો શ્વાસ લીધો છે.

## બાકીના સ્થળો પર ઝડપી મરામત કામગીરી

માર્ગ અને મકાન વિભાગના ઉચ્ચ અધિકારીઓના જણાવ્યા અનુસાર, હજુ પણ જ્યાં-જ્યાં નુકસાન થયું છે તે બાકીના તમામ અસરગ્રસ્ત સ્થળો પર ખૂબ જ ઝડપભેર કામગીરી કરવામાં આવી રહી છે. તંત્રનો મુખ્ય ઉદ્દેશ્ય આગામી સમયમાં જિલ્લાના તમામ માર્ગો પર સામાન્ય વાહન વ્યવહારને રાબેતા મુજબ વહેલી તકે પુનઃસ્થાપિત કરવાનો છે. સરકાર અને સ્થાનિક વહીવટી તંત્રના સંયુક્ત પ્રયાસોથી જનજીવન ફરીથી પાટા પર આવી રહ્યું છે અને લોકોને પડી રહેલી અસુવિધાઓ દૂર કરવા માટે તમામ જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે.

પ્રેમજાળમાં ફસાવી છ માસ સુધી અત્યાચાર ગુજાર્યો

## રાજકોટમાં સગીરા પર દુષ્કર્મ આચરનાર બે ઝડપાયા

(એજન્સી) રાજકોટ । તા. 03

રાજકોટ શહેરમાં માનવતાને શર્મસાર કરતી એક અત્યંત જઘન્ય ઘટના સામે આવી છે, જેમાં માંડાડુંગર વિસ્તારમાં રહેતા વિશાલ નામના યુવકે એક સગીર તરુણીને પોતાની પ્રેમજાળમાં ફસાવીને છેલ્લા છ મહિના સુધી અવારનવાર દુષ્કર્મ આચર્યું હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે. આરોપીની વિકૃત માનસિકતા અ  અટકી ન હતી, પરંતુ તેણે પીડિતાને અન્ય વ્યક્તિ સાથે પણ સંબંધ બાંધવા માટે દબાણ કર્યું હતું અને વિરોધ કરવા પર મારપીટ તથા જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી.

મુખ્ય આરોપી વિશાલે સગીરાને લગ્નની લાલચ આપીને પોતાની સાથે રાખી હતી અને આ સમયગાળા દરમિયાન તેના પર શારીરિક શોષણ ગુજાર્યું હતું. એટલું જ નહીં, આરોપીના કહેવાથી તેના મળતિયા અસ્લમ પઠાણે પણ સગીરા ઘર પર એકલી હોવાનો લાભ લઈને તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું અને કોઈને કહીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. મીડિયા અહેવાલ મુજબ, આ સમગ્ર અત્યાચારથી કંટાળી ગયેલી ભોગ બનનાર સગીરાએ આખરે હિંમત દાખવીને થોડા દિવસો પહેલા પોતાના એક સંબંધીને પોતાની આપવીતી જણાવી હતી. સંબંધી મહિલા દ્વારા તાત્કાલિક ધોરણે થોરાળા પોલીસ સ્ટેશનના પીઆઈ એસ.પી. સોઢાનો સંપર્ક કરવામાં આવ્યો હતો અને સમગ્ર માની હકીકત જણાવવામાં આવી હતી. પોલીસ દ્વારા ત્વરિત કાર્યવાહી કરીને મુખ્ય આરોપી વિશાલ અને તેના સહયોગી અસ્લમ પઠાણ વિરુદ્ધ દુષ્કર્મ, એટ્રોસિટી અથવા સંબંધિત પોક્સો કલમો તેમજ અન્ય કાનૂની જોગવાઈઓ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ઘટના બાદ બંને આરોપીઓ ફરાર થઈ ગયા હોવાથી પોલીસ દ્વારા તેમની સઘન શોધખોળ હાથ ધરવામાં આવી છે અને સગીરાનું કાઉન્સિલિંગ તથા વૈદ્યકીય તપાસની કાર્યવાહી પ્રગતિમાં છે. આ ગંભીર ગુનાને પગલે મહિલા સુરક્ષા અને સગીરાઓની સુરક્ષાને લઈને પોલીસ તંત્ર દ્વારા હવે એન્ટી-ક્રાઈમ પેટ્રોલીંગ અને કડક પગલાં લેવાની દિશામાં કામગીરી વધારવામાં આવી છે.

બાવીસ વર્ષની પીડા હવે જનઆંદોલનમાં પરિવર્તિત થઈ

## ખાડીપૂર સામે સુરતના મગોબ-મીઠી ખીડી વિસ્તારમાં આંદોલન

(એજન્સી) સુરત । તા. 03

સુરત શહેરના મગોબ-મીઠી ખાડી વિસ્તારમાં છેલ્લા બાવીસ વર્ષથી વારંવાર સર્જાતી ખાડીપૂરની વિકટ સમસ્યાથી ત્રસ્ત સ્થાનિક રહીશો હવે આરપારની લડતના મૂડમાં આવી ગયા છે. માત્ર આશ્વાસનોથી કંટાળી ચૂકેલા લોકોએ હવે સમસ્યાના કાયમી ઉકેલ માટે સંગઠિત થઈને જનઆંદોલન છેડવાનો નિર્ણય કર્યો છે. સોશિયલ મીડિયાના માધ્યમથી શરૂ થયેલી આ અપીલ હવે જમીની સ્તરે વ્યાપક આંદોલનનું સ્વરૂપ ધારણ કરી રહી છે, જેમાં સોસાયટીના હોદ્દેદારો, વેપારીઓ અને યુવાનો મોટી સંખ્યામાં જોડાઈ રહ્યા છે.

છેલ્લા એક મહિના કરતાં પણ ઓછા સમયમાં ત્રણ-ત્રણ વખત ખાડીનું પાણી લોકોના ઘર અને દુકાનોમાં ઘૂસી જવાથી નાગરિકોનો રોષ ચરમસીમાએ પહોંચ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, અગાઉ સોશિયલ મીડિયા પર કરવામાં આવેલી અપીલ બાદ રવિવારના રોજ વિસ્તારમાં અનેક બેઠકોનો



દોર શરૂ થયો હતો, જેમાં હજારો પરિવારોએ એકસાથે મળીને આગામી રણનીતિ ઘડી હતી. સ્થાનિકોનું સ્પષ્ટ કહેવું છે કે વર્ષોથી નેતાઓ અને તંત્ર દ્વારા માત્ર ખાતરીઓ જ આપવામાં આવી છે, પરંતુ જમીન પર કોઈ નક્કર પરિણામ આવ્યું નથી, જેના કારણે હવે તેઓ "માંગ નહીં, અમારો અધિકાર" ના સૂત્ર સાથે મેદાનમાં ઉતર્યા છે. આ બેઠકો દરમિયાન ચર્ચા કરવામાં આવી હતી કે હવે માત્ર રજૂઆતો કરવાને બદલે સરકારના ઉચ્ચ નેતાઓ સમક્ષ સીધી રજૂઆત કરવામાં આવશે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારો જીદ્દી અભિગમ તમારા ખુશખુશાલ જીવન માટે ત્યજી દો, કેમ કે આ બાબત સમયનો નર્યો વેડફાટ છે. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખો ધન ચોરી થવા ની શક્યતા છે. વિદેશમાં વસતા સંબંધી તરફથી મળેલી ભેટ તમને આનંદિત કરશે.

**વૃષભ : બ. વ. ઉ.**

વ્યસ્ત સમયપત્રક છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સત્ય હકીકત છે એ બાબત અનુભવજો. આજે મિત્રો સાથે પાર્ટી માં તમે કહું પૈસા લૂંટાવી શકો છો છતાંય તમારો આર્થિક પક્ષ મજબૂત રહેશે.

**મિથુન : ક. છ. ઘ.**

તાણથી મુક્ત થવા માટે તમારો કીમતી સમય તમારા બાળકો સાથે વિતાવો. બાળકોમાં રહેલી ઈલાજની શક્તિની અનુભૂતિ તમને થશે. કેમ કે તેઓ આ પૃથ્વી પરના સૌથી આધ્યાત્મિક અને સંવેદનશીલ વ્યક્તિઓમાં છે. તમને જાતે જ લાગશે કે તમારામાં શક્તિનો સંચાર થયો છે.

**કર્ક : ડ. હ.**

નાની-નાની બાબતોને તમારા મગજ પર અસર કરવા ન દેતા. મોટી યોજનાઓ તથા વિચારો ધરાવતી વ્યક્તિ તમારૂ ધ્યાન આકર્ષિત કરશે-રોકાણ કરતા પહેલા એ વ્યક્તિની વિશ્વસનિયતા તથા સત્યતા ચકાસી લેજો તમારૂ જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે.

**સિંહ : મ. ટ.**

આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. અન્યોના કામમાં તમારી દખલઅંદાજી આજે ટાળવી જોઈએ.

**કન્યા : પ. ઠ. ણ.**

ગુસ્સાની લહેર આજે વાદ-વિવાદ તથા ઘર્ષણ ભણી દોરી જશે. કેટલાક બાકી રહેલા મુદ્દા વધુ ઘેરા બનશે તથા ખર્ચનો મુદ્દો તમારા મગજમાં ઘુમરાયા કરશે. પત્ની સાથે ઝઘડો માનસિત તાણ ભણી દોરી જઈ શકે છે. બિનજરૂરી તાણ લેવાની જરૂર નથી.

**તુલા : ર. ત.**

સંતપુરૂષ પાસેથી મળેલું દિવ્ય જ્ઞાન તમને આશ્વાસન અને રાહત પૂરી પાડશે. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે.

**વૃશ્ચિક : ન. ય.**

તમારે તમારી લાગણીઓ પર અંકુશ મુકવો પડશે તથા તમારા ભયથી બને એટલી જલ્દી મુક્તિ મેળવવી પડશે, કેમ કે તમારા સ્વાસ્થ્ય પર તેના પર તરત અસર પડવાની શક્યતા છે તથા સારા સ્વાસ્થ્યનો આનંદ લેવાના તમારા માર્ગમાં તે અંતરાય બની શકે એવી શક્યતા જોવાય છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમે જેમ છો તેમ જ રહેજો કેમ કે તમારે કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવાનો આવશે-એ તમને ગંભીર મુશ્કેલીમાં મૂકી શકે છે. ખાસ કરીને તમારો ગુસ્સો, કેમ કે તે ક્ષણિક પાગલપનથી વિશેષ કંઈ નથી. આજ માટે તમારો સફળતા મંત્ર હોવો જોઈએ.

**મકર : ખ. જ.**

ઝળહળતો અને ખડખડાટ હાસ્યથી ભરેલો દિવસ જ્યારે મોટા ભાગની ઘટનાઓ તમારી ધારણા મુજબ આકાર લેશે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. તમારા ઉદાર સ્વભાવનો લાભ તમારા મિત્રોને ન લેવા દો.

**મીન : દ. ચ. ઝ. થ.**

કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે. પરિવારના સભ્ય ોતમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે. તમારો પ્રેમ એક નવી ઊંચાઈએ પહોંચશે.

### 110 બસ સ્ટોપ પર પાટિયાં લગાવાયા

# જામનગર મહાનગરપાલિકા વધુ 25 AC સીટી બસો મળી, હવે કુલ 50 બસો દોડશે

(એજન્સી) જામનગર | તા.03

જામનગર શહેરમાં પ્રધાનમંત્રી ઈ-બસ યોજના હેઠળ શરૂ કરાયેલી એરકન્ડીશન્ડ સીટી બસ સેવાનો હવે વધુ વિસ્તાર થવા જઈ રહ્યો છે. કેન્દ્ર સરકાર તરફથી જામનગર મહાનગરપાલિકાને વધુ 25 ઈ-બસો ફાળવવામાં આવતા હવે શહેરમાં કુલ 50 એરકન્ડીશન્ડ ઈ-સીટી બસો ઉપલબ્ધ બની છે. આ નવી બસોનું ટૂંક સમયમાં લોકાર્પણ કરવામાં આવશે.ગત 16 જૂનથી 25 ઈ-બસો પાંચ રૂટ પર દોડી રહી છે. હવે વધુ 25 બસો મળતાં શહેરમાં નવા સાત રૂટ ઉમેરવાની તૈયારી હાથ ધરાઈ છે. નવા રૂટ દ્વારા શહેરથી 10થી 15 કિલોમીટરના અંતરે આવેલા ધુંવાવ, અલીયાબાડા, નાઘેડી, લાખાબાવળ, દરેડ, મસીતીયા, કનસુમરા અને દડીયા જેવા ગામોને સીધી બસ સેવા સાથે જોડવામાં આવશે.

મહાનગરપાલિકાએ શહેરમાં નિર્ધારિત 222 બસ સ્ટોપ પૈકી 110 સ્થળોએ રૂટની માહિતી દર્શાવતા



આધુનિક પાટિયાં લગાવવાની કામગીરી પૂર્ણ કરી છે, જ્યારે બાકીના સ્થળોએ પણ કામગીરી ઝડપથી ચાલી રહી છે.નવી બસો તાજેતરમાં ઈ-બસ ડેપો ખાતે પહોંચી ગઈ છે. ભારે વરસાદની આગાહીના કારણે લોકાર્પણ કાર્યક્રમ મુલતવી રાખવામાં આવ્યો હતો, પરંતુ હવે ટૂંક સમયમાં તેનું ઉદ્ઘાટન કરવામાં આવશે. ત્યારબાદ નવા રૂટની સત્તાવાર જાહેરાત પણ કરાશે. હાલ શહેરમાં પાંચ મુખ્ય રૂટ પર દર 30 મિનિટે ઈ-સીટી બસ ઉપલબ્ધ રહે તે રીતે સેવા ચાલી રહી છે. નવા રૂટ શરૂ થતાં જીઆઈડીસી વિસ્તાર, નવા વિકસતા રહેણાંક વિસ્તારો તેમજ શહેરને અડીને આવેલા ગામોના હજારો લોકોને સસ્તી, સુરક્ષિત અને એરકન્ડીશન્ડ જાહેર પરિવહનની વધુ સારી સુવિધા મળશે. સિટી બસની તમામ રૂટની માહિતી હવે મુસાફરોને મોબાઈલ એપ્લિકેશન પર પણ ઉપલબ્ધ છે. આ એપ્લિકેશન દ્વારા ઓનલાઈન બસ પાસની અરજી અને રિન્યૂઅલ, ઓનલાઈન ટિકિટ તથા પાસ બુકિંગ, નજીકના બસ સ્ટોપની માહિતી, લાઈવ સિટી બસ ટ્રેકિંગ, બસના આગમનના અંદાજિત સમયની જાણકારી તેમજ અન્ય અનેક મુસાફરલક્ષી સુવિધાઓનો લાભ સરળતાથી મેળવી શકાય છે. આ ડિજિટલ સેવા મુસાફરોની મુસાફરીને વધુ સરળ, ઝડપી અને સુવિધાજનક બનાવે છે.જામનગર શહેરમાં જાહેર પરિવહનને વધુ સુવિધાજનક અને પર્યાવરણમૈત્રી બનાવવા માટે ઈ-સિટી બસ સેવાના 12 નવા રૂટ જાહેર કરવામાં આવ્યા છે. નવા રૂટ દ્વારા શહેરના વિવિધ વિસ્તારો તેમજ આસપાસના ગામોને બસ સેવા સાથે જોડવામાં આવ્યા છે.

### રોકડા દોઢ લાખ અને દાગીના બળીને ખાખ

## જામનગરમાં સ્વામિનારાયણનગરના મકાનમાં શોર્ટ સર્કિટથી આગ

(એજન્સી) જામનગર | તા.03

જામનગર શહેરના સ્વામિનારાયણનગર વિસ્તારમાં આજે વહેલી સવારે એક રહેણાક મકાનમાં ઈલેક્ટ્રિક બોર્ડમાં શોર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગતા ભારે દોડધામ મચી ગઈ હતી. આગના કારણે ઘરમાં રાખવામાં આવેલી અંદાજે રૂ.દોઢ લાખની રોકડ રકમ, આશરે રૂ.બે લાખના દાગીના તેમજ લાકડાનો કબાટ અને અન્ય ફર્નિચર બળીને ખાખ થઈ ગયું હતું. જોકે ફાયર બ્રિગેડની સમયસર કામગીરીથી આગ એક રૂમ સુધી જ સીમિત રહી હતી અને મોટી દુર્ઘટના ટળી હતી. સ્વામિનારાયણનગર વિસ્તારમાં રહેતા અને ફર્નિચર તેમજ ડેકોરેશનનું કામ કરતા મહેશભાઈ પરમારના રહેણાક મકાનમાં વહેલી સવારે ઈલેક્ટ્રિક બોર્ડમાં શોર્ટ સર્કિટ થતાં આગ ફાટી નીકળી હતી. થોડા જ સમયમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં ઘરમાં રહેલો લાકડાનો કબાટ, ફર્નિચર સહિતનો સામાન આગની ઝપેટમાં આવી ગયો હતો. કબાટમાં રાખવામાં આવેલી અંદાજે રૂ.દોઢ લાખની રોકડ રકમ તેમજ આશરે રૂ.બે લાખના દાગીના પણ આગમાં બળીને ખાક થઈ ગયા હતા.આગ લાગી ત્યારે મહેશભાઈ પરમાર મકાનના ઉપરના માળે હતા. ધુમાડો અને આગની જાણ થતાં તેઓ તાત્કાલિક નીચે દોડી આવ્યા હતા અને સૌપ્રથમ મેન સ્વિચ બંધ કરી વીજ પુરવઠો બંધ કર્યો હતો. ત્યારબાદ ઘરમાં રહેલો રાંધણગેસનો બાટલો બહાર કાઢવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન સળગેલો દરવાજો તેમના હાથ પર પડતાં તેઓ ઈજાગ્રસ્ત બન્યા હતા.

## જામનગર શહેર અને લાલપુરમાં જુગારના બે અડ્ડા પર પોલીસના દરોડા : 12 જુગારીઓ ઝડપાયા

જામનગર : જામનગર શહેર અને લાલપુર તાલુકામાં પોલીસે જુગારની પ્રવૃત્તિઓ સામે કાર્યવાહી કરતાં બે અલગ-અલગ સ્થળોએ દરોડા પાડી કુલ 12 જુગારીઓને ઝડપી પાડ્યા છે. શહેરના ગોકુલનગર વિસ્તારમાં મહિલાઓ દ્વારા ચાલતા તીનપત્તીના જુગારના અખાડા તેમજ લાલપુર તાલુકાના ગલ્લા ગામે જાહેરમાં રમાતા જુગાર પર દરોડા દરમિયાન કુલ રૂ.73,860ની રોકડ અને ગંજીપત્તાના પાના કબજે કરી જુગારધારા હેઠળ ગુનાઓ નોંધવામાં આવ્યા છે.શહેરના ગોકુલનગર વિસ્તારના સોહમનગર સોસાયટીમાં આવેલા રહેણાંક મકાનમાં મહિલાઓ દ્વારા તીનપત્તીનો જુગાર રમાતો હોવાની બાતમીના આધારે સીટી સી ડિવિઝન પોલીસે નાયબ પોલીસ અધિક્ષકના વિશેષ વોરંટ હેઠળ દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન કાજલબેન રાજુભાઈ કેસરીયા મકવાણા પોતાના મકાનમાં જુગાર રમાડતી મળી આવી હતી. તેની સાથે દીવાળીબેન વિજયભાઈ બાંભણિયા, દીનુબેન ઉર્ફે ટીનુ ભરતભાઈ મકવાણા, કાંતાબેન ટીનાભાઈ કુનતીયા અને ઈલાબા મહિપતસિંહ જાડેજાને ઝડપી લેવામાં આવ્યા હતા. પોલીસે સ્થળ પરથી રૂ.63,200ની રોકડ, ગંજીપત્તાના પાના તથા મકાનનો વીજબીલ કબજે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.બીજી તરફ લાલપુર તાલુકાના ગલ્લા ગામના ચોરા પાસે સ્ટ્રીટ લાઈટના અજવાળે જાહેરમાં તીનપત્તીનો જુગાર રમાતો હોવાની બાતમીના આધારે લાલપુર પોલીસે દરોડો પાડ્યો હતો. પોલીસે તેમની પાસેથી રૂ.10,660ની રોકડ તથા ગંજીપત્તાના પાના કબજે કરી જુગારધારા કલમ 12 હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જામનગરમાં સુપરમાર્કેટ રોડ પરથી અંગ્રેજી દારૂની બાટલીના જથ્થા સાથે એક શ્રમિક ઝડપાયો

જામનગર : જામનગર શહેરના સુપરમાર્કેટ રોડ પર નવાનગર સરકારી શાળા નજીક સર્વેલન્સ સ્કોડે પેટ્રોલિંગ દરમિયાન એક વ્યક્તિને ભારતીય બનાવટના વિદેશી દારૂની છ બોટલ સાથે ઝડપી પાડી તેની સામે પ્રોહિબિશન કાયદા હેઠળ ગુનો નોંધ્યો છે.પોલીસ ફરિયાદ મુજબ, સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કોડના પોલીસ કોન્સ્ટેબલ કિશોરભાઈ ભુટાભાઈ ગાગીયાની ફરિયાદના આધારે શનિવારે સાંજે પેટ્રોલિંગ દરમિયાન એક વ્યક્તિ હાથમાં કાળી થેલી લઈને શંકાસ્પદ હાલતમાં આવતો જોવા મળ્યો હતો. તેને રોકી તપાસ કરતાં થેલીમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવ્યો હતો.પકડાયેલા આરોપીની ઓળખ સુરેશ ઉર્ફે સાંઈ ગીરધારીલાલ શર્મા (ઉ.વ. 50), રહે. સાધના કોલોની, ગેટ નં. 2, બ્લોક એમ-1, રૂમ નં. 2197, જામનગર તરીકે થઈ છે. તેની પાસેથી ઈંગ્લીશ દારૂ ની સીલબંધ છ બોટલ, કુલ કિંમત રૂ. 3,000નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.દારૂ અંગે પાસ-પરમિટ માંગતા આરોપી કોઈ આધાર રજૂ કરી શક્યો ન હતો. જેથી પોલીસે દારૂ કબજે કરી આરોપીની ધરપકડ કરી હતી. આ અંગે પ્રોહિબિશન કાયદાની કલમ 65(એ)(એ) અને 116(બી) હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### સગીર શખ્સ વિરુદ્ધ પોક્સો હેઠળ ગુનો નોંધાયો

## જામનગરના ધારારનગરમાં સગીરા પર દુષ્કર્મનો આરોપ



(એજન્સી) જામનગર | તા.03

જામનગરમાં 14 વર્ષની સગીરા પર દુષ્કર્મ આચરવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ધારારનગર વિસ્તારમાં રહેતા એક સગીર આરોપીએ સગીરા પર વારંવાર દુષ્કર્મ ગુજાર્યું હતું. સગીરાની માતાએ સિટી બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવતા, પોલીસે પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીની શોધખોળ શરૂ કરી છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. જામનગર શહેરના ધારારનગર વિસ્તારમાં રહેતી આશરે 14 વર્ષની સગીરા પર દુષ્કર્મ આચરાયાની ગંભીર ઘટના પ્રકાશમાં આવતા ચકચાર મચી છે. સગીરાની માતાની ફરિયાદના આધારે સિટી બી ડિવિઝન પોલીસે એક સગીર આરોપી સામે પોક્સો સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર, ધારારનગર વિસ્તારમાં રહેતી સગીરા પર તે જ વિસ્તારમાં રહેતા એક સગીર શખ્સ દ્વારા અવારનવાર દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. સમગ્ર ઘટનાની જાણ સગીરાએ પોતાની માતાને કરતાં માતાએ સિટી બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદના આધારે પોલીસે પોક્સો કાયદા સહિતની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી આરોપી સગીરની શોધખોળ શરૂ કરી છે. સાથે જ પીડિતાનું નિવેદન સહિતની જરૂરી કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.ઘટના કયા સંજોગોમાં બની અને તેમાં અન્ય કોઈ પાસા સંકળાયેલા છે કે નહીં તે સહિતના તમામ મુદ્દાઓની સિટી બી. ડિવિઝન પોલીસની ટીમ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે.

## વલસાડના ઘડોઇ ગામે એક સાથે ત્રણથી ચાર દીપડા દેખાતા લોકોમાં ફફડાટ : વન વિભાગે પાંજરે ગોઠવ્યું

(એજન્સી) વલસાડ | તા.03

વલસાડના ઘડોઈ ગામમાં પ્રાથમિક શાળા પાછળ ઝાડીમાં 3-4 દીપડા ફરતા કેમેરામાં કેદ થયા હતા. છેલ્લા 15 દિવસથી રહેણાંક વિસ્તારમાં દીપડાના આંટાફેરાથી લોકોમાં ભયનો માહોલ છે. યુવાનોએ બનાવેલો આ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. ગામલોકોએ વન વિભાગને તાત્કાલિક દીપડા પકડવા માંગ કરી છે.

વલસાડ તાલુકાના ઘડોઇ ગામે પ્રાથમિક શાળાની પાછળ ઝાડીમાં એક સાથે ત્રણથી ચાર દીપડા આંટાફેરા મારતા વિડિયોમાં કેદ થયા હતા. રહેણાંક વિસ્તારમાં દીપડા દેખાયાની



વાત વાયુવેગ ફેલાતા લોકોમાં ગભરાટ મચી ગયો હતો. છેલ્લા પંદર દિવસથી દીપડા ગામમાં ફરતા હોવાથી લોકોએ વન વિભાગને તાત્કાલિક કાર્યવાહી કરવા માંગ કરી છેહ. વલસાડ તાલુકાના ઘડોઈ ગામે છેલ્લા 15 દિવસથી ત્રણથી ચાર દીપડા ફરતા હોવાની વાત ફેલાતા લોકોમાં ફફડાટ મચી ગયો હતો. જો કે દીપડા રહેણાંક વિસ્તારમાં શિકારની શોધ માટે રાત્રિ દરમિયાન આંટાફેરા મારી રહ્યા છે. ગામના યુવાનો પણ સર્તક બની ગયા હતા.યુવાનોએ રાત્રિ દરમિયાન ગામમાં આવેલી પ્રાથમિક શાળા પાછળ રોડ નજીક અને ઝાડીમાં દીપડા ફરતા હોવાનો વિડિયો ઉતારી લીધો હતો. આ વિડિયો સોશિયલ મિડિયામાં વાયરલ થયો હતો. આ ઘટના અંગે ગામના સરપંચ જીતુ નાયકાએ વન વિભાગને જાણ કરાયા બાદ કર્મચારીઓ દોડી ગયા બાદ પાંજરે ગોઠવ્યું હતું. જો કે એકપણ દીપડો પાંજરે નહી પુરાતા ગામલોકો ભયના ઓથાર નીચે જીવી રહ્યા છે. લોકોએ વન વિભાગને તાત્કાલિક દીપડાને પકડવા માંગ કરી છે.

## સંખેડા રોડ પર ભારે વરસાદના કારણે મોટો ભુવો

| કમલેશ પટેલ. સંખેડા

સંખેડા તાલુકાના ગામડીચોકડી સર્કલ પાસે રોડ પર ભારે વરસાદના કારણે મોટો ભુવો પડ્યો છે. આ ભુવાને કારણે વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે અને અકસ્માતનો ભય સેવાઈ રહ્યો છે.આ ભુવો રોડની બરાબર મધ્યમાં હોવાથી વાહનચાલકો માટે જોખમી બન્યો છે. ખાસ કરીને ટુ-વ્હીલર સવારો માટે તે વધુ ભયજનક છે. રાત્રિના સમયે અથવા વરસાદી પાણી ભરાયેલું હોય ત્યારે ભુવો સ્પષ્ટ દેખાતો ન હોવાથી અકસ્માત થવાની શક્યતા વધી જાય છે.સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, ચાર રસ્તા જેવા વ્યસ્ત જંકશન પર ભુવો પડવાને કારણે ટ્રાફિક ધીમો પડી ગયો છે. આનાથી વાહનવ્યવહારમાં અવરોધ ઊભો થયો છે.ગ્રામજનોએ તંત્રને તાત્કાલિક ધોરણે આ ભુવાનું સમારકામ કરીને રસ્તાને સુરક્ષિત બનાવવાની માંગ કરી છે.

## વાપી રેલવે સ્ટેશન નજીકથી 42 કિલો ગાંજાના જથ્થા સાથે એક પકડાયો : 21 લાખનો મુદ્દામાલ જપ્ત

વાપી : વાપી રેલવે સ્ટેશન નજીક વલસાડ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે ઓરિસ્સાથી સેલવાસા લઈ જવાતા રૂ.21 લાખની કિંમતના 42 કિલો ગાંજાના જથ્થા સાથે એક આરોપીને દબોચી લીધો હતો. પકડાયેલ આરોપી સંજય ઉર્ફે સંજય મારવાડી પ્રકાશ લુંબાજી પરમાર (ઉ.વ.25, રહે. ફ્લેટ નં.15, પ્રતિભા કોમ્પ્લેક્ષ, બાલાજી મંદીર રોડ, સેલવાસા, દાદરાનગર હવેલી. મુળ રહે. બાલી, રાજસ્થાન) ઓરિસ્સાથી મુંબઈ થઈ દાદરા-નંદુરબાર ખાનદેશ એક્સપ્રેસ ટ્રેન મારફતે વાપી ઉતર્યો હતો.વલસાડ જિલ્લામાં માદક દ્રવ્યની હેરાફેરીનું દુષણ દૂર કરવા પોલીસ ગુનાઓ નોંધી રહી છે, પણ હજી આ દુષણ નસ્તેનાબુદ નહી થયાનો વધુ એક કિસ્સો બહાર આવ્યો છે. વલસાડ જિલ્લા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે બાતમીના આધારે પી.આઇ. ડી.ડી.પરમાર અને ટીમે વાપી રેલવે સ્ટેશનના પૂર્વ તરફ વોચ ગોઠવી હતી. તે વેળા બાતમી મુજબના વર્ણનવાળા શખ્સને અટકાવી પુછપરછ કરી હતી. બાદમાં પોલીસે તેની પાસે રહેલા



થેલામાં તપાસ કરતા સફેદ કલરના વનસ્પતિજન્ય પાવડર ભરેલો જથ્થો મળી આવ્યો હતો.પોલીસે એફએસએલની મદદથી હાથ ધરેલા પરિક્ષણમાં ગાંજો હોવાનું બહાર આવતા રૂ.21 લાખની કિંમતના 42 કિલો ગાંજાનો જથ્થો જપ્ત કર્યો હતો. જ્યારે એક આરોપીની ધરપકડ કરી હતી. વાપી ટાઉન પોલીસે આરોપી સામે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધવા કવાયત આદરી છે. પોલીસે જથ્થો કોને આપવાનો હતો અને નેટવર્કના મૂળ સુધી પહોંચવા આરોપીની સઘન પુછપરછ આદરી છે.

### ટ્રેનમાં મુસાફરી

## પૂ. મોરારીબાપુએ ગીરમાંથી પસાર થતી મીટરગેજ ટ્રેનમાં મુસાફરી કરી

| વેળાવદર (તખુભાઈ સાંડસુર દ્વારા)

ભાવનગર ડિવિઝનમા જ નહીં કદાચ સમગ્ર સૌરાષ્ટ્રમાં પણ કહી શકાય એવી એક માત્ર મીટરગેજ ટ્રેન જુનાગઢ -વેરાવળ -દેલવાડા ચાલુ છે. આ ટ્રેન એટલે હેરિટેજ ટ્રેન તરીકે હવે ઓળખવી પડશે કે મીટરગેજ ટ્રેન તો ક્યાંય નથી પરંતુ ગીરના જંગલમાંથી પસાર થતી આ ટ્રેન પણ એક જ છે. તેમાં મુસાફરીની મજા માણવી એ પણ એક હેરિટેજ ઘટના બની જાય છે. પૂ. મોરારિબાપુ 2જી ઓગસ્ટના રોજ



સવારે જ્યોતિર્લિંગ પુ સોમનાથ ભગવાનના દર્શનાર્થે જઈ રહ્યા હતા. બાપુએ એકાએક નિર્ણય કર્યો કે આપણે બગસરાથી સોમનાથ તરફ જતા રસ્તામાં વિસાવદર અને તાલાળાની વચ્ચે પસાર થતી મીટર ગેજ ટ્રેનમાં બેસીને ગીરના જંગલના દ્રશ્યોને આંખમાં કેદ કરવા છે. બાપુ અને તેમની સાથે જોડાયેલા ફ્લાવર્સ વિસાવદર સ્ટેશને રવિવાર સવારે 9:00 વાગે પહોંચે છે અને 9- 15 કલાકે આવતી જુનાગઢ દેલવાડા ટ્રેનમાં તાલાળા સુધીની મુસાફરી શરૂ કરે છે. ગીરના જંગલમાંથી પસાર થઈ રહેલી આ ટ્રેનની મુસાફરી માણવા જેવી તો છે જ. પરંતુ વિસાવદરના સ્ટેશનમાં ફૂલવડી અને ભજીયાનો સ્વાદ ચાખવા પણ લોકો જુનાગઢથી સ્પેશિયલ વિસાવદર આવે છે. જોકે બાપુ આ સ્વાદ લેવાનો નો સમય ન બચ્યો હોય પરંતુ સૌ કોઈએ તે અનુભવ પણ કરવા જેવો છે. અમરેલીના સ્ટેશનને બ્રોડગેજમાં રૂપાંતર કરવાની કામગીરીના કારણે આ સ્ટેશન બંધ કરવામાં આવ્યું છે. તેથી અમરેલી -વેરાવળ અમરેલી- જુનાગઢ જેવી ટ્રેનો બંધ છે. જુનાગઢથી વેરાવળ ટ્રેન ચાલું છે.બાપુ તાલાળા સ્ટેશને ઉતરીને સોમનાથ તરફ મોટર માર્ગે નીકળ્યા હતા.

### પાણી છોડાયા વિના જ કામગીરીનો પોલ ઉઘાડો થયો

# છોટા ઉદેપુર: નસવાડીના લીંડા ગામે પાણી છોડતાં પહેલાં જ ₹1.19 કરોડની કેનાલમાં તિરાડો, ખેડૂતોમાં ભારે રોષ

(એજન્સી) છોટા ઉદેપુર | તા.03

છોટા ઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના લીંડા ગામે આવેલા તળાવમાંથી ખેડૂતોને સિંચાઈનું પાણી મળી રહે તે માટે કરોડોના ખર્ચે નિર્માણ પામેલી કેનાલ વિવાદમાં સપડાઈ છે. 1.19 કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલી 3.50 કિલોમીટર લાંબી કેનાલમાં પાણી છોડવામાં આવે તે પહેલાં જ ઠેર-ઠેર તિરાડો પડી ગઈ છે અને અમુક જગ્યાએ કેનાલ ભાંગીને ભૂકો થઈ ગઈ છે. આ મામલે ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા સિંચાઈ વિભાગના ઉચ્ચ અધિકારીઓને રજૂઆત કરવામાં આવી છે.સ્થાનિક આદિવાસી વિસ્તારના ખેડૂતો અને આસપાસના ગામોને સિંચાઈની સુવિધા પૂરી પાડવાના હેતુથી સરકારે આ યોજના મંજૂર કરી હતી. બોડેલીની ‘વીરકૃપા’ એજન્સીને આ કેનાલ બનાવવાનું કામ સોંપવામાં આવ્યું હતું, જ્યારે તેની કામગીરીની દેખરેખ છોટા ઉદેપુર જિલ્લા પંચાયત સિંચાઈ વિભાગ દ્વારા કરવાની હતી. જોકે, લીંડા તળાવમાંથી હજુ સુધી



ખેડૂતોને એક વાર પણ પાણી આપવામાં આવ્યું નથી, તે પહેલાં જ તળાવની નજીકના ભાગે કેનાલ તૂટવા માંડતાં હલકી કક્ષાની કામગીરી ચર્ચાનો વિષય બની છે. પાણી છોડ્યા વિના જ જો કેનાલ તૂટી જતી હોય, તો પાણી છોડ્યા બાદ તેની સ્થિતિ કેવી થશે તે અંગે ખેડૂતોમાં અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે સિંચાઈ વિભાગના અધિકારીઓએ કામગીરીનું યોગ્ય નિરીક્ષણ ન કરતાં કોન્ટ્રાક્ટરે ગુણવત્તા વગરનું હલકી કક્ષાનું કામ કર્યું છે.સરકારે આદિવાસી વિસ્તારના વિકાસ અને ચિંતા કરીને કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવી હતી, પરંતુ અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરની મિલીભગતના કારણે કામગીરી ગુણવત્તાયુક્ત કરાવવામાં સિંચાઈ વિભાગ નિષ્ફળ નીવડ્યો છે. આઝાદીના વર્ષો પછી સિંચાઈનું પાણી મળવાની આશા રાખતા સ્થાનિક ખેડૂતોમાં હાલ અધિકારીઓની બેદરકારીને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે.

### બે બાળકીઓ સહિત ત્રણનો બચાવ

## ખેડાના નેસ ગામમાં મોડી રાત્રે મકાન ધરાશાયી, સાસુ-પુત્રવધૂનું મોત

(એજન્સી) ખેડા | તા.03

ખેડા જિલ્લાના ઠાસરા તાલુકાના નેસ ગામના વાળંદ ફળિયામાં મોડી રાત્રે એક કાળજું કંપાવી દે તેવી ઘટના સામે આવી છે. અહીં એક મકાન અચાનક ધરાશાયી થતાં કાટમાળ નીચે દબાઈ જવાથી પરિવારના સાસુ અને પુત્રવધૂનું નીપજ્યું છે, જ્યારે બે માસુમ બાળકીઓ સહિત પરિવારના ત્રણ સભ્યોનો આબાદ બચાવ થયો છે. મળતી વિગતો અનુસાર, નેસ ગામના વાળંદ ફળિયામાં મોડી રાત્રે પરિવારના પાંચ સભ્યો ઘરમાં સૂઈ રહ્યા હતા. તે સમયે અચાનક જ મકાનની દીવાલ ધડાકાભેર ધરાશાયી થઈ હતી. દીવાલનો ભારેખમ કાટમાળ ઊંઘી રહેલા પરિવારજનો પર પડતાં સાસુ પૂનમબહેન વાળંદ અને પુત્રવધૂ સોહમબહેન વાળંદનું



કાટમાળ નીચે દબાઈ જવાથી ઘટનાસ્થળે જ નીપજ્યું હતું. ઘટના સમયે ઘરમાં હાજર પરિવારના અન્ય સભ્ય પ્રવીણ તેમજ બે નાની બાળકી નિશા અને આરોહીનો બચાવ થયો હતો. અકસ્માતનો અવાજ સાંભળીને આસપાસના ગ્રામજનો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા. સ્થાનિકોએ ભારે જહમત ઉઠાવી કાટમાળ ખસેડીને તમામ પાંચેય લોકોને બહાર કાઢ્યા હતા. ઈજાગ્રસ્ત બાળકીઓ નિશા અને આરોહીને ત્વરિત સારવાર અર્થે નડિયાદ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી છે.

## કપાસના ઘટતા પુરવઠા : કપાસના ઉત્પાદન અને નિકાસ-આયાતમાં આવેલા મોટા બદલાવો

# વધતા ભાવ વચ્ચે નુવામાના રિપોર્ટમાં મેન-મેડ ફાઈબર તરફ વળવાની હિમાયત

(એજન્સી) નવી દિલ્હી | તા.03

ભારતીય ટેક્સટાઈલ અને કાપડ ઉદ્યોગ માટે આગામી સમયમાં મોટા બદલાવો આવવાના સંકેતો મળી રહ્યા છે. દેશમાં કપાસનો સરપ્લસ (વધારાનો) જથ્થો સતત ઘટી રહ્યો છે અને સંતુલન તરફ આગળ વધી રહ્યો છે, જેના કારણે કાપડ ઉત્પાદકો માટે કાચો માલ મોંઘો સાબિત થઈ રહ્યો છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પ્રખ્યાત નાણાકીય સંસ્થા 'નુવામા ઈન્સ્ટિટ્યુશનલ ઈક્વિટીઝ' (Nuvama Institutional Equities) દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ અને વિસ્તૃત રિપોર્ટ જારી કરવામાં આવ્યો છે, જેમાં ઉદ્યોગને વૈકલ્પિક ફાઈબર તરફ ધ્યાન કેન્દ્રિત કરવા માટે ખાસ સલાહ આપવામાં આવી છે.



નુવામાના આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે ભારતની કપાસની બેલેન્સ શીટ હવે સરપ્લસમાંથી સંતુલન (equilibrium) તરફ શિફ્ટ થઈ રહી છે. દેશમાં કપાસનું ઉત્પાદન જે CS21 માં ૬.૩૧ અબજ કિલોગ્રામની સર્વોચ્ચ સપાટી પર હતું, તે ઘટીને CS26 માં અંદાજે ૪.૯૫ અબજ કિલોગ્રામ જેટલું થઈ ગયું છે. આ સાથે જ આયાતના આંકડામાં મોટો ઉછાળો આવ્યો છે અને તે ૦.૨૬ અબજ કિલોગ્રામથી વધીને ત્રણેય ગણા વધારા સાથે ૦.૮૦ અબજ કિલોગ્રામ સુધી પહોંચી ગયા છે.બીજી બાજુ, નિકાસમાં તીવ્ર ઘટાડો નોંધાયો છે જે અગાઉ ૧.૨૮ અબજ કિલોગ્રામથી ઘટીને હવે માત્ર ૦.૨૦ અબજ કિલોગ્રામ પર આવી ગઈ છે. શંકર-૬ (Shankar-6) કપાસના ભાવો પણ CS21 માં પ્રતિ કિલોગ્રામ રૂપિયા ૧૧૦ થી વધીને CS23 માં રૂપિયા ૨૨૧ ની ઊંચી સપાટીએ પહોંચ્યા બાદ હાલ ઘટીને આશરે રૂપિયા ૧૫રિ૫૫ પ્રતિ કિલોગ્રામ આસપાસ સ્થિર થયા છે. દેશવાર વેપાર પ્રવાહ જોઈએ તો બાંગ્લાદેશની મિલ્સ ભારતીય કાચા કપાસની મુખ્ય ખરીદદાર બની છે, જ્યારે ભારત પૂરતા પ્રમાણમાં ઉત્પાદન ન કરતું હોય તેવી ફાઈન-સ્ટેપલ વેરાયટીઓ માટે અમેરિકા અને ઓસ્ટ્રેલિયા પર નિર્ભર બન્યું છે.આ બદલાવની અસરોને રેખાંકિત કરતા નુવામાએ સ્પષ્ટપણે નોંધ્યું છે કે સ્પિનર્સ (સૂતર કાંતનારાઓ) માટે કાચા માલનું ગાદી કે કુશન સતત પાતળું થઈ રહ્યું છે અને પ્રાઈસ સિરીઝ એ સીધી માર્જિન સિરીઝ છે. જ્યારે પણ પાક નિષ્ફળ જાય છે અથવા અપેક્ષા મુજબ નથી પાકતો, ત્યારે સ્પ્રેડ્સ (નફાનું ધોરણ) તીવ્રપણે ઘટી જાય છે. ઐતિહાસિક દ્રષ્ટિએ જોઈએ તો ભારત સરપ્લસ પ્રોડ્યુસર હોવાને કારણે વૈશ્વિક ભાવો કરતાં ૮ થી ૧૧ ટકાના ડિસ્કાઉન્ટે કપાસ ખરીદતું હતું અને ઘરેલુ ભાવો એક્સપોર્ટ પેરિટી સાથે જોડાયેલા હતા. જો કે, હવે આ ડિસ્કાઉન્ટ સંપૂર્ણપણે ગાયબ થઈ ગયું છે. રિપોર્ટ અનુસાર, FY26 માં આવેલું આ કન્વર્જન્સ ફંડામેન્ટલ્સ કરતાં ડ્યુટી મુક્તિને આભારી છે. સરકારે ૧ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ આ છૂટ પુનઃસ્થાપિત કરી હતી, પરંતુ ત્યારબાદ માત્ર ૧ જૂનથી ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ના સમયગાળા માટે જ ફરીથી મુક્તિ આપી છે, જેનો મુખ્ય હેતુ મિલની સ્પર્ધાત્મકતા સુધારવાને બદલે ખેડૂતોની આવકને ટેકો આપવાનો છે.આ સમગ્ર પરિસ્થિતિ વચ્ચે વ્યાપક ઉદ્યોગ માટે કપાસનું ઘટતું સરપ્લસ મેન-મેડ ફાઈબર (MMF) ની ક્ષમતા વધારવા માટેનો મજબૂત આધાર પૂરો પાડે છે. ટેક્સટાઈલ વેલ્યુ ચેઈનને હવે ફાઈબરના મિક્સમાં વિવિધતા લાવવાની તાતી જરૂરિયાત ઉભી થઈ છે. રિપોર્ટમાં જણાવ્યા અનુસાર "ખેતરથી કાપડ સુધીની વેલ્યુ ચેઈન એ નકશો છે જેના પર આખો રિપોર્ટ આગળ વધે છે." આગામી સમયમાં કાપડ ઉદ્યોગનું ભવિષ્ય વૈકલ્પિક અને માનવસર્જિત રેસાઓના ઉપયોગ પર વધુ નિર્ભર રહેશે.

## એસીસી થોંડેભાવી સ્થિત અદાણી ફાઉન્ડેશને દસ મહિલાઓને મોસમી ખેતી પર નિર્ભર રહેવાને બદલે પોતાનો વ્યવસાય શરૂ કરવામાં મદદ કરી

અમદાવાદ | વિવિધ ક્ષેત્રે કાર્યરત અદાણી જૂથની સિમેન્ટ અને બિલ્ડિંગ મટીરિયલ્સ કંપની એસીસી તથા અદાણી ફાઉન્ડેશન સાથે મળીને સીએસઆર પ્રવૃત્તિઓ દ્વારા એસીસી થોંડેભાવી ખાતે કર્ણાટકના ગામડાઓની મહિલાઓને પગભર બનાવી રહ્યાં છે. જેથી ખેતીની સિઝન પૂરી થઈ ગયા પછી પણ તેમની આવક ચાલુ રહે અને કમાણી બંધ ન થાય.થોંડેભાવીની 10 મહિલાઓનું જીવન સંપૂર્ણપણે ખેતીની સિઝન પર જ નિર્ભર હતું. ખેતરમાં કામ હોય ત્યાં સુધી જ તેમની પાસે પૈસા આવતા અને સિઝન પૂરી થતાં જ કમાણી પણ બંધ થઈ જતી. આ પરિસ્થિતિને કારણે તેઓ ન તો બચત કરી શકતી હતી, કે ન તો ભવિષ્યનું કોઈ આયોજન કરી શકતી હતી. એટલું જ નહીં આવતા મહિને ઘર કેમ ચાલશે તેની કોઈ ખાતરી કે નાણાકીય સુરક્ષા તેમની પાસે નહોતી. અદાણી ફાઉન્ડેશને આ મહિલાઓને સહાય માટે લાચાર ગણવાને બદલે, તેમનામાં રહેલી ઉદ્યોગ સાહસિકતાની સંભાવનાઓને પીછાણી હતી. આ દસ મહિલાઓને સંગઠિત કરવા માટે 'અમારા સ્ત્રી શક્તિ સંઘ'ની સ્થાપના કરી તેમને કાગળની ડિશ બનાવવાની તાલીમ આપવામાં આવી જેની સ્થાનિક બજારમાં ખૂબ સારી માંગ છે. તાલીમની સાથે તેમને પેપર પ્લેટ બનાવવાનું મશીન પણ આપવામાં આવ્યું અને સતત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું, જેથી આ તાલીમ માત્ર કાગળ પર રહેવાને બદલે એક સફળ અને ચાલતા બિઝનેસમાં પરિવર્તિત થઈ શકે. બાકીનું કામ આ મહિલાઓએ પોતે કરી બતાવ્યું. તેમણે સ્થાનિક દુકાનદારો, કેટરર્સ અને પ્રસંગોનું આયોજન કરનારા ગ્રાહકો શોધ્યા અને તેમને નિયમિત પેપર પ્લેટ્સ સપ્લાય કરવાનું શરૂ કરી દીધું. તેમનો આ કારોબાર ખૂબ જ ઝડપથી સેટ થઈ ગયો. આજે આ આખું જૂથ ભેગું મળીને દર મહિને લગભગ રૂ. 40,000ની કમાણી કરે છે. તેમના ઘરમાં બચત વધી છે અને સૌથી મોટી વાત એ છે કે, દરેક મહિલામાં પૈસા કમાવાનો અને ઘર ચલાવવાના આત્મવિશ્વાસમાં પણ ખૂબ વધારો થયો છે. એસીસી થોંડેભાવી ખાતે અદાણી ફાઉન્ડેશન દ્વારા સ્થાપિત આ સાહસ માત્ર એક લઘુ ઉદ્યોગ નથી. તે 10 મહિલાઓનું એક એવું જૂથ છે જેમને હવે પોતાના જીવનનું આયોજન કરવા માટે ખેતીની સિઝન શરૂ થવાની રાહ જોવાની જરૂર નથી પડતી. બીજા પર આધાર રાખવાને બદલે આત્મનિર્ભર બનવું, અને ફક્ત સિઝનલ કમાણી કરવાને બદલે સમગ્ર વર્ષ દરમિયાન સ્થિર આવક હાંસલ કરવી એ જ આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય હતો જે સાર્થક થયો છે.

## News Brief

### મજબૂત ટેક્સ કલેક્શન અને ક્રેડિટ ગ્રોથથી આર્થિક ટેકો મળ્યો, પણ ખર્ચ નિયંત્રણ જરૂરી બનશે: ICICI રિપોર્ટ

નવી દિલ્હી : ભારતીય અર્થવ્યવસ્થા માટે રાહતરૂપ અને ઉત્સાહવર્ધક સમાચાર સામે આવ્યા છે. આઈસીઆઈસીઆઈ બેંક ગ્લોબલ માર્કેટ્સ દ્વારા જુલાઈ માસ માટે જારી કરવામાં આવેલા માસિક આર્થિક અપડેટ મુજબ, કેન્દ્ર સરકાર ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૭ (FY27) દરમિયાન પોતાનું રાજકોષીય બફર જાળવી રાખવામાં સફળ રહેશે. દેશમાં ટેક્સ કલેક્શનની મજબૂત સ્થિતિ અને વ્યાપક સ્તરે ક્રેડિટ ગ્રોથ અર્થવ્યવસ્થાને મજબૂત આધાર પૂરો પાડી રહ્યા છે. જો કે, વૈશ્વિક અસ્થિરતા અને ક્રૂડ ઓઈલ તેમજ ખાતરના વધતા ભાવો આગામી સમયમાં સબસિડીનું ભારણ વધારી શકે છે, જેના કારણે સરકારને ખર્ચના આયોજન પર પુનર્વિચાર કરવો પડી શકે છે.અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે વૈશ્વિક અનિશ્ચિતતાઓના માહોલ વચ્ચે પણ સરકારી રાજસ્વ ની મજબૂતાઈ જળવાઈ રહી છે, જે સરકારને નાણાકીય વર્ષ ૨૦૨૭ના રાજકોષીય ખાધ (fiscal deficit) ના લક્ષ્યાંકને હાંસલ કરવામાં મોટી મદદ કરશે. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં (Q1FY27) કેન્દ્રની કુલ ગ્રોસ ટેક્સ આવક વાર્ષિક ધોરણે ૧૪ ટકા વધી છે.ડાયરેક્ટ ટેક્સ ( ) કલેક્શનમાં વાર્ષિક ધોરણે ૧૨ ટકાનો વધારો નોંધાયો છે, જેમાં કોર્પોરેટ ટેક્સમાં ૨૦ ટકા અને ઈન્કમ ટેક્સમાં ૭ ટકાનો ઉછાળો આવ્યો છે. ૧૩ જુલાઈ સુધીના આંકડા મુજબ, નેટ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન ૧૬.૪ ટકા વધ્યું છે. ઈનડાયરેક્ટ ટેક્સ (પરોક્ષ કર) ક્ષેત્રે પણ ઉત્તમ પ્રદર્શન જોવા મળ્યું છે અને કસ્ટમ્સ કલેક્શન ૩૬ ટકા તેમજ જીએસટી (GST) કલેક્શન ૮.૫ ટકાના વધારા સાથે મજબૂત ઘરેલુપદાર્થ વપરાશ અને વ્યાપક આર્થિક ગતિવિધિઓની સાક્ષી પૂરે છે.

## ડિજિટલ પેમેન્ટ વૃદ્ધિ : ખાસ તહેવાર વગર પણ રેકોર્ડબ્રેક વ્યવહારો

# યુપીઆઈ વ્યવહાર રેકોર્ડ જુલાઈ મહિનામાં તૂટ્યો, અબજોના ટ્રાન્ઝેક્શન્સ સાથે નવો ઈતિહાસ રચયો

મુંબઈ : ભારતની ડિજિટલ ક્રાંતિએ સમગ્ર વિશ્વમાં નવો અદ્ભુત ઈતિહાસ રચ્યો છે. દેશની અર્થવ્યવસ્થા અને નાણાકીય લેવડદેવડમાં ઓનલાઈન માધ્યમોનું પ્રભુત્વ સતત વધી રહ્યું છે, જેના તાજા ઉદાહરણરૂપે જુલાઈ મહિનામાં ડિજિટલ પેમેન્ટ ક્ષેત્રે એક અત્યંત ગૌરવશાળી સીમાચિહ્ન સર થયું છે. સામાન્ય નાગરિકોના રોજિંદા વ્યવહારોથી લઈને મોટા વેપાર સુધીની તમામ પ્રક્રિયાઓ હવે ડિજિટલ માધ્યમે ઝડપથી આગળ વધી રહી છે.મળતી સત્તાવાર વિગતો અને મીડિયા અહેવાલ અનુસાર, યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ (UPI) મારફત થતા વ્યવહારોએ જુલાઈ મહિનામાં અત્યાર સુધીના તમામ રેકોર્ડ તોડીને નવી વિક્રમી સપાટી હાંસલ કરી છે. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) દ્વારા જાહેર કરવામાં આવેલા અધિકૃત આંકડા મુજબ, જુલાઈ માસ દરમિયાન કુલ ૨૩.૬૬ અબજ વ્યવહારો નોંધાયા હતા. આ અબજો ટ્રાન્ઝેક્શન્સ દ્વારા એકંદરે રૂપિયા ૨૯.૮૮ ટ્રિલિયન જેટલી જંગી રકમની ચૂકવણી સફળતાપૂર્વક પાર પાડવામાં આવી છે.જૂન મહિનાની સરખામણીમાં નિહાળીએ તો વ્યવહારના વોલ્યુમમાં ૪.૧૦ ટકા અને કુલ મૂલ્યની દ્રષ્ટિએ ૩.૩૦ ટકાનો સારો એવો વધારો જોવા મળ્યો છે. જ્યારે ગયા વર્ષના જુલાઈ




માસની સરખામણીમાં આ વોલ્યુમમાં પૂરા ૨૨ ટકા અને ટ્રાન્ઝેક્શનના મૂલ્યમાં ૧૯ ટકાનો મોટો ઉછાળો નોંધાયો છે.

આંકડાકીય વિશ્લેષણ દર્શાવે છે કે જુલાઈ મહિના દરમિયાન દેશમાં કોઈ વિશેષ તહેવાર કે મોટો ખાસ પ્રસંગ ન હોવા છતાં યુપીઆઈ મારફતનું વ્યવહાર વોલ્યુમ સર્વોચ્ચ સપાટી પર રહ્યું છે. આ હકીકત સ્પષ્ટ સંકેત આપે છે કે હવે ભારતમાં ડિજિટલ પેમેન્ટ કોઈ ખાસ પ્રસંગ પૂરતું મર્યાદિત નથી રહ્યું, પરંતુ દેશના નાગરિકો પોતાના રાબેતાના અને રોજીંદા પેમેન્ટ્સ પણ સંપૂર્ણપણે ઓનલાઈન જ કરી રહ્યા છે. મહાનગરપાલિકાઓ અને મોટા શહેરો ઉપરાંત હવે ટાયર-૨ અને ટાયર-૩ એટલે કે દ્વિતીય અને તૃતીય શ્રેણીના નાના શહેરો તેમજ દૂરના ગ્રામ્ય વિસ્તારોમાં પણ યુપીઆઈનો વ્યાપ અને વપરાશ અતિશય ઝડપથી વધી રહ્યો છે. જૂન ૨૦૨૬ના ડેટા પર નજર કરીએ તો આ પ્લેટફોર્મ પર સક્રિય વપરાશકારોની કુલ સંખ્યા વધીને ૫૫.૪૯ કરોડ સુધી પહોંચી ગઈ છે, જે દેશની ડિજિટલ મજબૂતીની સાક્ષી પૂરે છે.

ભારતની આ અદ્ભુત ડિજિટલ પેમેન્ટ વ્યવસ્થાની લોકપ્રિયતા હવે દેશની સરહદો ઓળંગીને વિદેશોમાં પણ પહોંચી ચૂકી છે. વર્તમાન સમયમાં વિશ્વના ૧૨ જેટલા પ્રમુખ દેશોએ ભારતની આ યુપીઆઈ સિસ્ટમને અપનાવી લીધી છે. આ વૈશ્વિક સ્વીકૃતિને કારણે વિદેશ પ્રવાસે જતા ભારતીય નાગરિકો માટે નાણાકીય વ્યવહારો અત્યંત સરળ બની ગયા છે, તેમજ વિદેશોમાં વસતા ભારતીયો પણ હવે આસાનીથી પોતાના સ્વદેશમાં નાણાં મોકલી શકે છે.આર્થિક નિષ્ણાતોના મતે, યુપીઆઈ વ્યવહારોમાં થઈ રહેલો આ સતત વધારો દેશની પારદર્શક અર્થવ્યવસ્થા અને મજબૂત ટેકનોલોજી આધારિત માળખાકીય સુવિધાઓ દર્શાવે છે. કેશલેસ ઈકોનોમી તરફ આગળ વધી રહેલું ભારત આગામી સમયમાં વિશ્વ માટે એક મોટું રોલ મોડેલ બની રહ્યું છે. પ્રશાસન અને બેન્કિંગ સેક્ટરના સહયોગથી આ ડિજિટલ ક્રાંતિ વધુ વેગ પકડી રહી છે, જેનાથી દેશના નાના વ્યાપારીઓ અને સામાન્ય જનતાને પણ અદ્ભુત આર્થિક સુગમતા મળી રહી છે.

## Zigly Pet કેરે અમદાવાદમાં ઈન્ટરનેશનલ હેપ્પી પેટ્સ ડેની ત્રીજી એડિશનની ઉજવણી કરી

અમદાવાદ : ભારતની સૌ પ્રથમ ઓમનીચેનલ પેટ કેર બ્રાન્ડ Zigly Pet Care એ અમદાવાદમાં તેના પેટ કેર સેન્ટર્સ ખાતે ઈન્ટરનેશનલ હેપ્પી પેટ્સ ડે (IHPD)ની ત્રીજી એડિશનની ઉજવણી કરી છે.અગાઉની બે એડિશનની સફળતાને આગળ વધારતા ફ્રેન્ડશીપ ડે નિમિત્તે આ વર્ષના સેલિબ્રેશનમાં પેટ પેરેન્ટ્સ અને તેમના પ્રિય પાલતુ જાનવરો એક સાથે આવ્યા. તેમણે પોતાના ખાસ સંબંધની ઉજવણી કરી અને આ સાથે જ પેટ્સના વધારે સારા હેલ્થકેરને પ્રોત્સાહન આપ્યું. આ પ્રસંગ દરમિયાન Zigly Pet Care દ્વારા ભારતના પેટ કેર ઈકોસિસ્ટમને મજબૂત કરવાના પોતાની વચનબદ્ધતાનું પણ પુનરાવર્તન કર્યું. આ ઉપરાંત તેઓ સારી ક્વોલિટીન વેટેરિનરી કેરને વધારે સરળ, ઈન્ટગ્રેટેડ અને કમ્યુનિટી-બેઝ બનાવવા પર ભાર મુકી રહ્યા છે. દેશભરના 15થી વધારે શહેરોમાં 35 સેન્ટર્સ પર યોજાયેલ આ દિવસભર ચાલનાર સેલિબ્રેશનમાં 2,500થી વધારે પાલતુ પશુઓ(પેટ્સ) અને 3,500થી વધારે માલિકોએ ભાગ લીધો.'લાઈફ ઈઝ સિમ્પલી, અનડિનાયબલી બેટર ટુગેધર'( સાથે જીવન એ ખરા અર્થમાં અને ચોક્કસ વધારે સારું છે) થીમ પર આધારિત 'ઈન્ટરનેશનલ હેપ્પી પેટ્સ ડે 2026'માં પાલતુ જાનવરો અને તેમના માલિકો માટે અનેક આનંદદાયક અનુભવનો સમાવેશ થતો હતો.આ સાથે જ ફ્રી હેલ્થ ચેક-અપ અને વેલનેસ કંસલ્ટેશન મારફતે વધારે હેલ્થકેર માટે પણ પ્રોત્સાહન આપવામાં આવ્યું છે.આ ઈવેન્ટમાં 'પેટ ફર્સ્ટ એડ કિટ' પણ લોંચ કરવામાં આવેલ છે, જેથી પેટ્સને વધારે સારા હેલ્થકેર પર બ્રાન્ડનું ફોક્સ વધારે મજબૂત થાય.ઈવેન્ટના ભાગરૂપે અમદાવાદમાં જિગલી Zigly Pet Care સેન્ટર્સ પર પાલતુ જાનવરોના માલિકોને વેટેરિનેરિયનની દેખરેખમાં થયેલ 'પેટ ફર્સ્ટ એડ વર્કશોપ'માં ભાગ લીધો કે જ્યાં તેમણે ઈમર્જન્સી કેર માટે શીખવવામાં આવેલ.આ પ્રસંગે Zigly Pet Careના CEO સૌરભ જૈને જણાવ્યું હતું કે 'ઈન્ટરનેશનલ હેપ્પી પેટ્સ ડે હંમેશા પેટ્સ અને તેમના પરિવાર વચ્ચે કોઈ જ શરત વગર સ્નેહને લઈ સેલિબ્રેશન કરવાનો આ શાનદાર દિવસ છે.

## રિલાયન્સ કેપિટલ કૌભાંડ

### અનિલ અંબાણી સીબીઆઈ એફઆઈઆર મામલે ઈપીએફઓ ભંડોળ સાથેની છેતરપિંડીના ગંભીર આરોપો

નવી દિલ્હી : દેશના કોર્પોરેટ જગતમાં ફરી એકવાર ભૂકંપ સર્જાય તેવા મોટા સમાચાર સામે આવ્યા છે. જાણીતા ઉદ્યોગપતિ અનિલ અંબાણી અને તેમની પ્રમુખ કંપની રિલાયન્સ કેપિટલ લિમિટેડ સામે કેન્દ્રીય તપાસ એજન્સી દ્વારા કડક પગલાં લેવામાં આવ્યા છે. કર્મચારીઓના ભવિષ્ય નિધિના કરોડો રૂપિયાના ફંડ સાથે ચેડાં કરવા અને કંપનીના નાણાકીય ભંડોળનો દુરુપયોગ કરવાના ગંભીર આરોપો હેઠળ સત્તાવાર રીતે એફઆઈઆર નોંધવામાં આવી છે, જેના કારણે આર્થિક કોરિડોરમાં ચર્ચાઓનો દોર શરૂ થઈ ગયો છે.પ્રાપ્ત સત્તાવાર વિગતો અને મીડિયા અહેવાલ અનુસાર, એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન (EPFO) ના વિશાળ ફંડને આર્થિક નુકસાન પહોંચાડવા બદલ સીબીઆઈ (CBI) દ્વારા ઉદ્યોગપતિ અનિલ અંબાણી અને રિલાયન્સ કેપિટલ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. મુખ્ય આરોપ એ છે કે રિલાયન્સ કેપિટલના નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર (NCD) માં મોટા પાયે રોકાણ કરાવવાના બહાને ઈપીએફઓ સંસ્થાને કુલ રૂપિયા ૧,૮૧૬.૨૨ કરોડનું જંગી નાણાકીય નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા ગત ૨૧મી જુલાઈના રોજ આ મામલે ગુનાઈત કાવતરું અને છેતરપિંડીની ફરિયાદ નોંધાવવામાં આવી હતી.આ સમગ્ર પ્રકરણ પાછળ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) ની વિસ્તૃત તપાસ અને બીડીઓ ઈન્ડિયા એલએલપી દ્વારા તૈયાર કરાયેલા ઓડિટ રિપોર્ટની મુખ્ય ભૂમિકા રહી છે. રિપોર્ટ અનુસાર, સાતમી ડિસેમ્બર ૨૦૧૯થી છઠ્ઠી ડિસેમ્બર ૨૦૨૧ વચ્ચેના સમયગાળા દરમિયાન રિલાયન્સ કેપિટલ દ્વારા અત્યંત શંકાસ્પદ અને છેતરપિંડીભર્યા નાણાકીય વ્યવહારો કરવામાં આવ્યા હોવાના મજબૂત પુરાવા સાંપડ્યા છે. કંપનીના ભંડોળનો અયોગ્ય દુરુપયોગ અને અનિયમિત ધિરાણ પદ્ધતિઓના કારણે જ આખરે રિલાયન્સ કેપિટલનું પતન થયું હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. આ મામલાની પૃષ્ઠભૂમિ તપાસતા જાણવા મળે છે કે રિલાયન્સ કેપિટલ દ્વારા વર્ષ ૨૦૧૩ અને ૨૦૧૪ના સમયગાળામાં સિક્યોર્ડ નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સ (NCD) બજારમાં બહાર પાડવામાં આવ્યા હતા. તે સમયગાળા દરમિયાન પોર્ટફોલિયો મેનેજરોની મધ્યસ્થી દ્વારા ઈપીએફઓ ફંડ્સમાંથી અંદાજે ૨૫૦૦ કરોડ રૂપિયાનું જંગી રોકાણ આ ડિબેન્ચર્સમાં કરવામાં આવ્યું હતું.




## LAPL Automotive Limited ક્ષમતા વિસ્તરણ માટે ₹32.40 કરોડનો 'ફ્રેશ ઈશ્યુ' IPO લાવી રહી છે; 6 ઓગસ્ટથી શરૂઆત

મુંબઈ :LAPL Automotive Limited એ ટુ-વ્હીલર, થ્રી-વ્હીલર, ફોર-વ્હીલર, બસો અને યુટિલિટી વાહનો માટે ઓટોમોટિવ લાઈટિંગ, મોટર, મિરર્સ (અરીસા) અને અન્ય ઘટકોનું સંકલિત ઉત્પાદન કરતી કંપની છે. કંપની BSE SME પ્લેટફોર્મ પર તેના 'ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ' (IPO) સાથે મૂડી બજારમાં પ્રવેશ કરી રહી છે. આ IPO સંપૂર્ણપણે 'ફ્રેશ ઈશ્યુ' (નવા શેરની ફાળવણી) છે, જેમાં 10ની ફેસ વેલ્યુ (અંકિત મૂલ્ય) ધરાવતા 34.46 લાખ સુધીના ઈક્વિટી શેર બહાર પાડવામાં આવશે. કંપનીનો ઉદ્દેશ્ય શેર દીઠ 88 - 94ની પ્રાઈસ બેન્ડ (કિંમતની શ્રેણી) દ્વારા 32.40 કરોડ એકત્ર કરવાનો છે (લોટ સાઈઝ: ઓછામાં ઓછા 2,400 શેર અને ત્યારબાદ 1,200 ઈક્વિટી શેરના ગુણાંકમાં). કંપની આ IPOમાંથી મળનારી ચોખ્ખી રકમનો ઉપયોગ નીચે મુજબના કાર્યો માટે કરવાની યોજના ધરાવે છે: મહારાષ્ટ્રના ઔરંગાબાદ (છત્રપતિ સંભાજીનગર) સ્થિત શેન્દ્રાના ઓરિક સિટી (Auric City) ખાતે પ્લોટ નં. 68-1, સેક્ટર નં. 5 પર નવી ઉત્પાદન સુવિધા સ્થાપવા માટે મૂડી ખર્ચની જરૂરિયાતો પૂરી કરવી; કંપની દ્વારા લેવામાં આવેલી અમુક બાકી સુરક્ષિત લોન (secured borrowings) ની સંપૂર્ણ અથવા આંશિક ચુકવણી/અગાઉથી ચુકવણી કરવી; અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે. એન્કર રોકાણકાર માટેની તારીખ બુધવાર, 5 ઓગસ્ટ, 2026 નક્કી કરવામાં આવી છે. આ IPO જાહેર સબ્સ્ક્રિપ્શન માટે ગુરુવાર, 6 ઓગસ્ટ, 2026ના રોજ ખુલશે અને સોમવાર, 10 ઓગસ્ટ, 2026ના રોજ બંધ થશે.

## ૨030 સુધીમાં ભારતની ડેટા સેન્ટર ક્ષમતા ૩ ગીગાવેટ સુધી સીમિત રહી શકે: એક્સિસ કેપિટલ રિપોર્ટ

નવી દિલ્હી : ભારતના ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડેટા સેન્ટર (Data Centre) ક્ષેત્રને લઈને એક મહત્વપૂર્ણ અહેવાલ સામે આવ્યો છે. 'એક્સિસ કેપિટલ' (Axis Capital) દ્વારા જારી કરવામાં આવેલા તાજેતરના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે એક્ઝિક્યુશન બોટલનેક્સ (અમલીકરણની અડચણો) અને સપ્લાય-ચેઈન (પુરવઠા શૃંખલા) ની મર્યાદાઓના કારણે ભારતમાં ડેટા સેન્ટર ક્ષમતાના વિસ્તરણને મોટો આંચકો લાગી શકે છે. ઉદ્યોગ જગત દ્વારા ૨૦૩૦ સુધીમાં ૬ ગીગાવેટ (GW) થી વધુ ક્ષમતાના દાવા કરવામાં આવી રહ્યા છે, પરંતુ વાસ્તવિક પરિસ્થિતિ જોતાં ઓપરેશનલ ક્ષમતા આશરે ૩ ગીગાવેટ સુધી જ સીમિત રહેવાની સંભાવના છે.રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે કે વર્તમાન સમયમાં ભારતની ઈન્સ્ટોલ્ડ ડેટા સેન્ટર ક્ષમતા આશરે ૧.૪ ગીગાવેટ જેટલી છે. જો કે, ભવિષ્ય માટે જાહેર કરાયેલા વિસ્તરણના આયોજનો એક્ઝિક્યુશનના પડકારોને ધ્યાનમાં લેતા અતિશયોક્તિભર્યા (inflated) લાગે છે.

રિપોર્ટ મુજબ, "૨૦૩૦ સુધીમાં ૬-૮ ગીગાવેટની જાહેરાત કરાયેલા ક્ષમતા લક્ષ્યાંકો ફૂલેલા દેખાય છે; નિષ્ણાતોનો વાસ્તવિક અંદાજ ૨૦૩૦ ના મધ્ય સુધીમાં સંચયિત ૩.૪-૩.૬ ગીગાવેટ ઓપરેશનલ ડીસી ક્ષમતાનો છે. વધુ રૂઢિચુસ્ત આધાર પર જોઈએ તો... એક્ઝિક્યુશનની મર્યાદાઓને કારણે તે સમય સુધીમાં માત્ર ૨.૮ ગીગાવેટ ક્ષમતા જ વાસ્તવમાં કાર્યરત થઈ શકશે."

## ભારતમાં ડેટા બ્રીચનો સરેરાશ ખર્ચ વધીને રેકોર્ડ અઢી કરોડ રૂપિયા થયો, આઈબીએમનો ચોંકાવનારો રિપોર્ટ

બેંગલુરુ : ભારતીય કોર્પોરેટ અને ડિજિટલ જગત માટે સાયબર સુરક્ષાના મોરચે એક અત્યંત ચિંતાજનક અહેવાલ સામે આવ્યો છે. વૈશ્વિક ટેક્નોલોજી દિગ્ગજ 'આઈબીએમ' (IBM) દ્વારા સોમવારે જારી કરવામાં આવેલા '૨૦૨૬ કોસ્ટ ઓફ અ ડેટા બ્રીચ રિપોર્ટ' (2026 Cost of a Data Breach Report) મુજબ, ભારતમાં ડેટા બ્રીચ (ડેટા ચોરી કે સુરક્ષાભંગ) નો સરેરાશ ખર્ચ વધીને વિક્રમી સ્તરે પહોંચી ગયો છે. સાયબર હુમલાઓ વધુ અત્યાધુનિક બનતા કંપનીઓને આર્થિક નુકસાનનો મોટો સામનો કરવો પડી રહ્યો છે.

ડેટા બ્રીચના ખર્ચમાં અને પ્રભાવમાં મોટો ઉછાળો

રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે વર્ષ ૨૦૨૬ માં ભારતમાં ડેટા બ્રીચનો સરેરાશ ખર્ચ વધીને રેકોર્ડ ૨૫.૫ કરોડ રૂપિયા (Rs 25.5 crore) થયો છે, જે ગયા વર્ષના ૨૨ કરોડ રૂપિયાની સરખામણીએ ૧૫.૯ ટકાનો મોટો વધારો દર્શાવે છે. આ સાથે જ ડેટા બ્રીચના કદ અને વ્યાપમાં પણ વધારો થયો છે, જ્યાં ૨૦૨૫ માં પ્રતિ ઘટના સરેરાશ ૩૮,૨૦૦ રેકોર્ડ્સ સાથેડા થતા હતા, જે વધીને ૨૦૨૬ માં આશરે ૩૯,૫૦૦ રેકોર્ડ્સ પ્રતિ ઘટના સુધી પહોંચી ગયા છે.

તપાસના તારણો અનુસાર, ભારતમાં થયેલા તમામ દુર્ભાવનાપૂર્ણ (malicious) ડેટા બ્રીચમાંથી ૨૬ ટકા હુમલાઓ એઆઈ-જનરેટેડ (AI-generated) હતા, જે દર્શાવે છે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સાયબર હુમલાઓને વધુ ઝડપી, જટિલ અને મોટા પાયે ફેલાવવામાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે.

## જેપી મોર્ગનનો ચોંકાવનારો રિપોર્ટ

### એઆઈના કારણે વલ્નરેબિલિટી એક્સપ્લોઈટ કરવાનો સમય ઘટીને માત્ર એક દિવસ થયો

નવી દિલ્હી : વૈશ્વિક ટેક્નોલોજી અને સાયબર સુરક્ષા જગતમાં ચિંતા ફેલાવા જેવા મોટા સમાચાર સામે આવ્યા છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના અત્યંત ઝડપી વિકાસે સાયબર સુરક્ષાના સમગ્ર દ્રશ્યપટને મૂળભૂત રીતે બદલી નાખ્યો છે. 'જેપી મોર્ગન એસેટ એન્ડ વેલ્થ મેનેજમેન્ટ' (J.P. Morgan Asset & Wealth Management) દ્વારા જારી કરવામાં આવેલા તાજેતરના રિપોર્ટમાં ચેતવણી આપવામાં આવી છે કે એઆઈના કારણે સોફ્ટવેરની નબળાઈઓ (vulnerabilities) શોધવી અને તેનો ગેરલાભ ઉઠાવવો ખૂબ જ ઝડપી બની ગયો છે, જ્યારે બીજી તરફ કોર્પોરેટ સંસ્થાઓ અને કંપનીઓ સમયસર સાયબર પેચ લાગુ કરવામાં સંઘર્ષ કરી રહી છે. રિપોર્ટમાં ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે કે સોફ્ટવેર વલ્નરેબિલિટી જાહેર (disclosure) થવાની અને તેના પર પ્રથમ વખત હુમલો (exploitation) થવાની વચ્ચેનો સમયગાળો હવે તીવ્રપણે ઘટીને માત્ર એક દિવસ (એટલે કે ઝીરો-ડે ઈવેન્ટ) જેટલો જ રહી ગયો છે. આ સ્થિતિ અંગે રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે કંપનીઓ પાસે સામાજિક કે સુરક્ષાત્મક પ્રતિક્રિયા આપવા માટે એટલો ઓછો સમય બચે છે જેટલો સમય 'ટોર્નાડો એલી' (Tornado Alley) ના રહેવાસીઓ પાસે બચાવ માટે હોય છે.મિથોસ (Mythos) અને જીપીટી ૫.૫ (GPT 5.5) જેવા અદ્યતન એઆઈ મોડલ્સ અગાઉ અજ્ઞાત સોફ્ટવેર ક્ષતિઓ શોધવાની ક્ષમતામાં સુધારો તો કરી જ રહ્યા છે, પરંતુ દુર્ભાગ્યે સાયબર ગુનેગારો, રેન્સમવેર ઓપરેટરો, આતંકવાદીઓ અને હેક્ટિવિસ્ટો પણ સમાન ક્ષમતાઓનો દુરુપયોગ કરીને મોટા હુમલાઓને અંજામ આપી રહ્યા છે.આંકડાકીય વિશ્લેષણ દર્શાવે છે કે વર્ષ ૨૦૨૫ માં વૈશ્વિક સ્તરે સાયબર હુમલાઓમાં ૧૮ ટકાનો જંગી વધારો થયો છે, અને દર કલાકે આશરે ૭૫,૦૦૦ જેટલા હુમલાઓ થઈ રહ્યા છે, જેમાં ફિશિંગ (Phishing) હજુ પણ સૌથી મોટું માધ્યમ બનેલું છે. આ ઉપરાંત, વિશ્વભરમાં આશરે ૪.૮ મિલિયન સાયબર સુરક્ષા વ્યાવસાયિકોની ભારે અછત પ્રવર્તી રહી છે, જેના કારણે સંસ્થાઓની સુરક્ષાત્મક ક્ષમતાઓ પર વધારાનું ભારણ આવી ગયું છે.જેપી મોર્ગનના જણાવ્યા અનુસાર, એઆઈ મોડલ્સ હવે મોટા પાયે હજારો અગાઉ અજ્ઞાત નબળાઈઓ શોધવામાં સક્ષમ છે.

## શેરબજારમાં તેજી | અમેરિકા અને ઈરાન વચ્ચેનો તણાવ ઘટતા

# આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં પાંચ ટકાનો કડાકો

નવી દિલ્હી/વાશિંગ્ટન : વૈશ્વિક રાજકારણમાંથી આમ જનતા માટે રાહતરૂપ સમાચાર સામે આવ્યા છે. લાંબા સમયથી ચાલી રહેલા તણાવ અને યુદ્ધના માહોલ વચ્ચે હવે અમેરિકા અને ઈરાન વચ્ચે સંબંધો સુધારવા તરફ કદમ માંડવામાં આવ્યા છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતોમાં મોટો ઘટાડો નોંધાતા આગામી સમયમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પણ રાહત મળવાના સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે. અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા તીવ્ર સંઘર્ષની સીધી અસર વૈશ્વિક અર્થવ્યવસ્થા અને ક્રૂડ ઓઈલના બજાર પર જોવા મળી રહી છે. અગાઉ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આક્રમક નિવેદનોથી બજારમાં ભારે અસ્થિરતા પ્રવર્તતી હતી. જોકે, તાજેતરમાં યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન પર પ્રસ્તાવિત સૈન્ય હુમલો હાલ પૂરતો ટાળી દેવાની મોટી



જાહેરાત કરી છે. ટ્રમ્પે સ્પષ્ટ કર્યું હતું કે જો આ હુમલો થયો હોત તો તે બીજા વિશ્વયુદ્ધ પછીનો સૌથી વિનાશક હુમલો સાબિત થઈ શક્યો હોત. વધુ જાનમાલનું નુકસાન અટકાવવા માટે હવે કૂટનીતિ અને વાતચીત જ એકમાત્ર શ્રેષ્ઠ વિકલ્પ છે. સોમવારથી તેહરાન સાથે ડિપ્લોમેટિક વાટાઘાટોનો નવો દોર શરૂ થઈ રહ્યો છે. આ શાંતિ પ્રયાસોની હકારાત્મક અસર તરત જ વૈશ્વિક બજાર પર જોવા મળી હતી. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં આશરે ૫% સુધીનો મોટો ઘટાડો નોંધાયો છે. બ્રિન્ટ ક્રૂડ ઓઈલનો ભાવ ઘટીને પ્રતિ બેરલ ૮૩ ડોલરની આસપાસ આવી ગયો છે, જ્યારે WTI (વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીટ) ક્રૂડ ઓઈલ પણ ઘટીને પ્રતિ બેરલ ૮૦ ડોલરના સ્તરે પહોંચી ગયું છે. અગાઉ કટોકટીના કારણે કિંમતો sky-high પહોંચી ગઈ હતી, પરંતુ આ ઘટાડાથી બજારને મોટી રાહત મળી છે.

આ સમગ્ર વિવાદના કેન્દ્રમાં 'હોર્મુઝ સ્ટ્રેટ' (Strait of Hormuz) મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલ અને નેચરલ ગેસના પરિવહન માટે આ સમુદ્રી માર્ગ અત્યંત સંવેદનશીલ અને જીવનવાહક ગણાય છે. વિશ્વની કુલ જરૂરિયાતનો લગભગ ૨૦ ટકા જેટલો ઓઈલ જથ્થો આ જ જળમાર્ગથી પસાર થાય છે. આ માર્ગ બંધ થવાથી કે અડચણ ઊભી થવાથી વૈશ્વિક સ્તરે મોંઘવારીનું જોખમ વધતું હોય છે. આ કરાર દ્વારા આ માર્ગ ફરીથી સંપૂર્ણપણે ખુલે તેવી આશા જાગી છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે તણાવ હળવા થવાના આ હકારાત્મક સંકેતોની સીધી અસર શેરબજાર પર પણ જોવા મળી છે. અમેરિકન શેરબજારમાં ડાઉ જોન્સ અને એસ એન્ડ પી ઈન્ડેક્સ મજબૂત બંધ થયા હતા. આ વૈશ્વિક તેજી પાછળ ભારતીય શેરબજારમાં પણ જોરદાર ઉત્સાહ જોવા મળ્યો હતો. બીએસઈ સેન્સેક્સ (BSE Sensex) અને એનએસઈ નિફ્ટી (NSE Nifty) મજબૂત ઉછાળા સાથે ખૂલ્યા હતા અને સકારાત્મક રેન્જમાં ટ્રેડિંગ જોવા મળ્યું હતું, જેનાથી રોકાણકારોમાં ખુશીનો માહોલ છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, અષાઢ વદ - 06

# પોલિમર નોટ : 10 રૂપિયાની એક નોટ છાપવાનો ખર્ચ 96 પૈસા છે

ઓનલાઈન ચુકવણી વધવા છતાં પણ રોકડનો ઉપયોગ ઓછો થઈ રહ્યો નથી. માર્ચ૨૦૨૫ માં પૂરા થયેલા નાણાકીય વર્ષમાં કાગળની નોટ છાપવા માટે રૂા. ૬,૩૭૨.૮ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો, જેનો ખર્ચ એક વર્ષ પહેલા સુધી રૂા. ૫,૧૦૧.૪ કરોડ રહ્યો હતો. આ ખર્ચ રોકડની માગ વધવાના કારણે આવ્યો છે. અહેવાલો પ્રમાણે છેલ્લાં એક દાયકામાં કાગળની નોટો છાપવા પાછળ ૫૨ હજારો કરોડ કરતા વધારે રૂપિયાનો ખર્ચ થયો છે : ૨૦ રૂપિયાની એક નોટ છાપવામાં ૯૫ પૈસાનો ખર્ચ જ્યારે ૫૦ રૂપિયાની એક નોટ છાપવાનો ખર્ચ ૧ રૂપિયો ૧૩ પૈસા થાય છે. ૧૦૦ રૂપિયાની એક નોટ છાપવામાં ૧ રૂપિયો ૭૭ પૈસાનો જ્યારે ૨૦૦ રૂપિયાની એક નોટ છાપવી હોય તો તેના માટે ૨ રૂપિયા ૩૭ પૈસાનો ખર્ચ કરવો પડે તેમ છે. ૫૦૦ રૂપિયાની એક નોટ છાપવામાં ૨ રૂપિયા ૨૯ પૈસાનો ખર્ચ આવે છે. ડિજિટલ પેમેન્ટના ઝડપથી વધતા યુગમાં પણ કેશ એટલે કે નોટોનો ચલણ ઓછો થયો નથી. ખિસ્સામાં રાખેલી કાગળની નોટ અવારનવાર પરસેવો થવાથી, વરસાદમાં પલળવાથી કે વારંવાર ઉપયોગ કરવાથી જલ્દી ફાટી કે ગંદી થઈ જાય છે. આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે દુનિયાના ઘણા દેશોએ પ્લાસ્ટિક એટલે કે પોલિમરની બેંક નોટો અપનાવવાનું શરૂ કરી દીધું છે. સામાન્ય બોલચાલની ભાષામાં લોકો તેને 'પ્લાસ્ટિકની નોટ' કહે છે, પરંતુ ટેકનિકલ રીતે તે એક ખાસ પ્રકારના પોલીપ્રોપીલીન પ્લાસ્ટિકમાંથી બને છે, જે સ્પર્શ કરવામાં વળી શકે તેવી અને ખૂબ જ મજબૂત હોય છે. ભારતે પણ હવે આ દિશામાં કામગીરી શરૂ કરી છે. ૨૦૧૬માં નોટબંધી આવ્યા બાદ હવે એક દાયકા બાદ ૨૦૨૬માં પોલિમરની નોટો લાવવાનું કામ મોદી સરકાર દ્વારા કરવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, સંસદમાં નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ લોકસભામાં એક લેખિત જવાબમાં માહિતી આપતા જણાવ્યું હતું કે ૧૦ અને ૨૦ રૂપિયાની ૨૦૦ કરોડ નોટ્સનું પ્રિન્ટિંગ થશે. આ નોટોની કુલ વેલ્યુ ૩ હજાર કરોડ રૂપિયા થશે. સરકારે પોલિમર કરન્સી નોટોના ફિલ્ડ ટ્રાયલ માટે ભારતીય રિઝર્વ બેંકના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. આ પહેલાં ઈમૈં એ પોતાના સેન્ટ્રલ બોર્ડની ભલામણ પર રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એક્ટ, ૧૯૩૪ની કલમ ૨૫ હેઠળ સરકારને આ અંગે એક પ્રસ્તાવ મોકલ્યો હતો. ખાસ વાત એ છે કે, આ પહેલી વખત નથી કે આરબીઆઈ પ્લાસ્ટિક અથવા તો પોલિમરની નોટો છાપીને તેને ચલણમાં લાવવા માગે છે. આ પહેલાં ૨૦૧૨-૧૩માં પણ યુપીએ સરકારના કાર્યકાળમાં આરબીઆઈ દ્વારા ૧૦ રૂપિયાની પોલિમરની નોટો જારી કરવામાં આવી હતી. તે વખતે પોલિમરની નોટોનું ટ્રાયલ કરવા માટે ૧ અબજ નોટને સર્ક્યુલેશનમાં મુકવામાં આવી હતી. તે સમયે કોચી, જયપુર, મૈસુર, શિમલા, ભુવનેશ્વર જેવા શહેરોમાં આ નોટો ટ્રાયલ માટે ફરતી કરવામાં આવી હતી. જો કે, સરકારે ત્યારબાદ ટ્રાયલ અટકાવી દીધી હતી. હવે ૧૫ વર્ષ બાદ ફરી એક વખત કેન્દ્ર સરકારે આ દિશામાં કામગીરી શરૂ કરી છે. જાણકારોના મતે નકલી નોટોનું નેક્સસ રોકવા માટે અને પ્રિન્ટિંગ ખર્ચ બચાવવા માટે જ સરકાર દ્વારા આ પગલું ભરાયું હોય તેમ લાગી રહ્યું છે. સૌથી રસપ્રદ બાબત એ છે કે, આ નોટોની પ્રિન્ટિંગનો ખર્ચ કેટલો થાય છે. સામાન્ય રીતે લોકોને લાગે છે કે પ્લાસ્ટિક સસ્તું હશે તો નોટ પણ સસ્તી છપાતી હશે, પરંતુ હકીકત આનાથી ઊલટી છે. ભારતની વાત કરીએ તો અહીં પ્લાસ્ટિક નોટનું છાપકામ હજુ સત્તાવાર રીતે શરૂ થયું નથી અને ના તો આનો ખર્ચ સામે આવ્યો છે. જોકે દુનિયાના જે દેશોમાં આ છપાય છે, ત્યાં કોટન પેપરની નોટની સરખામણીમાં ૩૦ ટકાથી ૫૦ ટકા સુધી વધુ ખર્ચ આવે છે. કેટલાક જાણકારો નામે છે કે, આમાં શરૂઆતી ખર્ચથી લઈને લાંબા ગાળાની બચત સુધીનું મહત્વ રહેલું છે. વર્ષ ૨૦૨૧-૨૨માં એક ઈમૈં થી મળેલી માહિતી અનુસાર ૧૦ રૂપિયાથી લઈને ૫૦૦ રૂપિયા સુધીની દરેક નોટ છાપવામાં કેટલો ખર્ચ આવતો હતો તેની વિગતો સામે આવી છે. સામાન્ય રીતે ૧૦ રૂપિયાની એક નોટ છાપવામાં ૯૬ પૈસાનો ખર્ચ આવે છે. તેવી જ રીતે ૨૦ રૂપિયાની એક નોટ છાપવામાં ૯૫ પૈસાનો ખર્ચ જ્યારે ૫૦ રૂપિયાની એક નોટ છાપવાનો ખર્ચ ૧ રૂપિયો ૧૩ પૈસા થાય છે. મોટી ચલણી નોટોની વાત કરીએ તો ૧૦૦ રૂપિયાની એક નોટ છાપવામાં ૧ રૂપિયો ૭૭ પૈસાનો ખર્ચ આવે છે. તેવી જ રીતે ૨૦૦ રૂપિયાની એક નોટ છાપવી હોય તો તેના માટે ૨ રૂપિયા ૩૭ પૈસાનો ખર્ચ કરવો પડે તેમ છે. હાલમાં ચલણમાં રહેલી સૌથી મોટી નોટ એટલે કે, ૫૦૦ રૂપિયાની એક નોટ છાપવામાં ૨ રૂપિયા ૨૯ પૈસાનો ખર્ચ આવે છે. આમ સરેરાશ આ નોટો છાપવાનો ખર્ચ ઘણો વધારે છે.

એક અહેવાલ પ્રમાણે સરકાર દ્વારા ૧૦ અને ૨૦ રૂપિયાની જે ૨૦૦ કરોડ નોટ છાપવાનો આદેશ અપાયો છે તેની પાછળ હાલમાં ૧૯ કરોડનો ખર્ચ આવે તેવું દેખાઈ રહ્યું છે.

## નખત્રાણામાં ભારત વિકાસ પરિષદની નવી શાખાનો પ્રારંભ, સેવાભાવી ટીમને સોંપાઈ જવાબદારી



જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

ભારત વિકાસ પરિષદ, કચ્છ પ્રાંતની નવી શાખાની સ્થાપના માટે નખત્રાણા શહેરના આનંદનગર સ્થિત જલારામ મંદિરે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં ભુજ અને અંજારથી પ્રાંતના અધિકારીઓ ડૉ. અનંતકુમાર હોંગલ અને પ્રેયસભાઈ ધોળકિયા ખાસ ઉપસ્થિત રહી નખત્રાણા શાખાની રચના તથા હોદ્દેદારોની નિમણૂક કરી હતી. અધિકારીઓએ ભારત વિકાસ પરિષદના ધ્યેય, ઉદ્દેશો અને વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. 12 જાન્યુઆરી, 1963ના રોજ સ્થાપિત આ બિનરાજકીય અને સ્વૈચ્છિક સંસ્થા રાષ્ટ્રીય એકતા, ભારતીય સંસ્કૃતિના મૂલ્યો તથા સમાજસેવાને સમર્પિત રહી કાર્યરત છે. આરોગ્ય નિદાન કેમ્પો, કૃત્રિમ અંગ વિતરણ, વૃક્ષારોપણ, પર્યાવરણ જાગૃતિ અને જરૂરિયાતમંદોની સેવા જેવી અનેક પ્રવૃત્તિઓ દ્વારા સંસ્થા સમાજમાં આગવી ઓળખ ધરાવે છે.પરિષદના પાંચ મુખ્ય સૂત્રો - સંપર્ક, સહયોગ, સંસ્કાર, સેવા અને સમર્પણ -ને જીવનમાં ઉતારી સમાજહિતના કાર્યોને વધુ ગતિ આપવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.આ પ્રસંગે નખત્રાણા કોલેજના પ્રિન્સિપાલ શ્રી વિષ્ણુભાઈ ત્રિવેદીની કપડવંજ ખાતે બદલી થતા ભારત વિકાસ પરિષદ દ્વારા તેમને શાલ ઓઢાડી ભાવપૂર્ણ સન્માન કરવામાં આવ્યું હતું.નવી શાખાના પ્રમુખ તરીકે ભરતભાઈ કોટડીયા, મંત્રી તરીકે મનોજભાઈ નાકરાણી અને ખજાનચી તરીકે મિતેશભાઈ સાંખલાની નિમણૂક કરવામાં આવી હતી. ઉપપ્રમુખ તરીકે દિનેશભાઈ જોશી, સુભાષભાઈ જોશી, જીતુભા જાડેજા, સૂર્યકાંતભાઈ ધનાણી, ચંદુભાઈ લીંબાણી, મેઘાભાઈ રબારી, ભરતભાઈ ગરવા અને શક્તિસિંહ જાડેજાને જવાબદારી સોંપવામાં આવી હતી.કાર્યક્રમમાં છગનભાઈ ધનાણી, ભુપેશભાઈ રામાણી, ડૉ. ભરતભાઈ ગરવા, સંજયભાઈ મહેતા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન પ્રિન્સિપાલ શ્રી વિષ્ણુભાઈ ત્રિવેદીએ કર્યું હતું, જ્યારે ઉપસ્થિત સભ્યોએ નવી શાખા દ્વારા સમાજહિતના કાર્યોને વધુ વેગ મળે તેવી શુભેચ્છા વ્યક્ત કરી હતી.

## ચાણસ્મા ડેપો પ્રવેશતાં છેલ્લા 2 વર્ષ થી ખાડા પડી જતાં ખાડામાં પટકાતી એસ ટી બસો



નિતીન ઠાકર ચાણસ્મા

ચાણસ્મા ડેપોમાં પ્રવેશતાં દરવાજા પાસે છેલ્લા.2 વર્ષથી ખાડા પડી જવાના કારણે ડેપોમાં આવન જાવન કરતી બસો ખાડામાં પટકાઇ રહી છે જ્યારે હાલ માં પડી રહેલા વરસાદના કારણે ખાડાઓમાં વરસાદી પાણી ભરાઈ રહેતાં ખાડાઓમાંથી કપચી ઉખડી ફેલાઈ જવાના કારણે ડેપોમાં આવતાં મુસાફરો પરેશા થઈ રહ્યા છે જ્યારે ડેપો મેનેજર દ્વારા ડેપો પરીષર માં પડેલા ખાડાનું રીપેરીંગ કરવા વિભાગીય કચેરી મહેસાણા ઓફિસને લેખિત જાણ કરાઈ હોવાનું ડેપો મેનેજર મનિષા બા દરબારે જણાવ્યું હતું.

## રવાપર ગ્રામ પંચાયત દ્વારા નવીન આંગણવાડીનું ભવ્ય લોકાર્પણ, બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે નવું સોપાન



મહેશ એલ. સોની નખત્રાણા

રવાપર ગ્રામ પંચાયત પરિવાર દ્વારા આજ રોજ ગામમાં નવીન આંગણવાડીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી ભારતીબેન ગોસ્વામી અને જિલ્લા પંચાયત સદસ્યા શ્રીમતી નેહા અશ્વિન રૂપારેલના હસ્તે ફીત કાપીને આંગણવાડી ખુલ્લી મૂકવામાં આવી હતી.કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને સરપંચ શ્રી પરેશ વિશનજી રૂપારેલ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે મુખ્ય મહેમાન તરીકે અશ્વિન રૂપારેલ, CDPO શાંતાબેન ચૂડાસમા, સુપરવાઈઝર નીતાબેન, પ્રાથમિક શાળાના આચાર્ય હેતલબેન કણસાગર, તલાટી નવીનભાઈ મારુ તેમજ ગ્રામ પંચાયત સભ્યો દેવેન્દ્ર નાકરાણી, અબ્દુલભાઈ ચાકી, ઓસમાણ કુંભાર, જેઠાલાલ યાદવ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે સ્વ. વિશનજી દામજી રૂપારેલ પરિવાર દ્વારા બાળકો માટે પ્રોત્સાહન ગિફ્ટ અને અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી. આંગણવાડી સંચાલક ભારતીબેન ઈશ્વરભાઈ ચંદન સહિત ગામના તમામ આંગણવાડી સંચાલકો પણ આ પ્રસંગે હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સુંદર સંચાલન અશ્વિનભાઈ રૂપારેલ દ્વારા કરવામાં આવ્યું હતું જ્યારે આભારવિધિ જેઠાલ યાદવે કરી હતી.

## ખાંભા ખાતે અદ્યતન સરકારી તાલુકા ગ્રંથાલયનું લોકાર્પણ: પ્રજાજનો માટે જ્ઞાનનો નવો સૂર્યોદય

### તાલુકા પંચાયત પ્રમુખશ્રી શિવલાલભાઈ સુદાણીના હસ્તે રિબન કાપી ગ્રંથાલય ખુલ્લું મુકાયું



રાકેશ પ્રજાપતિ ખાંભા

ખાંભા તાલુકાના વિદ્યાર્થીઓ, યુવાનો અને ગ્રામજનોના શૈક્ષણિક તથા બૌદ્ધિક વિકાસ માટે આજે એક સુવર્ણ પ્રભાત ઊગ્યું છે. ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળના ગ્રંથાલય ખાતા (ગાંધીનગર) દ્વારા નવસ્થાપિત સરકારી તાલુકા ગ્રંથાલય, ખાંભા (જિ. અમરેલી) ની સેવાઓનો ભવ્ય લોકાર્પણ સમારોહ આજે, રવિવાર તા. ૦૨ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ બપોરે ૦૨:૩૦ કલાકે અત્યંત ઉત્સાહસભર માહોલમાં સંપન્ન થયો હતો.

આ આધુનિક લાઈબ્રેરીનું વિધિવત ઉદ્ઘાટન ખાંભા તાલુકા પંચાયતના માનનીય પ્રમુખશ્રી શિવલાલભાઈ સુદાણીના શુભ હસ્તે રિબન કાપીને કરવામાં આવ્યું હતું, અને તેને સ્થાનિક નાગરિકોની સેવા અર્થે સમર્પિત કરવામાં આવી હતી.વાંચન સંસ્કૃતિ અને યુવા સશક્તિકરણ પર વિશેષ ભાર લોકાર્પણ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ સમાજમાં સુષુપ્ત પડેલી વાંચન પ્રવૃત્તિને પુનર્જીવિત કરવા અને જ્ઞાનના વ્યાપક પ્રસાર પર વિશેષ ભાર મૂક્યો હતો.

આ લાઈબ્રેરીથી ખાંભા અને આસપાસના ગ્રામીણ વિસ્તારના યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ માટે ઉત્તમ પુસ્તકો અને વાતાવરણ મળશે.વાચકો માટે દૈનિક અખબારો, સાહિત્યિક તેમજ વિવિધ વિષયોના સમૃદ્ધ પુસ્તકો અને ગુણવત્તાસભર માહિતી સરળતાથી ઉપલબ્ધ છે.

આ ગરિમાપૂર્ણ સમારોહમાં ભાવનગર વિભાગના મદદનીશ ગ્રંથાલય નિયામક ડૉ. આર. ડી. પરમાર તેમજ કર્મચારી ગણ સર્વશ્રી પી. એમ. પંડ્યા, શ્રી વી. જી. સંઘવી અને શ્રી એ. કે. નકુમ વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત તમામ મહાનુભાવોએ ખાંભા તાલુકાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાંચનપ્રેમી નાગરિકોને આ સરકારી ગ્રંથાલયનો મહત્તમ ઉપયોગ કરવા અને તેના જ્ઞાનભંડારનો લાભ લેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવ્યું હતું. નવીન ગ્રંથાલય કાર્યરત થતાં જ સમગ્ર ખાંભા પંથકના વિદ્યાર્થીઓ અને યુવાવર્ગમાં ભારે હરખ અને ઉત્સાહની લહેર ફરી વળી છે.

## સંખેડામાં માર્ગ નિર્માણની નબળી ગુણવત્તા બેનકાબ: ચાર મહિનામાં જ રોડ બેસી જતાં મચી ચકચાર

રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા.

સંખેડામાં બંગલી ફળિયા તરફ જતા માર્ગ પર લાખો રૂપિયાના ખર્ચે બનેલા નાળા પાસેનો આરસીસી રોડ પહેલા જ વરસાદમાં બેસી ગયો છે. આ ઘટનાને કારણે કામગીરીની ગુણવત્તા અને ભ્રષ્ટાચાર અંગે સવાલો ઉભા થયા છે.તડવી સમાજની વાડી પાસેથી બંગલી ફળિયા જતા રોડ પરના આ નાળાનું નિર્માણ ચાર મહિના પહેલા જ થયું હતું. પાણીના પ્રવાહને કારણે નાળાની બાજુમાં ભરેલી માટી ધોવાઈ જતાં આરસીસી રોડ નીચે બેસી ગયો હતો.કરોડોના ખર્ચે બનેલા આ કામની આવી હાલતથી સ્થાનિક ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. તેઓ આ કામમાં ભ્રષ્ટાચારની આશંકા વ્યક્ત કરી રહ્યા છે.ઘટનાની જાણ થતાં જ તંત્ર હરકતમાં આવ્યું હતું. જેસીબી અને મજૂરો દ્વારા કોથળીઓ ભરીને સમારકામ શરૂ કરવામાં આવ્યું હતું. જોકે, સ્થાનિકોએ તંત્રની આ કામગીરીને 'ઘોડા છૂટી ગયા બાદ તબેલાને તાળા મારવા' જેવી ગણાવી હતી.ગ્રામજનોએ ઉચ્ચ અધિકારીઓ દ્વારા આ મામલે તાત્કાલિક તપાસ કરીને જવાબદાર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે.



## કચ્છભરમાં ગેસધારકોની મુશ્કેલી, પુરવઠા તંત્રને તાત્કાલિક પગલાં લેવા રજૂઆત

મહેશ એલ સોની નખત્રાણા

કચ્છ જિલ્લામાં રોજબરોજ ગેસ સિલિન્ડર માટે ગ્રાહકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ગેસ એજન્સીઓની મનમાની, વિલંબિત ડિલિવરી અને વધારાની ઉઘરાણીના કારણે સામાન્ય લોકો પરેશાન બન્યા છે. આ બાબતે જિલ્લા પંચાયતના સદસ્યા શ્રીમતિ નેહાબેન અશ્વિનભાઈ રૂપારેલે જિલ્લા પુરવઠા અધિકારી અને જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરી છે. તેમણે જણાવ્યું કે અગાઉ 45 દિવસે મળતો સિલિન્ડર હવે 30 દિવસે મળે તે માટેની વ્યવસ્થા કરવામાં આવે.પત્રમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે ઘણી એજન્સીઓ બુકિંગ ચાર્જ, ડિલિવરી ભાડા અને અન્ય વિવિધ બહાના હેઠળ સરકારી ભાવથી વધુ પૈસા વસૂલે છે. ઉપરાંત 40 થી 50 કિલોમીટર દૂર રહેતા ગ્રાહકો પાસેથી વધુ ભાડુ માંગવામાં આવે છે. અનેક જગ્યાએ કાળાબજારમાં ઊંચા ભાવે સિલિન્ડર વેચવાના કિસ્સા પણ સામે આવ્યા છે.શ્રીમતિ નેહાબેન રૂપારેલે માંગ કરી છે કે સેન્ટરથી દૂર આવેલા ગામોમાં પેટા ગેસ એજન્સી શરૂ કરવામાં આવે, જેથી લોકોને સમયસર અને યોગ્ય ભાવે ગેસ મળી રહે. સાથે જ તાલુકા પુરવઠા વિભાગ દ્વારા નિયમિત તપાસ કરીને ભ્રષ્ટાચાર કરતી એજન્સીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે.કનેક્શન ન મળવાને કારણે લોકો ગેરકાયદેસર રીતે જોડાણ લેવા મજબૂર બન્યા છે, જેના કારણે તેમને મોંઘા ભાવે ગેસ ખરીદવો પડે છે. તંત્ર દ્વારા આ સમસ્યાનો તાત્કાલિક ઉકેલ લાવવામાં આવે તેવી ગ્રાહકોની માંગ છે.

## દેશલપર (ગુંતલી)ના યુવાનોની આસ્થાને સલામ: નવા RCC માર્ગની ખુશીમાં 30 કિમી પગપાળા હાજીપીર દરગાહે પહોંચ્યા

### દેશલપર–મુરૂ–હાજીપીર માર્ગને ગણાવ્યો વિસ્તારની જીવાદોરી; સરકાર, અધિકારીઓ, જનપ્રતિનિધિઓ અને સહયોગીઓ પ્રત્યે વ્યક્ત કર્યો આભાર



જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

દેશલપર (ગુંતલી)થી હાજીપીર સુધી સરકારશ્રી દ્વારા મંજૂર કરવામાં આવેલ નવા RCC માર્ગના નિર્માણથી સમગ્ર વિસ્તારના ગ્રામજનોમાં આનંદની લાગણી છવાઈ છે. આ વિકાસકાર્યની ખુશી અનોખી રીતે વ્યક્ત કરતાં દેશલપર (ગુંતલી)ના યુવાનોએ આશરે 30 કિલોમીટરનું અંતર પગપાળા કાપી હાજીપીર દરગાહે પહોંચી સલામ ભરી હતી.આ પ્રસંગે હાસમભાઈ લુહારે જણાવ્યું હતું કે દેશલપર-મુરૂ-હાજીપીર RCC માર્ગ આ વિસ્તારના અનેક ગામો માટે જીવાદોરી સમાન સાબિત થશે. આરોગ્ય સેવાઓ માટે દર્દીઓને સમયસર હોસ્પિટલ પહોંચવામાં, વિદ્યાર્થીઓની અવરજવર, વેપાર-વ્યવસાય તેમજ ગ્રામજનોના દૈનિક જીવનમાં આ માર્ગ ખૂબ જ ઉપયોગી બનશે અને વિકાસને નવી દિશા આપશે. યુવાનોએ માર્ગ નિર્માણ માટે સરકારશ્રી, સંબંધિત વિભાગના અધિકારીઓ, જનપ્રતિનિધિઓ, રાજકીય આગેવાનો તેમજ આ કાર્યમાં સહયોગ આપનાર તમામ સામાજિક કાર્યકરોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. વિકાસની ખુશીને આસ્થા સાથે ઉજવવાનો આ પ્રયાસ સમગ્ર વિસ્તારમાં પ્રશંસાનું કેન્દ્ર બન્યો હતો.આ પગપાળા આસ્થા યાત્રામાં સાલે મોમદ જા કબ ખલીફા, એજાજ સૈયદ, રમજાન સરકી, અકબર સોઢા, હાસમ ઈશા લુહાર અને સાજીદ સરકી સહિતના યુવાનો ઉત્સાહભેર જોડાયા હતા.

## દાહોદ એસ.ટી. બસ ડેપો ખાતેથી 6 નવી એસ.ટી. બસોનો પ્રારંભ કરવામાં આવ્યો



દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ એસ.ટી. વિભાગ દ્વારા દાહોદ એસ.ટી. બસ ડેપોના પરિસરમાં નવી બસોને લીલી ઝંડી બતાવી સેવા શરૂ કરવામાં આવી.કાર્યક્રમમાં દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોરના હસ્તે નવી બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું.આ પ્રસંગે દાહોદના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી, નગરપાલિકાના પ્રતિનિધિઓ, અન્ય લોકપ્રતિનિધિઓ, એસ.ટી. વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ, વરિષ્ઠ નાગરિકો અને આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. નવી બસો શરૂ થતાં દાહોદ જિલ્લાના મુસાફરોને વધુ સારી, સુરક્ષિત અને સુવિધાસભર જાહેર પરિવહન સેવા ઉપલબ્ધ બનશે. આ પહેલ જિલ્લાના જાહેર પરિવહનને વધુ મજબૂત બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહી છે.

## સંખેડાના હાંડોદ રોડ પર માટી ધોવાતા સર્જાયો ભયજનક ખાડો

રિપોર્ટર .કમલેશ પટેલ | સંખેડા

સંખેડાથી હાંડોદ જતા માર્ગ પર પ્રથમ વરસાદમાં જ રોડની બાજુની માટી ધોવાઈ ગઈ છે. હીર પેટ્રોલ પંપ સામે લગભગ 10 ફૂટ ઊંડો ખાડો પડ્યો છે, જેના કારણે અકસ્માતનો ભય સેવાઈ રહ્યો છે. માર્ગ પર પાણીના નિકાલ માટે ખોદવામાં આવેલી સાઈડની માટી વરસાદના ભારે પ્રવાહને કારણે ધોવાઈ ગઈ હતી. આના પરિણામે



રોડની બાજુનો મોટો ભાગ ધસી પડ્યો અને 10 ફૂટ જેટલો ખાડો સર્જાયો.આ રોડ પરથી દરરોજ હજારો વાહનચાલકો પસાર થાય છે. રોડની બાજુમાં ખાડો પડવાથી ટુ-વ્હીલર અને ભારે વાહનો ચલાવતા લોકો માટે અકસ્માતનું જોખમ નોંધપાત્ર રીતે વધી ગયું છે.સ્થાનિક નાગરિકોએ તંત્ર સમક્ષ તાત્કાલિક ધોવાઈ ગયેલી જગ્યાનું પુરાણ કરીને રોડને સુરક્ષિત બનાવવાની માંગ કરી છે.ચોમાસાના પહેલા જ વરસાદમાં આવી સ્થિતિ સર્જાતા માર્ગ નિર્માણના કામની ગુણવત્તા અને તંત્રની કામગીરી પર ગંભીર સવાલો ઉભા થયા છે.

## લુણાવાડા એસટી ડેપોની બેદરકારી બેનકાબ

### મધ્યમાં પડેલા તોતિંગ ખાડાઓમાંથી પસાર થતી બસોને નુકસાન

જગદીશ ત્રિવેદી | મહીસાગર

એસટી સ્ટેન્ડમાં પડેલા મસમોટા જોખમી ખાડાઓ અકસ્માત ને નિમંત્રણ આપી રહ્યા છે...મહીસાગર જિલ્લાના વડા મથક લુણાવાડા એસટી સ્ટેન્ડમાં દિવસભર અસંખ્ય બસોની અવરજવર થતી જોવા મળે છે ત્યારે એસટી બસોની આવી અવરજવરથી લુણાવાનું એસટી સ્ટેન્ડ સતત ધમધમતું રહેવા પામતું હોય છે જ્યારે બીજી બાજુ મહિસાગર જિલ્લાના વિવિધ ગ્રામીણ વિસ્તારોની જનતા પણ પોતાના નાના-મોટા કામો માટે એસટી બસ મારફતે લુણાવાડા ખાતે અવર-જવર કરતી હોય છે ત્યારે લુણાવાડા એસટી સ્ટેન્ડમાં છેલ્લા કેટલાય સમયથી એસટી સ્ટેન્ડની બિલકુલ મધ્યમાં મસમોટા તોતિંગ જોખમી ખાડાઓ જાણે કે કોઈ મોટી દુર્ઘટના કે અકસ્માતને નિમંત્રણ આપતા હોય એવું સ્પષ્ટ જણાઈ રહ્યું છે ત્યારે આ જોખમી ખાડાઓમાંથી દિવસ ભર અસંખ્ય એસટી બસો, નાના મોટા વાહનો આ જોખમી ખાડાઓમાંથી પસાર થતાં ધડાકાભેર જમીન સાથે ટકરાઈને પસાર થતા હોવાનું જોવા મળી રહે છે જ્યારે બીજી બાજુ આ એસટી સ્ટેન્ડની મધ્યમાં પડેલા જોખમી મસ મોટા ખાડાઓમાંથી પસાર થતી એક બસનો આગળનો ભાગ પણ જમીન લેવલને અડકી જવા પામ્યો હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. ત્યારે વાહનો માટે તેમજ મુસાફર જનતા માટે આ જોખમી ખાડાઓ બાબતે લુણાવાડા એસટી ડેપોના સત્તાધીશો જાણે કે અજાણ હોય તેમ આંખ આડા કાન કરીને મીઠી નીંદર માણી રહ્યા હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે ચોમાસાની ઋતુમાં આવા તોતિંગ ખાડાઓમાં પાણી ભરાઈ જતું હોવાથી વયોવૃદ્ધ તેમજ નાના



બાળકોને આવા જોખમી ખાડાઓનો અંદાજ આવી શકવો કઠિન હોવાથી આવા તોતિંગ ખાડાઓમાં પડી જવાથી પડવા વાગવાનો ભય પણ સતત સતાવી રહ્યો છે જ્યારે બીજી બાજુ આવા મસમોટા ખાડાઓમાંથી એસટી બસો પસાર થતી હોવાથી બસોને પણ નુકસાન થવાની દહેશત સેવાઈ રહેવા પામી છે. ત્યારે આ બાબતે લુણાવાડા એસટી ડેપોના સત્તાધીશો તેમ જ લાગતા વળગતા તંત્રના સત્તાધીશો સૂચક મૌન ધારણ કરીને બેઠા હોય એવું જણાઈ રહ્યું છે ત્યારે યુદ્ધના ધોરણે લુણાવાડા એસટી ડેપોમાં પડેલા આ જોખમી અને મસ મોટા ખાડાઓની મરામત વ્યવસ્થિત રીતે હાથ ધરવામાં આવી તેવી મુસાફર જનતાની ઉગ્ર માગણી જોવા મળી રહી છે ' ઘોડા છૂટી ગયા બાદ તબેલાને તાળા મારવા ' નો કોઈ અર્થ રહેવા પામશે નહીં.

કામધેનુ યુનિવર્સિટી સંલગ્ન પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, જૂનાગઢ ખાતે

## "નશા મુક્ત યુવા – વિકસિત ભારત અભિયાન ૨.૦" અંતર્ગત પ્રધાનમંત્રીશ્રીના જીવંત સંબોધનનું પ્રસારણ યોજાયું

નરેન્દ્ર દવે જૂનાગઢ

કામધેનુ યુનિવર્સિટી સંલગ્ન પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, જૂનાગઢની રાષ્ટ્રીય સેવા યોજના (NSS) એકમ દ્વારા 'નશા મુક્ત યુવા - વિકસિત ભારત અભિયાન ૨.૦ ' અંતર્ગત ભારતના માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના જીવંત સંબોધનનું પ્રસારણ મહાવિદ્યાલયના સેમિનાર હોલ ખાતે આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમમાં મહાવિદ્યાલયના આચાર્ય ડૉ. એમ. ડી. ઓડેદરા, અધ્યાપકો, અધિકારીઓ, કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રધાનમંત્રીશ્રીએ પોતાના સંબોધનમાં યુવાનોને નશાના દૂષણથી દૂર રહી સ્વસ્થ, સશક્ત અને જવાબદાર નાગરિક તરીકે દેશના સર્વાંગી વિકાસમાં યોગદાન આપવા આહ્વાન કર્યું હતું. તેમણે 'નશા મુક્ત ભારત'ના સંકલ્પને જનઆંદોલનનું સ્વરૂપ આપવાની સાથે યુવા શક્તિને વિકસિત ભારતના મજબૂત પાયારૂપ ગણાવી હતી. આ કર્યક્રમમા દેશના ખુણે ખુણેથી લોકો અને વિધ્યાર્થીઓ જોડાયા હતા અને એક કરોડ્થી વધુ યુવાઓએ 'નશા મુક્તી પ્રતિજ્ઞા' ગ્રહણ કરી હતી. કાર્યક્રમ દરમિયાન મહાવિદ્યાલયના



આચાર્ય ડૉ.એમ.ડી.ઓડેદરા અને NSS કાર્યક્રમ અધિકારી ડૉ.એસ.વી.માવદિયાના માર્ગદર્શન હેઠળ ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને કર્મચારીઓએ 'નશા મુક્ત ભારત પ્રતિજ્ઞા' ગ્રહણ કરી હતી. પ્રતિજ્ઞા દ્વારા જીવનમાં કોઈપણ પ્રકારના નશાથી દૂર રહેવા, અન્ય લોકોને પણ નશા છોડવા માટે પ્રેરિત કરવા તેમજ સ્વસ્થ, સુરક્ષિત અને વિકસિત ભારતના નિર્માણમાં સક્રિય સહભાગી બનવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.આચાર્ય ડૉ.એમ.ડી. ઓડેદરાએ વિદ્યાર્થીઓ ને સંબોધતા જણાવ્યું હતુ કે રાષ્ટ્રના ઉજ્જવળ ભવિષ્ય માટે નશામુક્ત યુવા શક્તિ અત્યંત જરૂરી છે અને દરેક વિદ્યાર્થીએ સમાજમાં નશા વિરોધી જનજાગૃતિ લાવવા માટે સક્રિય ભૂમિકા ભજવવી જોઈએ. કાર્યક્રમનું સફળ આયોજન NSS કાર્યક્રમ અધિકારી ડૉ. એસ. વી. માવદિયાના સંકલન હેઠળ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન 'વિકસિત ભારત 2047' ના રાષ્ટ્રીય સંકલ્પને વધુ મજબૂત બનાવવા માટે યુવાનોને નશાના દૂષણથી દૂર રહી જ્ઞાન, કૌશલ્ય, સંસ્કાર અને સેવા ભાવના દ્વારા આત્મનિર્ભર અને સમૃદ્ધ ભારતના નિર્માણ માં સહભાગી બનવા આહ્વાન કરવામાં આવ્યું.

## જવાહર નવોદય વિદ્યાલયમાં ધો.6 માટે પ્રવેશ મેળવવા 07 ઓગસ્ટ સુધી અરજી કરી શકાશે

માહિતી બ્યુરો, પાલનપુર : નવોદય વિદ્યાલય સમિતિ દ્વારા શૈક્ષણિક વર્ષ 2027-28 માટે ધોરણ-6માં પ્રવેશ માટે યોજાનારી જવાહર નવોદય વિદ્યાલય પસંદગી કસોટી (JNVST-2027) માટેની ઓનલાઈન અરજી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. રસ ધરાવતા અને પાત્ર વિદ્યાર્થીઓ તા. 07 ઓગસ્ટ , 2026 સુધીમાં વેબસાઈટ: https://cbseitms.rcil.gov.in/nvs/ પર અરજી કરી શકશે.પ્રવેશ સંબંધિત વિગતવાર માહિતી તથા પ્રવેશ માહિતી પુસ્તિકા (Prospectus) નવોદય વિદ્યાલય સમિતિની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. વિદ્યાર્થીઓ અને વાલીઓને સમયમર્યાદા પહેલાં ઓનલાઈન અરજી પૂર્ણ કરવાની રહેશે. વધુ માહિતી માટે 02748-278517 નંબર પર સંપર્ક કરી શકાશે. તેમ દાંતીવાડા નવોદય વિદ્યાલયના આચાર્યશ્રીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને નડાબેટ ખાતે ભારત વિકાસ પરિષદનું પ્રાંતીય મહિલા સંમેલન-૨૦૨૬ યોજાયું

માહિતી બ્યુરો, થરાદ

વાવ-થરાદ જિલ્લાના સુઈગામ તાલુકાના ભારત-પાકિસ્તાન સરહદ નજીક આવેલા ઐતિહાસિક નડાબેટ ખાતે વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને પ્રાંતીય મહિલા સંમેલન-૨૦૨૬'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ભારત વિકાસ પરિષદ, ગુજરાત દ્વારા આયોજિત કાર્યક્રમમાં રાજ્ય મંત્રીશ્રી રિવાબા જાડેજા તથા રાજ્યમંત્રીશ્રી સ્વરૂપજી ઠાકોર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં મહિલા કાર્યકરો, હોદ્દેદારો, સમાજસેવકો અને આગેવાનો સંમેલનમાં જોડાયા હતા.આ સંમેલનમાં મહિલા સશક્તિકરણ, સમાજ સેવા, શિક્ષણ, સંસ્કાર અને રાષ્ટ્ર નિર્માણમાં મહિલાઓની અગત્યની ભૂમિકા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે જ ભારત વિકાસ પરિષદની વિવિધ સેવાકીય



પ્રવૃત્તિઓની માહિતી આપવામાં આવી હતી તેમજ મહિલા કાર્યકરોનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, ભારત વિકાસ પરિષદ જેવી સંસ્થાઓ માત્ર સમાજસેવા પૂરતી મર્યાદિત નથી, પરંતુ રાષ્ટ્રપ્રેમ, સંસ્કાર અને સેવા જેવા મૂલ્યોને સમાજમાં પ્રસ્થાપિત કરવાનું મહત્વપૂર્ણ કાર્ય કરી રહી છે. સંસ્થા સાથે જોડાયેલા દરેક કાર્યકર રાષ્ટ્રને પ્રથમ સ્થાન આપવાના ભાવ સાથે કાર્ય કરે છે, જે સમાજ માટે પ્રેરણારૂપ છે. તેમણે ભારત વિકાસ પરિષદની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા.તેમણે જણાવ્યું હતું કે, આજે નડાબેટ અને સમગ્ર સરહદી વિસ્તારનો થયેલો વિકાસ દેશના દૂરંદેશી નેતૃત્વનું પરિણામ છે. વર્ષો પહેલાં જ્યાં ચોમાસામાં અવરજવર પણ મુશ્કેલ હતી, ત્યાં આજે આધુનિક માર્ગો, પ્રવાસન અને બોર્ડર ટુરિઝમનો વિકાસ થયો છે.

# મહીસાગર જિલ્લા કક્ષાનો સ્વાતંત્ર્ય પર્વ વિરપુર તાલુકાના વરધરા ગામ ખાતે યોજાશે

જગદીશ ત્રિવેદી | મહીસાગર

આગામી ૧૫મી ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સ્વાતંત્ર્ય દિન નિમિત્તે મહીસાગર જિલ્લા કક્ષાના ધ્વજવંદન અને ઉજવણી કાર્યક્રમનું આયોજન વિરપુર તાલુકાના વરધરા ગામ ખાતે કરવામાં આવ્યું છે. આ રાષ્ટ્રીય પર્વની ઉજવણી અત્યંત સુચારૂ, ભવ્ય અને ગરિમાપૂર્ણ રીતે થાય તે સુનિશ્ચિત કરવા માટે આજ રોજ જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગરના અધ્યક્ષસ્થાને એક મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા કાર્યક્રમ સાથે સંકળાયેલા તમામ વિભાગોના અમલીકરણ અધિકારીઓને તેમની આનુષંગિક જવાબદારીઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં



આવ્યું હતું. વિશેષ કરીને, કાયદો અને વ્યવસ્થાની જાળવણી, પ્રોટોકોલ મુજબ ડાયસ અને બેઠક વ્યવસ્થા, સાંસ્કૃતિક કાર્યક્રમોનું સુંદર આયોજન, ટ્રાફિક નિયમન તેમજ મહાનુભાવો અને ઉપસ્થિત નાગરિકો માટે મેડિકલ અને શુદ્ધ પીવાના પાણીની સુવિધા જેવી તમામ વ્યવસ્થાઓ સમય મર્યાદામાં પૂર્ણ કરવા તાકીદ કરવામાં આવી હતી. આ ઉપરાંત, કાર્યક્રમ સ્થળે અને નગરમાં સ્વચ્છતા ઝુંબેશ અંગે પણ સઘન સમીક્ષા કરવામાં આવી હતી. સ્વાતંત્ર્ય દિનના આ પાવન અને રાષ્ટ્રીય ગૌરવના અવસરે જિલ્લામાં નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓ, રમતવીરો તેમજ ઉત્કૃષ્ટ અને પ્રશંસનીય કામગીરી કરનાર અધિકારીઓ તથા કર્મચારીઓનું વિશેષ સન્માન પણ કરવામાં આવનાર છે, જે અંગેની આખરી યાદી અને સન્માનપત્રોની તૈયારીઓ પૂર્ણ કરવા સંબંધિત અધિકારીઓને સૂચના અપાઈ છે. જિલ્લા કલેક્ટરશ્રીએ તમામ અમલીકરણ અધિકારીઓને પરસ્પર સુમેળભર્યું સંકલન સાધીને સંપૂર્ણ કાર્યક્રમને સફળ બનાવવા અને આયોજનબદ્ધ 'મિનિટ ટુ મિનિટ' કાર્યક્રમ ઘડી કાઢવા માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી યુવરાજ સિધાર્થ, નિવાસી અધિક કલેક્ટર શ્રી સી વી લટા સહિત સંબંધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વડનગરના શ્રાવણોત્સવને ડિજિટલ માધ્યમથી વૈશ્વિક ઓળખ અપાવવા 'શ્રાવણોત્સવ 2026 રીલ સ્પર્ધા'ની જાહેરાત....

જગદીશ ત્રિવેદી | મહીસાગર

ગુજરાત સરકાર દ્વારા વડનગર ખાતે યોજાનારા શ્રાવણોત્સવ-2026ને વધુ વ્યાપક લોકભાગીદારી અને ડિજિટલ માધ્યમ દ્વારા વૈશ્વિક ઓળખ અપાવવા માટે 'શ્રાવણોત્સવ 2026 રીલ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા ખાસ કરીને યુવાનો સહિત તમામ નાગરિકોને વડનગરના સાંસ્કૃતિક વૈભવ, આધ્યાત્મિક મહત્વ, પ્રવાસન ક્ષમતા, લોકકલાઓ અને શ્રાવણોત્સવની ભવ્ય ઉજવણીને સર્જનાત્મક ટૂંકા વિડિયો (રીલ્સ) દ્વારા રજૂ કરવા પ્રોત્સાહિત કરશે.સ્પર્ધાનું આયોજન 2 ઓગસ્ટથી 5 ઓગસ્ટ, 2026 દરમિયાન MyGov ગુજરાત પોર્ટલ પર કરવામાં આવશે. સ્પર્ધકોએ 'અનંત, અનાદિ વડનગર' વિષય પર 1થી 3 મિનિટની મૌલિક (Original) રીલ તૈયાર કરીને ઓનલાઈન સબમિટ કરવાની રહેશે. રીલ MP4, AVI અથવા MOV ફોર્મેટમાં અને ઓછામાં ઓછા 720p રિઝોલ્યુશનમાં હોવી જરૂરી રહેશે.સ્પર્ધામાં ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજી ભાષામાં એન્ટ્રી મોકલી શકાશે. જો વિડિયોમાં અન્ય કોઈ પ્રાદેશિક ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તો સબટાઈટલ્સ ફરજિયાત રહેશે. સ્પર્ધકો દ્વારા રજૂ કરવામાં આવતી રીલ સંપૂર્ણપણે સ્વયં શૂટ કરેલી અને ઓરિજિનલ હોવી જરૂરી છે. સ્ટોક ફૂટેજ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) દ્વારા તૈયાર કરાયેલી સામગ્રી અથવા કૉપિરાઈટ ધરાવતી સામગ્રી સ્વીકારવામાં આવશે નહીં.સ્પર્ધામાં ભાગ લેવા માટે માત્ર MyGov ગુજરાત પોર્ટલ મારફતે નોંધણી અને એન્ટ્રી સબમિટ કરી શકાશે.

## ખાંભા ખાતે અદ્યતન સરકારી તાલુકા ગ્રંથાલયનું લોકાર્પણ: પ્રજાજનો માટે જ્ઞાનનો નવો સૂર્યોદય

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

તાલુકા પંચાયત પ્રમુખશ્રી શિવલાલભાઈ સુદાણીના હસ્તે રિબન કાપી ગ્રંથાલય ખુલ્લું મુકાયું સ્પર્ધાત્મક પરીક્ષાઓના પરીક્ષાર્થીઓ અને વાંચનપ્રેમીઓ માટે સુવિધાસભર સમૃદ્ધ પુસ્તક ભંડાર ઉપલબ્ધ ખાંભા તાલુકાના વિદ્યાર્થીઓ, યુવાનો અને ગ્રામજનોના શૈક્ષણિક તથા બૌદ્ધિક વિકાસ માટે આજે એક સુવર્ણ પ્રભાત ઊગ્યું છે. ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળના ગ્રંથાલય ખાતા (ગાંધીનગર) દ્વારા નવસ્થાપિત સરકારી તાલુકા ગ્રંથાલય, ખાંભા (જિ. અમરેલી) ની સેવાઓનો ભવ્ય લોકાર્પણ સમારોહ આજે, રવિવાર તા. ૦૨ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ બપોરે ૦૨:૩૦ કલાકે અત્યંત ઉત્સાહસભર માહોલમાં સંપન્ન થયો હતો. આ આધુનિક લાઈબ્રેરીનું વિધિવત ઉદ્ઘાટન ખાંભા તાલુકા પંચાયતના માનનીય પ્રમુખશ્રી શિવલાલભાઈ સુદાણીના શુભ હસ્તે રિબન કાપીને કરવામાં આવ્યું હતું, અને તેને સ્થાનિક નાગરિકોની સેવા અર્થે સમર્પિત કરવામાં આવી હતી. વાંચન સંસ્કૃતિ અને યુવા સશક્તિકરણ પર વિશેષ ભાર લોકાર્પણ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ સમાજમાં સુષુપ્ત પડેલી વાંચન પ્રવૃત્તિને પુનર્જીવિત કરવા અને જ્ઞાનના વ્યાપક પ્રસાર પર વિશેષ ભાર મૂક્યો હતો.આ લાઈબ્રેરીથી ખાંભા અને આસપાસના ગ્રામીણ વિસ્તારોના યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ માટે ઉત્તમ પુસ્તકો અને વાતાવરણ મળશે.વાચકો માટે દૈનિક અખબારો, સાહિત્યિક તેમજ વિવિધ વિષયોના સમૃદ્ધ પુસ્તકો અને ગુણવત્તાસભર માહિતી સરળતાથી ઉપલબ્ધ છે.

## જાફરાબાદ લાઈટ હાઉસ રોડ ઉપર ધોળા દિવસે સિંહણે ગાયનું મારણ કર્યું : લાઈટ હાઉસ કે જે પર્યટકોની સંખ્યા બંધ અવારનવાર રહેતી હોય આ બનાવથી લોકો માં ભયનો માહોલ સર્જાયો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ તારીખ /૦૩/૦૮/ ૨૦૨૬ ના રોજ બપોરના સમયે લાઈટ હાઉસ રોડ કોલોની પાસે વડી માલિક મુજફ્ફરભાઈ ગનીભાઈ ની માલિકીની ગાયનું સિંહણ દ્વારા ધોળા દિવસે મારણ કરવામાં આવ્યું આ મારણ કરતા આજુબાજુમાં રહીશો દ્વારા હાકલા પડકારા કરવા છતાં પણ સિંહણે ગાયનું મારણ કર્યું હતું રહેણાંક વિસ્તારમાં પ્રવેશી પશુઓનું મારણ કરી રહ્યા હોવાથી લાઈટ હાઉસ વિસ્તારોમાં ભારે ભય અને દહેશતનો માહોલ સર્જાયો છે. અહીં દિવડાઓ પણ અવારનવાર જોવા મળી રહ્યા છે. અહીં બહાર ગામથી લોકો લાઈટ હાઉસ કે જે અરબી સમુદ્ર નો નજારો માણવા અને રમણીય વાતાવરણ ની મજા માણવા આવતા હોય પરંતુ હિચક પ્રાણીઓ દેખાદેખી થતાં પર્યટકો માં પણ ભારે ભય જોવા મળી રહ્યો છે. લાઈટ હાઉસ વાડી વિસ્તારમાં ઘણા સમયથી સિંહણ વચહટ કરતી હોય અગાઉ પણ વાડી માલિક ની ગાય ઉપર હુમલો કરવામાં આવ્યો હતો અહીં બાવળો અને ઝાડી ઝાંખરા અંદર સિંહણ રહેતી હોય તેવું અહીંના રહીશો દ્વારા જણાવવામાં આવ્યું હતું.

## મુક્તિધામના 'વિનુ શેઠ' : 40 વર્ષની નિઃસ્વાર્થ કાષ્ઠસેવાની ગાથા

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

જીવન અને મૃત્યુ મનુષ્ય જીવનના બે અનિવાર્ય પડાવ છે. જન્મથી લઈને અંતિમ યાત્રા સુધીની સફરમાં અનેક લોકો મળે છે, પરંતુ જીવનના અંતિમ પડાવે પણ નિઃસ્વાર્થભાવે સેવા આપનાર વ્યક્તિઓ બહુ ઓછા હોય છે. નખત્રાણાના વિનોદભાઈ લાલજી પલણ, જેમને સમગ્ર વિસ્તાર પ્રેમથી 'વિનુ શેઠ' તરીકે ઓળખે છે, એવા જ એક વિરલ સેવાભાવી વ્યક્તિત્વ છે. છેલ્લા 40 વર્ષથી તેઓ નખત્રાણા મુક્તિધામમાં અગ્નિસંસ્કાર માટે જરૂરી કાષ્ઠની વ્યવસ્થા કરીને માનવસેવાનું અનોખું કાર્ય કરી રહ્યા છે.આજે 78 વર્ષની વયે પણ સફેદ લેંઘા-શર્ટમાં સજ્જ વિનુ શેઠ એ જ ઉત્સાહ અને સમર્પણથી સેવા આપી રહ્યા છે. વૃક્ષો કાપવા પર નિયંત્રણ હોવાથી સુકાયેલાં વૃક્ષોમાંથી કાષ્ઠ એકત્રિત કરવું, તેનું જતન કરવું અને અગ્નિસંસ્કાર સમયે સમયસર ઉપલબ્ધ કરાવવું સરળ કાર્ય નથી. છતાં ચાર દાયકાથી તેમણે આ જવાબદારી અવિરત નિભાવી છે. હવે તેમના મોટા પુત્ર લીનેશ પલણ પણ આ સેવાયજ્ઞમાં જોડાઈ પિતાની પરંપરા આગળ વધારી રહ્યા છે.

## ધારાસભ્ય ચૈતર વસાવા ના રસ્તે સાંસદ મનસુખ વસાવા : સાગબારા જંગલ જમીન મામલે આદિવાસીઓ ની લડત ને ખુલ્લું સમર્થન

રાજપીપલા | નર્મદા જિલ્લા ના ઊંડાણ ના સાગબારા તાલુકા ના ખોપી , હલ , વગેરે ગામોમાં જંગલ ની જમીન ખેડવા બાબતે વનવિભાગ અને આદિવાસી ખેડૂતો વચ્ચે લાંબા સમય થી ઘર્ષણ ચાલી રહ્યું છે જેમાં પોલીસ ને. સ્થિતિ પર કાબુ મેળવવા જહેમત ઉઠાવવી પડે છે . ત્યારે આદિવાસીઓ ની આ લડત ભાજપ સરકાર સામે હોવા છતાં સાંસદ મનસુખ વસાવા એ આદિવાસીઓ ની લડત ને ખુલ્લું સમર્થન જાહેર કર્યું છે . જેનાથી જિલ્લા નું રાજકારણ ગરમાયુ છે .પ્રાપ્ત માહિતી મુજબ સાગબારા ના ખોપી, હલ , વગેરે ગામના આદિવાસી ખેડૂતો જંગલ જમીન ખેડવા મામલે વનવિભાગ સામે લડત ચલાવી રહ્યા છે ખેડૂતો ને જંગલ જમીન ખેડતા અટકાવવા વનકર્મીઓ પોલીસ ને પણ બોલાવે છે . લાંબા સમય થી ચાલતી લડત માં ન્યાય નહિ મળતા ભાજપ જિલ્લા મંત્રી લીલાબેન વસાવા એ પક્ષ માંથી રાજીનામુ પણ આપી દીધું ત્યારે પોતાના મતવિસ્તાર ના ખેડૂતો ને ન્યાય અપાવવા ભાજપ સાંસદ મનસુખ વસાવા એ પણ લડત ને સમર્થન આપ્યું છે.

## સિંહ પરિવાર વિશે વનતંત્રએ મેનકા ગાંધીને પણ ગેરમાર્ગે દોર્યાની શંકા.

કિશોર આર. સોલંકી | જાફરાબાદ | અમરેલીના લીલિયા નજીક આવેલા અંટાળીયા વિસ્તારમાં ભગત નામના સિંહ દ્વારા એક યુવકને ફાડી ખાધાની ઘટના બાદ વન વિભાગ ની કામગીરી અને નિર્ણય લેવાની પધ્ધતિ સામે ગંભીર સવાલો ઊભા થયા છે. સિંહ ભગતની પજવણી બાદ બનેલી આ ઘટનામાં એક યુવકે જીવ ગુમાવ્યો હતો જેના પગલે વન વિભાગે ભગતને પાંજરે પૂરી કેદ કરી લીધો હતો. હવે આ મુદ્દે પૂર્વ કેન્દ્રીય મંત્રીએ વનતંત્રને સવાલો કર્યા તેનો વનતંત્રએ જો જવાબ આપ્યો તેનાથી મોટો વિવાદ સર્જાયો છે. નરભક્ષી સિંહ "ભગત"ની ગેરહાજરીમાં તેનાં જૂથને અન્ય સિંહથી બચાવવા પકડી લીધાની અને સ્થળાંતરની તજવીજની ખોટી ખાતરી સિંહોને પકડ્યા હોય તેવું કોઈ રેકર્ડ નથી જેથી ચિફ વાઈલ્ડ લાઈફ વોર્ડને ખોટી માહિતી આપી હોવાની શંકાઃ નિવૃત્ત જજ ભગત સિંહને માનવને શિકાર બનાવવા બદલ પકડી લેવામાં આવતા તેના ગ્રુપની સિંહણ અને બચ્ચા સહિત ૬ - સિંહ પર અન્ય નર સિંહોના હુમલાથી પ્રેમીઓ દ્વારા પૂર્વ કેન્દ્રીય મંત્રી અને જોખમ હોવાની વન્યજીવ વાઈલ્ડલાઈફ એક્ટિવિસ્ટ મેનકા ગાંધીને રજૂઆત કરવામાં આવી હતી.

## મહીસાગર જિલ્લામાં 'વિશ્વ સ્તનપાન સપ્તાહ'ની ભવ્ય ઉજવણી: વિવિધ સ્થળોએ 'પોષણ પંચાયત' દ્વારા જનજાગૃતિનો પ્રસાર

જગદીશ ત્રિવેદી | મહીસાગર

વિશ્વ સ્તનપાન સપ્તાહ ૨૦૨૬ની ઉજવણીના ભાગરૂપે મહીસાગર જિલ્લામાં આરોગ્ય અને પોષણ સ્તરને સુધારવા માટે એક સઘન અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત આજ રોજ જિલ્લાની વિવિધ સ્થાનિક શાળાઓ, પંચાયત કચેરીઓ અને આંગણવાડી કેન્દ્રો ખાતે 'પોષણ પંચાયત'નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય નવજાત શિશુઓ અને માતાઓના સ્વાસ્થ્યને સુદ્રઢ બનાવવાનો તેમજ ગ્રામીણ સ્તરે પોષણ બાબતે વ્યાપક જનજાગૃતિ લાવવાનો રહ્યો છે.આ 'પોષણ પંચાયત' દરમિયાન ઉપસ્થિત સગર્ભા અને ધાત્રી માતાઓને સ્તનપાનનું મહત્વ સમજાવવાની સાથે સ્તનપાનની સાચી પદ્ધતિઓ વિશે વૈજ્ઞાનિક માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. નિષ્ણાતો દ્વારા શિશુના જન્મના પ્રથમ ૬ મહિના સુધી માત્ર સ્તનપાન અને ત્યારબાદ બાળકના શારીરિક તેમજ માનસિક વિકાસ માટે જરૂરી એવા ઉપરી આહાર એટલે કે પૂરક પોષણ વિશે ઊંડાણપૂર્વક સમજણ આપવામાં આવી હતી.

## લુણાવાડાની પોલન સ્કૂલ ખાતે 'નારી વંદન ઉત્સવ' અંતર્ગત માસિક ધર્મ સ્વચ્છતા અને PC-PNDT એક્ટ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહિસાગર જિલ્લાના લુણાવાડા સ્થિત અર્બન હેલ્થ સેન્ટર દ્વારા 'નારી વંદન ઉત્સવ'ની ઉજવણીના ભાગરૂપે આજ રોજ પોલન સ્કૂલ ખાતે વિદ્યાર્થિનીઓ માટે એક વિશેષ જાગૃતિ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ કિશોરીઓમાં માસિક ધર્મ (Menstrual Hygiene) દરમિયાન રાખવાની થતી સ્વચ્છતા



અને PC-PNDT એક્ટ અંગેની કાયદાકીય સભાનતા કેળવવાનો હતો. આ શૈક્ષણિક સત્રમાં શાળાની તમામ વિદ્યાર્થિનીઓએ અત્યંત ઉત્સાહપૂર્વક ભાગ લઈ સ્વાસ્થ્યલક્ષી જાણકારી મેળવી હતી.કાર્યક્રમ દરમિયાન અર્બન હેલ્થ સેન્ટરના નિષ્ણાત આરોગ્ય સ્ટાફ દ્વારા વિદ્યાર્થિનીઓને કિશોરાવસ્થામાં આવતા શારીરિક પરિવર્તનો અને માસિક ચક્ર દરમિયાન રાખવામાં આવતી ખાસ સાવચેતીઓ વિશે ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આરોગ્ય કર્મીઓએ અત્યંત સરળ અને સ્પષ્ટ ભાષામાં સમજાવ્યું હતું કે આ સમયગાળા દરમિયાન વ્યક્તિગત સ્વચ્છતા જાળવવી એ માત્ર જરૂરિયાત જ નહીં પણ અનિવાર્યતા છે.

## ડાંગ જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓના ચેરમેનોની સર્વાનુમતે વરણી.

ડાંગ | ડાંગ જિલ્લા પંચાયતમાં વિવિધ સ્થાયી સમિતિનાં સભ્યોની સર્વાનુમતે વરણી થયા બાદ આજરોજ તમામ નવ નિયુક્ત ચેરમેનોએ વિધિવત રીતે પદભાર સંભાળ્યો હતો.પ્રાપ્ત વિગતો અનુસાર, થોડા દિવસો અગાઉ ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ રાજેશભાઈ ગામીતનાં અધ્યક્ષસ્થાને યોજાયેલી સામાન્ય સભામાં વિવિધ સ્થાયી સમિતિનાં સભ્યોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.ત્યારબાદ આજે વિવિધ સમિતિનાં ચેરમેનોને વિધિવત પદભાર સોંપવામાં આવ્યો હતો.જેમાં (1)જાહેર બાંધકામ સમિતિનાં ચેરમેન તરીકે ચંદ્રકલાબેન નગીનભાઈ ગાવીત,(2)ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિનાં ચેરમેન તરીકે જીતેન્દ્રભાઈ દામૂભાઈ પવાર,(3)શિક્ષણ સમિતિનાં ચેરમેન તરીકે શંકરભાઈ જીવરામભાઈ પવાર,(4) કારોબારી સમિતિનાં ચેરમેન તરીકે યોગીતાબેન વિજયભાઈ પવાર,(5)સામાજિક ન્યાય સમિતિનાં ચેરમેન તરીકે સુંદરબેન શૈલેષભાઈ ચૌધરી,(6)જાહેર આરોગ્ય સમિતિનાં ચેરમેન તરીકે દિનેશભાઈ રમેશભાઈ હિલીમ તથા (7)મહિલા અને બાળ વિકાસ સમિતિનાં ચેરમેન તરીકે કમળાબેન હિરાભાઈ રાઉતની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

### રાજપીપલા માં ભારે વરસાદ થી અસરગ્રસ્ત ગામો ની મુલાકાતે ધારાસભ્ય .

રાજપીપલા માં ભારે વરસાદ ના રેડએલર્ટ દરમ્યાન અનેક ગામડાઓ અસરગ્રસ્ત થતા વરસતા વરસાદમાં પણ રાજપીપળા ના ધારાસભ્ય ડો . દર્શના દેશમુખે પોતાના મતવિસ્તાર ના ત્રણેય તાલુકા ના અસરગ્રસ્ત ગામો ની મુલાકાત લઈ પીડિત પરિવારો ને રૂબરૂ મળી જરૂરિયાતમંદો ને ઘરવખરી ની કીટ નું વિતરણ કર્યું હતું .પ્રાપ્ત માહિતી મુજબ રાજપીપલા પંથક માં ત્રણ દિવસ સતત વરસાદ વરસતા અનેક ગામો ના રસ્તા , નાળા , તૂટી ગયા હતા અને લોકો ના ઘરો માં પણ પાણી ભરાઈ ગયા હતા .

### ઉપલેટામાં નગર પાલિકા પ્રમુખના વોર્ડમાં જ રોડ રસ્તાની દયનીય હાલત

અહેવાલ વિજય રાડીયા ઉપલેટા | ઉપલેટામાં શહેરમાં નગરપાલિકાના પ્રમુખના જ વોર્ડમાં પ્રાથમિક સુવિધાઓનો સદંતર અભાવ જોવા મળ્યો છે. સ્વામિનારાયણ સોસાયટી અને ડગલી વાડી વિસ્તારમાં છેલ્લા 30 વર્ષથી રોડ ન બનવાને કારણે હાલ વરસાદી માહોલમાં ભયંકર કાદવ-કીચડનું સામ્રાજ્ય છવાયું છે. રસ્તાઓ પર કાદવને કારણે લોકોને ઘરની બહાર નીકળવું મુશ્કેલ બન્યું છે. પરિસ્થિતિ એટલી હદે વણસી છે કે નાના બાળકોને શાળાએ મોકલવા અશક્ય બનતા તેઓને ઘરે બેસાડવા પડ્યા છે, જેથી તેમનું શિક્ષણ પણ ગંભીર રીતે પ્રભાવિત થયું છે.

### વડનગરની ભવ્ય વિરાસતને વિશ્વ ફલક પર પહોંચાડવા 'શ્રાવણોત્સવ ૨૦૨૬' રીલ કોમ્પિટિશનનું આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ | ગુજરાતની અસ્મિતા અને સદીઓ જૂની સાંસ્કૃતિક પરંપરાના જીવંત પ્રતીક સમાન વડનગરની વિરાસતને દુનિયા સમક્ષ રજૂ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા એક નવતર અભિગમ અપનાવવામાં આવ્યો છે. પવિત્ર શ્રાવણ માસ દરમિયાન વડનગર માં ઉજવાઈ રહેલા શ્રાવણોત્સવના ભાગરૂપે ગુજરાત સરકાર અને MyGov પ્લેટફોર્મના સંયુક્ત ઉપક્રમે એક ભવ્ય રીલ કોમ્પિટિશન નું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા માં જૂનાગઢ જિલ્લાનાં યુવાનો, કલાકારો, કન્ટેન્ટ ક્રિએટર્સ અને નાગરિકોને પણ ભાગ લેવા માટે આમંત્રિત કરવામાં આવ્યા છે.

### બિનઅધિકૃત અરજી લેખકો, એજન્ટો તથા છૂટક વેપારીઓના બેસવા પર પ્રતિબંધ

નરેન્દ્ર દવે જૂનાગઢ | શહેર ખાતે સરદાર બાગ પાસે આવેલ તાલુકા સેવા સદન બિલ્ડિંગ તથા તેની આસપાસના વિસ્તારમાં કેટલાક બિનઅધિકૃત વ્યક્તિઓ દ્વારા પીટીશન રાઈટરનું લાયસન્સ અથવા તાલુકા સેવા સદનના કમ્પાઉન્ડમાં બેસીને અરજીઓ લખવાની મંજૂરી વિના અરજદારોની અરજીઓ તૈયાર કરવાની કામગીરી કરવામાં આવતી હોવાનું ધ્યાને આવ્યું છે. આવા વ્યક્તિઓ અરજીઓ લખવા તેમજ સરકારી કામ કરાવવાના બહાને અરજદારો પાસેથી નાણાં વસૂલતા હોવાની ફરિયાદો પણ પ્રાપ્ત થઈ રહી છે.

### જૂનાગઢમાં નારી વંદન ઉત્સવ અંતર્ગત બેટી બચાવો બેટી પઢાવો દિવસની ઉજવણી કરવામાં આવી

નરેન્દ્ર દવે જૂનાગઢ | જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા નારી વંદન ઉત્સવ અન્વયે 'બેટી બચાવો બેટી પઢાવો દિવસ 'નિમિતે ગુડ ટચ બેડ ટચ કાર્યક્રમ આશ્રમ શાળા જૂનાગઢ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ ની સુરક્ષા, સલામતી અને જાગૃતિ માટે વિવિધ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. બાળકોમાં શારીરિક સુરક્ષા અને જાગૃતિ કેળવવા માટે ગુડ ટચ અને બેડ ટચ વિશે સરળ ઉદાહરણો દ્વારા માર્ગદર્શન અપાયું હતુ જેથી તેઓ અસુરક્ષિત સ્પર્શને ઓળખી શકે અને ડર્યા વગર વાલીઓ, શિક્ષકો કે હેલ્પલાઇન પર તેની ત્વરિત જાણ કરી શકે.

### બેટી બચાવો-બેટી પઢાવો દિવસની ઉજવણી અંતર્ગત કાણોદર ખાતે દીકરી વધામણાં અને એજ્યુકેશન કીટનું વિતરણ

પાલનપુર | મહિલા અને બાળ વિકાસ વિભાગના માર્ગદર્શન હેઠળ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, પાલનપુર દ્વારા બેટી બચાવો-બેટી પઢાવો દિવસની ઉજવણીના ભાગરૂપે કાણોદર ગામ ખાતે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન નવજાત દીકરીઓના પરિવારોને દીકરી વધામણાં કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દીકરીના જન્મને ગૌરવપૂર્ણ રીતે આવકારી સમાજમાં દીકરી પ્રત્યે સકારાત્મક અભિગમ વિકસે તેમજ લિંગ સમાનતા અંગે જનજાગૃતિ ફેલાય તે માટે ઉપસ્થિત લોકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

### જલારામ મંદિર કેશોદ ખાતે રઘુવંશી સમાજની મહિલાઓએ શ્રદ્ધાભેર ઉજવી નાગ પંચમી

નરેન્દ્ર દવે જૂનાગઢ | કેશોદના શ્રી જલારામ મંદિર ખાતે રઘુવંશી સમાજની મહિલાઓ દ્વારા નાગ પંચમીનો પાવન પર્વ શ્રદ્ધા, ભક્તિ અને ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં સમાજની બહેનોએ ઉપસ્થિત રહી નાગદેવતાનું વિધિવત પૂજન-અર્ચન કરી ધર્મલાભ મેળવ્યો હતો.કાર્યક્રમ દરમિયાન શ્રી જલારામ મંદિરના લલીતભાઈ પુજારીએ વૈદિક મંત્રોચ્ચાર સાથે નાગદેવતાનું વિધિવત પૂજન કરાવ્યું હતું. ત્યારબાદ નાગદેવતાની આરતી ઉતારી નૈવેદ્ય અર્પણ કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત બહેનોએ ભક્તિભાવથી કીર્તન-ભજન ગાઈ સમગ્ર મંદિર પરિસરને ભક્તિમય બનાવી દીધું હતું.

### PSI એચ.જી.મારુ સાહેબની નિમણૂક થતાં પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માન કર્યું

અશોક મણવર અમરેલી | અમરેલીના બગસરા પોલીસ સ્ટેશનમાં જાફરાબાદથી બદલી થઈ આવેલ નવનિયુક્ત PSI એચ.જી.મારુ સાહેબની નિમણૂક થતાં અ સામાજિક તત્વોમાં ફફડાટ ફેલાયો છે કડક છાપ ધરાવતા PSI એચ.જી.મારું સાહેબની નિમણૂક થતાં બગસરા નગરપાલિકા ઉપ પ્રમુખ વિપુલભાઈ પાથર સદસ્ય રમેશભાઈ હિરપરા ,રમેશભાઈ સતાણી નયનભાઈ પરમાર, નિલેશભાઈ સરવૈયા. સંગીતાબેન જાદવ, રંજનબેન ગોહિલ, ઈલાબેન જેબલીયા, વિણાબેન સરવૈયા , હંસાબેન તેરૈયા, ખ્યાતિબેન ડોબરીયા, દક્ષાબેન ટીબલીયા સહિત સદસ્યશ્રીઓ અને આગેવાનો દ્વારા બગસરા પોલીસ સ્ટેશન ખાતે ઉપસ્થિત હતી.

# દૈનિક સમાચાર પત્રક

સામન્ય રીતે "ભોમિયા" શબ્દ ના અર્થ "મુસાફર ને જટિલ રસ્તાઓમાં સાથ આપી ને મંઝિલ સુધી પહોંચાડે" એવો થાય છે પરંતુ હું બાર પાના ના દૈનિક સમાચાર પત્રક ની વાત કરું છે.દૈનિક અખબાર કે સમાચાર પત્રક કે ન્યૂઝ પેપર એ માત્ર બાર પાનાનું મોડલ નથી હોતું એ વિતેલા દિવસ ની સમસ્યાઓ અને નવા દિવસ ની સંભાવનાઓ વિશે માહિતી ઓ લઈને આવતું હોય છે એટલે તો "ભોમિયો" શબ્દ સમાચાર પત્રક માટે વાપરું છું. રોજબરોજ ના સોના ચાંદી ના ભાવ થી લઈને માર્કેટિંગ યાર્ડ માં શાકભાજી ફળફળાદીની કિંમત, રાજકારણ થી લઈને શેર બજાર,ફિલ્મ ની ચિલમ થી લઈને દેશ વિદેશ,આજ નો દિવસ કેવો છે ને તાજા જન્મેલ બાળક ની રાશિ એ ચોઘડિયા સાથે છાપી નાખે, અંતરિયાળ નાનકડા ના ગામડાઓ થી લઈને શહેર ની ગલીઓની સફર વગેરે વગેરે સમાચાર પત્રક સવાર સવાર માં ચા ની ચુસ્કી સાથે એકજ બેઠક માં કરાવે છે.જો સવારે ઊઠતા વેંત ચા ની સાથે પેપર વાંચવા ન મળે ને તો ચા નો સ્વાદ બેસ્વાદ લાગવા લાગે છે. સમાચાર પત્રક એ એક વ્યસન કરતા લોકોની આદત બની ગયું છે.ઘરે આવતા બેત્રણ ન્યૂઝ પેપર બીજા દિવસે પસ્તી થઈ જતા માંડ માંડ ત્રણસો ચારસો પસ્તી વાળો આપે છે છતાંય ન્યૂઝ પેપર રસિકો ને પસ્તી ના કેટલા મળ્યા થી ખાસ ફર્ક પડતો નથી. ડિજિટલ મીડિયાના જમાનામાં મેગેઝીનો ઓન લાઈન વંચાતા થઈ ગયા છે પણ ન્યૂઝ પેપર ના ક્રેઝ માં ખાસ ફર્ક પડ્યો નથી. આજ પણ દરેક ફ્લેટ ના દરવાજે સવારે ૬ વાગ્યા આસપાસ ગુજરાતી,અંગ્રેજી અને હિન્દી ભાષા ના ન્યૂઝ પેપરો લટકતા જોવા મળશે. મને યાદ છે કોરોના કાળની શરૂઆત ના કપરા દિવસોમાં ન્યૂઝ પેપર આવતું નહતું ને ત્યારે નિયમિત પેપર વાંચવા ની આદત ધરાવતા મારા જેવા લોકોની સવાર વધારે કંટાળા જનક પસાર થતી હતી. મહિનાઓ વીત્યા બાદ અચાનક ન્યૂઝ



પેપર આવતા જ ઘર માં સાસરે વળાવી દીકરીનું આગમન થયું હોય ને એવી ખુશી છવાઈ હતી. અરે!!અમે લોકોએ તો ન્યૂઝ પેપર ની જાહેરાતો પણ વાંચી નાખી હતી. ગુજરાત સમાચાર વિરુદ્ધ જંગ ચાલુ થઈ હતી ત્યારે પણ જે ગુજરાત સમાચાર ના વ્યસની હતા એ લોકો એ પેપર લેવાનું બંધ નહતું કર્યું, કેમ? લોકશાહી દેશ માં પ્રિન્ટ મિડીયા એક જ એવું માધ્યમ છે કે જેનું વલણ તટસ્થ, અડગ અને નીડર હોય છે.આ કારણોસર જ જનતા ને ન્યૂઝ ચેનલો ના ન્યૂઝ અને ચર્ચાઓ કરતા લોકશાહી ના પ્રથમ સ્થંભ ન્યૂઝ પેપરો માં છપાયેલા ન્યૂઝ પર ભરોસો હોય છે.ન્યૂઝ પેપરો માં છપાયેલા ન્યૂઝ એ આમજ નથી છાપતા એ રિપોર્ટરો નો આંખો દેખ્યો અહેવાલ હોય છે. વાસ્તવિકતા તો એ છે કે પ્રિન્ટ મિડીયા જ સાચા અર્થ માં પ્રજા નો "ભોમિયો" છે શાસક પ્રિન્ટ મિડીયાના માલિકો ને ડરાવી ધમકાવી શકે છે પણ લાખો રિપોર્ટર નો આંખે દેખ્યો અહેવાલ ને મિટાવી શકતા નથી.ભારત માં ટેક્નોલોજી નો વિકાસ ખૂબ મોડો થયો છે એના લીધે ન્યૂઝ પેપરો પ્રત્યે ના લગાવ માં ખાસ ફર્ક પડ્યો નથી.માન્યું કે ડીજીટલ પેપર



- રુપાલી દવે

લોકો વાંચતા થયા છે પણ ત્રણ ચાર રૂપિયા માં મળતી ન્યૂઝ પેપર ની હાર્ડ કોપી ની વાત જ અલગ છે. આપણા બધાના જીવન ના ભોમિયા ગણતા સમાચાર પત્રક નો પણ ખાસ ઈતિહાસ છે.પ્રથમ ન્યૂઝ પેપર એ દેશ દુનિયામાં ક્યારે જન્મ લીધો હશે? પ્રથમ ન્યૂઝ પેપર કોણે પ્રકાશિત કર્યું હશે? વગેરે પ્રશ્ન થવા સહજ છે. સમય બદલાતા ઘણું બધું માણસ થી લઈને મશીનો બદલાઈ જતા હોય છે જે તે સમય માં પ્રિન્ટિંગ પ્રેસ માં મુદ્રણ છાપકામ નો ઉપયોગ થતો હતો આ માટે મુદ્રણ છાપકામ માટે ખાસ કારીગરો ને ટ્રેનિંગ અપાતી હતી. ખેર વર્તમાન સમયમાં આધુનિક ટેક્નોલોજી ના લીધે મુદ્રણ કારીગરો ની જરૂર પડતી નથી. ઈ.સ ૧૬૦૫ માં જર્મની ના જોહાન કેરોલસે "રિલેશન" નામનું વિશ્વનું પ્રથમ અખબાર બહાર પાડ્યું હતું. ભારત માં પ્રથમ અખબાર બંગાળ થી પ્રકાશિત થયું હતું. ૧૭૮૦ માં જેમ્સ ઓગસ્ટસ હિકી નામના અંગ્રેજ એ બ્રિટનથી છાપખાનું કલકતા માં આયાત કર્યા બાદ એણે "બંગાલ ગેઝેટ ઔર કલકતા જનરલ એડવર્ટાઇઝર" નામનું પ્રથમ અંગ્રેજી અખબાર પ્રકાશિત કર્યું હતું. મદ્રાસ અને મુંબઈ માં પણ અમુક વરસો બાદ અંગ્રેજી અખબાર પ્રકાશિત થયા હતા. "દિગ્દર્શક" માસિક અખબાર ૧૮૧૮માં ભારતીય ભાષા માં પ્રસારિત થયું હતું. ભારત નું પ્રથમ હિન્દી સાપ્તાહિક અખબાર "સંવાદ કૌમુદી" ૧૮૨૧ માં રાજા રામ મોહનરાય એ પ્રસારિત કર્યું હતું. ફરદુનજી મર્ઝબાને એ ૧૮૧૨ માં ગુજરાતી માલિકી નું પ્રથમ છાપખાનું મુંબઈ માં સ્થાપ્યું હતું.શરૂઆત ના બેત્રણ વર્ષ છાપખાના માં પરચુરણ જોબ વર્ક અને પંચાંગ બનાવવાનું કામ શરૂ કર્યું હતું.ત્યાર બાદ મુંબઈ સરકાર ની પરવાનગી મળતા મર્ઝબાને ૧૮૨૨ ની ૧ એપ્રિલ એ "શ્રી મુંમબાઈ ના સમાચાર" નામનું પ્રથમ ગુજરાતી અખબાર પ્રકાશિત કર્યું હતું. કદાચ ગુજરાત નું પ્રથમ અખબાર "શ્રી મુંમબાઈ ના સમાચાર" નું નામ અત્યારે ગુમનામ થયું હશે પણ વિચારો ત્યારે આ નામનું અખબાર મુંબઈ માં વસ્તા ગુજરાતીઓના જીવન માં વરદાન બની ને આવ્યું હશે.ત્યારે પ્રથમ ગુજરાતી અખબાર ને ૫૦ નકલ ના વાર્ષિક લવાઝમ પેટે ૧૨૦૦ રૂપિયા મળેલા."શ્રી મુંમબાઈ ના સમાચાર" ને મુંબઈ અને મધ્ય ગુજરાત માં સારો આવકાર મળતા ફરદૂનજી મર્ઝબાને ૧ જાન્યુઆરી ૧૮૩૨ માં "શ્રી મુંમબાઈ ના સમાચાર" નું નામ "મુંબઈ સમાચાર" બદલી ને અઠવાડિક માંથી દૈનિક સમાચાર ની શરૂઆત કરી દીધી હતી.મુંબઈ સમાચાર દૈનિક પત્રક એ આજે પણ ગુજરાત અને મહારાષ્ટ્ર માં ફેમસ છે.ગુજરાતી "મુંબઈ સમાચાર પત્રક" લોકો માં ફેમસ થતા ઓગણીસમી સદીના આઠમાં દાયકામાં તો મુંબઈ આસપાસ ગુજરાતી છાપખાના ની સંખ્યા ૭૮ અને વર્તમાન પત્રક ની સંખ્યા ૯૪ જેટલી હતી. અઢળક ન્યૂઝ ચેનલો ના સમયમાં પણ અખબાર કે ન્યૂઝ પેપર કે દૈનિક સમાચાર પત્રક નું સ્થાન સહેજ પણ ડગ્યું નથી.વિકસિત સમૃદ્ધ દેશોમાં દૈનિક સમાચાર પત્રકની ૪૫ કરોડ થી વધારે નકલો નું વેચાણ થાય છે. જે બતાવે છે કે દૈનિક સમાચાર પત્રક લોકોના જીવન નું ખુદના શોખ નો વિષય બન્યો છે. મને યાદ છે જ્યારે હું નાની હતી ત્યારે ગુજરાત ભર માં લોકોનું ફેવરિટ સમાચાર પત્રક સંદેશ અને ગુજરાત સમાચાર એની બુધવાર અને રવિવાર ની પૂર્તિઓ માટે ફેવરિટ હતા.ગુજરાત સમાચાર નો જન્મ આમ તો ૧૮૯૫ માં "પ્રજાબંધુ" ના નામે થયો હતો પણ ૧૬ જાન્યુઆરી ૧૯૩૨ માં પ્રજાબંધુ નામ બદલી ને "ગુજરાત સમાચાર" રાખ્યું હતું. સંદેશ નો જન્મ ૨૮ ઑગસ્ટ ૧૯૨૩ માં થયો હતો. ફૂલછાપ ની પ્રસિદ્ધિ સૌરાષ્ટ્ર ની બહાર નીકળી ને ખાસ ન થઈ એટલે તો આજે પણ રાજકોટ નું પેપર ગણાય છે.ગુજરાત સમાચાર અને સંદેશ સમાચાર પત્રક ની ખૂબી એ છે કે એની બુધવાર અને રવિવાર ની પૂર્તિઓ અને નિષ્પક્ષ નીડરતા ભર્યા સમાચારો ને ટક્કર આપી શકે એવો હરીફ હજુ સુધી વાચકો ને લાગ્યો નથી. સમાચાર પત્રક એ માત્ર છપાઈ ને ઘરે ઘરે પોંહચતા થાય એટલું પૂરતું નથી હોતું લોકોને પસંદ આવે એવું કન્ટેન્ટ પીરસાઈ એ મહત્વ નું હોય છે.મારું અમદાવાદ એક્સપ્રેસ ન્યૂઝ પેપર એ અમદાવાદ શહેરની માફક જ યંગ મતલબ ઝેન્ઝી છે એટલે તો પેપરના એડિટર નો પોઈન્ટ ઓફ વ્યુ એ વાચકો લક્ષી સમાચાર પર ખાસ ફોક્સ કરીને એને વાચા આપવા નું રહેતું હોય છે.

# રણબીરની 'રામાયણ'ના મેકર્સને રામલીલા મહાસંઘની ચેતવણી

## રિલીઝ પહેલા ફિલ્મ બતાવવાની માગ; વિવાદાસ્પદ દ્રશ્યો ન હટાવવા પર સિનેમાઘરોની બહાર પ્રદર્શન થશે







(એજન્સી) મુંબઈ | તા.03

રણબીર કપૂર, સની દેઓલ અને યશ અભિનીત ફિલ્મ 'રામાયણ'ને લઈને વિવાદ શરૂ થઈ ગયો છે. શ્રી રામલીલા મહાસંઘે ફિલ્મના ડિરેક્ટર નિતેશ તિવારી અને પ્રોડક્શન કંપનીને પત્ર લખીને ચેતવણી આપી છે. મહાસંઘના અધ્યક્ષ અર્જુન કુમારે માંગ કરી છે કે આ દિવાળી પર દેશ-વિદેશમાં રિલીઝ થાય તે પહેલાં આ ફિલ્મ તેમના પ્રતિનિધિમંડળને બતાવવામાં આવે.


**(એજન્સી) ઇસ્લામાબાદ | તા. 03**

પાકિસ્તાનમાં વસવાટ કરતા અસંખ્ય હિન્દુ નાગરિકોને ત્યાંના બંધારણ દ્વારા લઘુમતી તરીકે જે મૌલિક અને કાયદાકીય અધિકારો આપવામાં આવ્યા છે, તેનો જમીની સ્તરે બિલકુલ અમલ કરવામાં આવી રહ્યો નથી. આ ગંભીર સમસ્યાને ધ્યાનમાં રાખીને હવે ત્યાંના પ્રમુખ હિન્દુ સંગઠનો દ્વારા સરકાર સામે એક વ્યાપક અને દેશવ્યાપી આંદોલન તેમજ અભિયાન શરૂ કરવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. ખાસ કરીને ખૈબર પ્રાંતમાં રહેતા હિન્દુ સમુદાયના લોકો હવે પોતાના હકો અને ન્યાય માટે રસ્તા પર ઉતરીને અવાજ બુલંદ કરવા માટે મજબૂર બન્યા છે, જેને કારણે સમગ્ર રાજકીય અને સામાજિક વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે.

દશકો જૂના ઓલ બાલમિક હિન્દુ કોમ્યુનિટીના પ્રમુખ તરીકે નવનિર્વાચિત થયેલા હારૂણ સરબ દયાલના નેતૃત્વ હેઠળ શનિવારે એક વિશેષ અને મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉચ્ચસ્તરીય બેઠકમાં વિવિધ ગામડાંઓમાંથી આવેલા સરપંચો, કાનૂની ક્ષેત્ર સાથે જોડાયેલા વકીલો, સામાજિક કાર્યકર્તાઓ તેમજ અનેક પ્રમુખ સંગઠનોના પ્રતિનિધિઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. ઉપસ્થિત જનમેદનીને સંબોધતા હારૂણ સરબ દયાલે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે તેમનું સંગઠન પાકિસ્તાનના તમામ નાના-મોટા હિન્દુ સંગઠનોને એક છત્ર નીચે એકઠા કરી રહ્યું છે કારણ કે દેશમાં હિન્દુઓને તેમના મૂળભૂત બંધારણીય અધિકારોથી સદંતર વંચિત રાખવામાં આવી રહ્યા છે. દયાલે વધુમાં ઉમેર્યું હતું કે બાલમિક હિન્દુ સમાજ સહિત પાકિસ્તાનમાં વસતી તમામ લઘુમતી જાતિઓ લાંબા સમયથી અસહ્ય અન્યાય અને અત્યાચારનો સામનો કરી રહી છે.

# સરકાર પાસે બહુમતી હોય તો પણ વિપક્ષે પોતાના વિચારો રેકોર્ડ પર રાખવા જોઈએ: શશિ થરૂર

(એજન્સી) નવી દિલ્હી | તા.03

સંસદમાં સત્તા અને વિપક્ષ વચ્ચેના સંવાદ તેમજ મહત્વપૂર્ણ કાયદાકીય પ્રક્રિયાઓને લઈને રાજકીય ચર્ચાઓ જોર પકડી રહી છે. વરિષ્ઠ કોંગ્રેસ સાંસદ શશિ થરૂરે સોમવારે એક નિવેદનમાં ભારપૂર્વક જણાવ્યું છે કે ભલે શાસક સરકાર પાસે સંસદમાં પૂરતી બહુમતી હોય, પરંતુ વિપક્ષી દ્રષ્ટિકોણને પણ રેકોર્ડ પર રાખવો અત્યંત અનિવાર્ય છે, જેથી ભવિષ્યના ન્યાયિક કેસો કે સમીક્ષા વખતે તે માર્ગદર્શક બની શકે.પત્રકારો સાથે વાતચીત કરતા શશિ થરૂરે સંસદમાં અર્થપૂર્ણ સંવાદ અને ચર્ચાની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો. તેમણે અસંતોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે ઘણીવાર બિલ શા માટે પાસ કરવામાં આવ્યું, તેની પાછળનો તર્ક શું હતો અને વિપક્ષના તર્કો શું હતા તે જાણવાની તક જ મળતી નથી. તેમણે કહ્યું, "તેથી, ભલે આપણે જાણીએ કે



સરકાર પાસે બહુમતી છે, આપણે બોલવું જોઈએ અને આપણા વિચારો રેકોર્ડ પર રાખવા જોઈએ જેથી ભવિષ્યના ન્યાયિક કેસો વગેરે માટે પણ એક રેકોર્ડ રહે કે બિલની ચર્ચા સમયે ચિંતાઓ શું હતી વગેરે."

શશિ થરૂરે સરકાર અને વિપક્ષ વચ્ચે સંચારમાં વધી રહેલી ખાઈ તરફ ધ્યાન દોરતા કહ્યું કે સંસદનું સુચારુ સંચાલન સુનિશ્ચિત કરવું એ સરકારની મુખ્ય જવાબદારી છે. તેમણે ઉમેર્યું કે, "સરકાર અને વિપક્ષ વચ્ચે સંચારના અભાવનું એક સ્તર છે જેના કારણે આ અપ્રિય સ્થિતિ સર્જાઈ છે. હું માનું છું કે સરકારના કામનો એક ભાગ એ સુનિશ્ચિત કરવાનો છે કે સંસદ યોગ્ય રીતે કાર્ય કરે, કારણ કે તે તેમના પોતાના હિતમાં છે. તેઓ તેમના બિલ પસાર કરાવવા માંગે છે; તેઓએ ફક્ત વિપક્ષ સાથે વાત કરવા આવવું જોઈએ."શશિ થરૂરે આહ્વાન કર્યું કે સરકારે વિપક્ષ સાથે ગંભીર ચર્ચા કરવી જોઈએ કારણ કે એફસીઆઈ બિલ (FCRA bill), વિકસિત ભારત શિક્ષા અભિયાન, સીમાંકન બિલ (delimitation bill) અને મહિલા આરક્ષણ જેવા વિધેયકો દેશ પર ગહન પ્રભાવ છોડી શકે છે. તેમણે આશા વ્યક્ત કરી કે સરકાર અને વિપક્ષ વચ્ચે વહેલી તકે કોઈ સમજૂતી કે તાલમેલ બેસી જશે.

આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ગત બુધવારે લોકસભા દ્વારા પાસ કરવામાં આવેલું 'પબ્લિક એક્ઝામિનેશન્સ (પ્રિવેન્શન ઓફ અનફેયર મીન્સ) અમેન્ડમેન્ટ બિલ, ૨૦૨૬' શુક્રવારે રાજ્યસભામાં પણ પસાર કરી દેવામાં આવ્યું હતું, જે દરમિયાન વિપક્ષી સભ્યોએ વોકઆઉટ કર્યું હતું.આ કાયદાને લઈને તીવ્ર રાજકીય વિભાજન જોવા મળ્યું હતું. વિપક્ષી પક્ષોએ કેન્દ્ર સરકાર પર ઉતાવળમાં સંશોધનો લાવવાનો અને વારંવાર પેપર લીક થવાના મૂળ કારણોને હલ કરવામાં નિષ્ફળ રહેવાનો આરોપ લગાવ્યો હતો. તેમનો દાવો હતો કે આ બિલ ભવિષ્યની વ્યવસ્થિત સુધારણા લાવવા કરતાં વિદ્યાર્થીઓના વ્યાપક વિરોધને શાંત કરવા માટે લાવવામાં આવ્યું છે. બીજી તરફ, કેન્દ્ર સરકારે આ સંશોધનોનો બચાવ કરતા કહ્યું કે તે ૨૦૨૪ ના કાયદાના અમલીકરણ પછી 'અનુભવમાંથી શીખવાની' સરકારની તૈયારી દર્શાવે છે અને પરીક્ષાકીય ગેરરીતિઓ પર અંકુશ મેળવવા માટે કાનૂની માળખાને વધુ મજબૂત કરવાના હેતુસર છે.

# કેરળમાં ભારે વરસાદને પગલે હવામાન વિભાગ દ્વારા ૧૦ જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ જાહેર

તિનંતપુરમ (કેરળ) : દક્ષિણ ભારતના રાજ્ય કેરળમાં મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. ભારતીય હવામાન વિભાગ (IMD) દ્વારા સોમવારે કેરળના તમામ ૧૪ જિલ્લાઓ માટે વરસાદી ચેતવણી જારી કરવામાં આવી છે, જેમાં રાજ્યભરમાં સતત ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. પરિસ્થિતિની ગંભીરતા જોતાં તંત્ર દ્વારા વ્યાપક સ્તરે સુરક્ષા અને રાહત પગલાં હાથ ધરવામાં આવ્યા છે. હવામાન એજન્સીના જણાવ્યા અનુસાર, કાસરગોડ, કન્નુર, કોઝિકોડ, વાયનાડ, મલપ્પુરમ, એર્નાકુલમ, ઈડુક્કી, કોટાયમ, અલાપ્પુઝા અને પથાનમથિટ્ટા એમ કુલ ૧૦ જિલ્લાઓમાં 'ઓરેન્જ એલર્ટ' (Orange Alert) જારી કરવામાં આવ્યું છે. જ્યારે પલક્કડ, થ્રિસુર, મ અને તિનંતપુરમ જિલ્લાઓ હાલ 'યલો એલર્ટ' (Yellow Alert) હેઠળ છે.

હવામાન વિભાગે આગાહી કરી છે કે રાજ્યભરમાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિભારે વરસાદની સાથે ૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે તોફાની પવનો ફૂંકાઈ શકે છે.શૈક્ષણિક સંસ્થાઓમાં રજા અને માછીમારી પર પ્રતિબંધ

રાજ્યમાં વ્યાપેલા ભારે વરસાદને કારણે ઉત્પન્ન થયેલી આપત્તિજનક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જિલ્લા કલેક્ટરોએ ૧૨ જિલ્લાઓમાં તમામ શૈક્ષણિક સંસ્થાઓ માટે રજા જાહેર કરી છે. આ રજા કાસરગોડ, કન્નુર, વાયનાડ, કોઝિકોડ, મલપ્પુરમ, પલક્કડ, થ્રિસુર, એર્નાકુલમ, ઈડુક્કી, કોટાયમ, પથાનમથિટ્ટા અને અલાપ્પુઝા ખાતેની પ્રોફેશનલ કોલેજો સહિતની તમામ શૈક્ષણિક સંસ્થાઓને લાગુ પડે છે.આ ઉપરાંત, દરિયામાં તોફાની મોજા અને ખરાબ હવામાન યથાવત રહેતા કેરળ, કર્નાટક અને લક્ષદ્વીપના દરિયાકાંઠે માછીમારી કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.મુસળધાર વરસાદના કારણે રાજ્યની મુખ્ય નદીઓમાં પાણીનું સ્તર સતત વધી રહ્યું છે, જેથી દરિયાકાંઠાના અને નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને અત્યંત સતર્ક રહેવાની તાકીદ કરવામાં આવી છે. પહાડી વિસ્તારોમાં ભૂસ્ખલન (landslides) નું જોખમ પણ તોળાઈ રહ્યું છે, જેથી સંવેદનશીલ સ્થળોએ રહેતા નાગરિકોને સુરક્ષિત સ્થળોએ ખસી જવા સલાહ આપવામાં આવી છે.

## News Brief

### કર્ણાટક કેબિનેટના વિસ્તરણને કોંગ્રેસ હાઈકમાન્ડની મંજૂરી, ૧૨ નવા ચહેરાઓ સાથે ૨૦ મંત્રીઓ લેશે શપથ



બેંગલુરુ : કર્ણાટકની રાજનીતિમાંથી મોટા સમાચાર સામે આવ્યા છે. કોંગ્રેસ હાઈકમાન્ડે સોમવારે ડી.કે. શિવકુમારની આગેવાની હેઠળની કર્ણાટક કેબિનેટના વિસ્તરણને મંજૂરી આપી દીધી છે. આ નવા મંત્રીમંડળમાં કુલ ૨૦ મંત્રીઓના નામ ફાઈનલ કરવામાં આવ્યા છે, જેમાં ૧૨ નવા ચહેરાઓને તક આપવામાં આવી છે જ્યારે ૮ જૂના મંત્રીઓને યથાવત રાખવામાં આવ્યા છે. આ કેબિનેટમાં ગાયત્રી શાંતેગોડા એકમાત્ર મહિલા મંત્રી તરીકે સામેલ છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખાર્ગે દ્વારા મંજૂર કરવામાં આવેલા મંત્રીઓની યાદીમાં પીએમ નરેન્દ્રસ્વામી, શિવરાજ તંગડગી, રુદ્રપ્પા લામાણી, કે.એસ. બસવંતપ્પા, બી. નાગેન્દ્ર, ટી. રઘુમૂર્તિ, બી.ઝેડ. જમીર અહેમદ ખાન, રિઝવાન અર્શદ, સંતોષ લાડ, મધુ બંગારપ્પા, પુત્તુરંગાશેટ્ટી, મંકલા વૈદ્ય, અજય સિંહ, એન. ચલુવરાયા સ્વામી, કે.એમ. શિવલિંગે ગૌડા, એચ.સી. બાલકૃષ્ણ, ગાયત્રી શાંતેગોડા, બસવરાજ રાયરેડ્ડી, વિજયાનંદ કાશપ્પનવર અને લક્ષ્મણ સવદીનો સમાવેશ થાય છે.

આ કેબિનેટ વિસ્તરણનો શપથઆ અગાઉ, કર્ણાટક સરકારના મંત્રી પ્રિયંક ખાર્ગેએ જણાવ્યું હતું કે કેબિનેટ વિસ્તરણ અંગેનો અંતિમ નિર્ણય કોંગ્રેસ હાઈકમાન્ડનો હતો. પત્રકારો સાથે વાતચીત કરતા ખાર્ગેએ કહ્યું હતું, "હાઈકમાન્ડ આ અંગે નિર્ણય લઈ રહી છે અને અમે આજે તેની જાહેરાત થવાની અપેક્ષા રાખીએ છીએ. અમારી પાસે ૧૪૦ થી વધુ ધારાસભ્યો છે. અમારી પાસે દરેક જિલ્લામાં અને દરેક સમુદાયમાં ધારાસભ્યો છે.

# નાણાકીય સહાય : પૂર રાહત પેકેજ અને વિતરણ અભિયાન

# આસામના CM દ્વારા ૭૫,000 પૂરગ્રસ્ત પરિવારોના ખાતામાં ૧૧૨ કરોડ રૂપિયાની વચગાળાની રાહત સહાય ટ્રાન્સફર

દિબ્રુગઢ (આસામ) : આસામમાં પૂરગ્રસ્ત પરિવારોને મોટી રાહત આપતા મુખ્યમંત્રી હિમંતા બિશ્વ શર્માએ સોમવારે આશરે ૧૧૨ કરોડ રૂપિયાનું વચગાળાનું પૂર-રાહત પેકેજ લોન્ચ કર્યું છે. આ યોજના અંતર્ગત ચાર જિલ્લાના આશરે ૭૫,૦૦૦ પ્રભાવિત પરિવારોના બેંક ખાતામાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) દ્વારા નાણાકીય સહાય સીધી જમા કરવામાં આવી છે.

સિવાસાંગર, ચરાઈદેવ, જોરહાટ અને ગોલાઘાટથી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા જોડાયેલા લાભાર્થીઓને સંબોધતા મુખ્યમંત્રી હિમંતા બિશ્વ શર્માએ પુષ્ટિ કરી હતી કે દરેક પાત્ર પરિવારને ડીબીટી દ્વારા ૧૫,૦૦૦ રૂપિયાની તાત્કાલિક ગ્રાન્ટ મળી ગઈ છે. આ રાજ્યવ્યાપી નાણાકીય વિતરણ અભિયાન આગામી ૫ ઓગસ્ટ સુધી ચાલુ રહેશે.

કૌટુંબિક રાહત ઉપરાંત, મુખ્યમંત્રીએ પૂરથી ક્ષતિગ્રસ્ત થયેલી શાળાઓ અને આંગણવાડી કેન્દ્રો માટે પ્રત્યેકને ૨ લાખ રૂપિયાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર સપોર્ટ ફંડની પણ જાહેરાત કરી છે. દિબ્રુગઢ સ્થિત મુખ્યમંત્રી સચિવાલય ખાતે યોજાયેલા આ કાર્યક્રમ



દરમિયાન 'પીએમ સૂર્ય ઘર: મુફ્ત બિજલી યોજના' હેઠળ સ્થાનિક પ્રાપ્તકર્તાઓને સબસિડી પણનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં કેબિનેટ મંત્રી કેશવ મહંતા અને સાંસદ રામેશ્વર તેલી પણ ઉપસ્થિત રહ્યા હતા, જે બાદ મુખ્યમંત્રી શર્મા સ્થિતિનું ગ્રાઉન્ડ અસેસમેન્ટ કરવા અને પ્રભાવિત નાગરિકોને મળવા સિવાસાંગર જવા રવાના થયા હતા.

સોમવારે આસામના ગોલાઘાટ જિલ્લામાં પૂરની સ્થિતિમાં સુધારાના સંકેતો જોવા મળ્યા છે, તેમ છતાં નીચાણવાળા ગામોમાં હજુ પણ પૂરના પાણી ભરાયેલા હોવાથી અનેક પરિવારો વિસ્થાપિત અવસ્થામાં છે, જેના કારણે સ્થાનિક લોકો પ્રશાસન પાસે કાયમી ડ્રેનેજ ઉકેલની માંગ કરી રહ્યા છે. કોમારબંધા ગ્રામ પંચાયત હેઠળના વિસ્તારો જેવા કે કુલિયાપાની, કપુહાટીંગ, ના-પામુઆ, રાજનાખત, ખારજન, મહાતગાંવ અને કુમારગાંવમાં પૂરનો પ્રકોપ યથાવત છે અને ઘણા પરિવારો હજુ પોતાના ઘરે પરત ફરી શક્યા નથી. રાહત વિતરણ માટે પ્રભાવિત વિસ્તારોની મુલાકાત લેનાર સિદ્ધાર્થ બોરાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે પાણીના યોગ્ય પ્રવાહની સિસ્ટમના અભાવે પૂર આ ક્ષેત્ર માટે દર વર્ષની કાયમી સમસ્યા બની ગયું છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, પડોશી રાજ્ય નાગાલેન્ડમાં ભારે વરસાદ પડતી વખતે ભૌગોલિક સ્થિતિ અને ડ્રેનેજ આઉટલેટ્સના અભાવને કારણે લાંબા સમય સુધી પાણી ભરાઈ રહેવાની સમસ્યા સર્જાય છે. પ્રભાવિત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરી ચાલુ છે ત્યારે સત્તાવાળાઓ પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે. આ દરમિયાન, આસામના મંત્રી પિયુષ હજારીકાએ સિવાસાંગર જિલ્લાના પૂરગ્રસ્ત ડેમો અને નાઝીરા વિધાનસભા મતવિસ્તારોની મુલાકાત લઈને જિલ્લા વશાસન દ્વારા ચલાવવામાં આવી રહેલા રાહત અને પુનર્વસન કાર્યોની સમીક્ષા કરી હતી.

## દિલ્હીના ઉસમાનપુરમાં મકાનની છત ધરાશાયી થવાથી પતિ-પત્નીના કરુણ મોત, CM દ્વારા તપાસના આદેશ

નવી દિલ્હી : દુર્ઘટના અંગે દિલ્હી સરકારે ઊંડો શોક વ્યક્ત કર્યો છે અને મુખ્યમંત્રી રેખા ગુપ્તા દ્વારા સમગ્ર ઘટનાની ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપવામાં આવ્યા છે. સત્તાવાર અધિકારીઓ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, આ કરુણ ઘટના ઉત્તર-પૂર્વ દિલ્હીના ઉસમાનપુર વિસ્તાર હેઠળ આવતા ગોંડા વિસ્તારના જેપી નગર (જયપ્રકાશ નગર) ખાતે મોડી રાત્રે બની હતી. મકાનની છત અચાનક તૂટી પડવાને કારણે ઘરમાં સૂઈ રહેલા પતિ-પત્ની કાટમાળના ઢગ નીચે ફસાઈ ગયા હતા. ઘટનાની જાણ થતા જ સ્થાનિક નાગરિકો અને પોલીસ કર્મચારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને યુદ્ધના ધોરણે બચાવ કામગીરી હાથ ધરી હતી. વરિષ્ઠ સ્ટેશન ઓફિસર (STO) સુનીલ સાગરે જણાવ્યું હતું કે, "બે વ્યક્તિઓ, એક પતિ અને પત્ની, કાટમાળ નીચે ફસાયેલા હતા. તેમના મૃતદેહોને જનતા અને પોલીસ દ્વારા બહાર કાઢીને તાત્કાલિક જગ પ્રવેશ ચંદ્ર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા." હોસ્પિટલ પહોંચતા જ મુખ્ય ચિકિત્સા અધિકારી (CMO) ડો. સંતોષે બંનેને મૃત જાહેર કર્યા હતા.દુર્ઘટનામાં મૃત્યુ પામનારા દંપતીની ઓળખ ટિંકુ (૩૨) અને તેમની પત્ની ઉર્મિલા (૩૦) તરીકે થઈ છે.દિલ્હી મુખ્યમંત્રી કાર્યાલય (CMO) દ્વારા સોશિયલ મીડિયા પર જારી કરવામાં આવેલા સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "દિલ્હી સરકાર ઉસમાનપુરમાં છત ધરાશાયી થવાની ઘટનામાં પોતાના બે સ્વજનો ગુમાવનાર પરિવાર પ્રત્યે દિલસોજી વ્યક્ત કરે છે. બચાવ અને કટોકટી ટીમોએ તાત્કાલિક કાર્યવાહી કરી હતી. એક વ્યાપક શોધખોળ અભિયાન દ્વારા પુષ્ટિ કરવામાં આવી છે કે કાટમાળ નીચે હવે કોઈ ફસાયેલું નથી." નિવેદનમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે, "મુખ્યમંત્રી શ્રીમતી રેખા ગુપ્તાએ સંબંધિત સત્તાવાળાઓને પ્રભાવિત પરિવારને તમામ શક્ય સહાય પૂરી પાડવા, આ ઘટનાની સઘન તપાસ સુનિશ્ચિત કરવા અને તમામ જરૂરી પગલાં લેવા નિર્દેશ આપ્યો છે."પ્રાથમિક તપાસ બાદ આ માળખાકીય પતન (structure's collapse) ના સાચા કારણો અંગે હજુ વધુ વિગતોની પ્રતીક્ષા કરવામાં આવી રહી છે.

# રામ મંદિર દાન ચોરી મામલે સર્વોચ્ચ અદાલતમાં તપાસની માંગ

નવી દિલ્હી : અયોધ્યા ખાતે આવેલા શ્રી રામ જન્મભૂમિ મંદિરમાં કથિત દાન ઉચાપત અને ભ્રષ્ટાચારના ગંભીર મામલાને લઈને દેશભરમાં રાજકારણ ગરમાયું છે, જેમાં વરિષ્ઠ કોંગ્રેસ નેતા અને રાજ્યસભા સાંસદ રાજીવ શુક્લાએ સર્વોચ્ચ અદાલતની દેખરેખ હેઠળ એક નિષ્પક્ષ તપાસ કરાવવાની માંગ કરી છે, કારણ કે આ ઘટનાએ દેશના કરોડો શ્રદ્ધાળુઓની આસ્થાને ઊંડો આઘાત આપ્યો છે અને લોકોનો વિશ્વાસ ડગમગી ગયો છે.મીડિયા અહેવાલ મુજબ, આ મામલે મંદિર આંદોલન સાથે જોડાયેલા મુખ્ય સંગઠનોએ પણ નાણાકીય અનિયમિતતાઓ થઈ હોવાનું સ્વીકાર્યું છે. કોઈ પણ આ બાબતને નકારી રહ્યું નથી ત્યારે વાસ્તવિક હકીકતો બહાર લાવવી અત્યંત આવશ્યક બની ગયું છે. ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તે માટે કડક પગલાં લેવા પડશે. એક વિશેષ સમિતિ દ્વારા નિષ્પક્ષ તપાસ હાથ ધરીને દોષિતોને સખત સજા આપવી જોઈએ જેથી ભક્તોનો વિશ્વાસ પુનઃસ્થાપિત થઈ શકે.મંદિરના દાન અને અર્પણો સાથે લોકોની ગહન ભાવનાત્મક તથા આધ્યાત્મિક આસ્થા જોડાયેલી છે. વર્ષોથી ચાલી રહેલી આ પ્રકારની ચોરી અને ગેરરીતિઓના કારણે સામાન્ય જનતાની શ્રદ્ધા પર પ્રહાર થયો છે. આ સ્થિતિમાં દાનની રકમ અને ભેટ-સોગાદોની દેખરેખ માટે અત્યંત કડક અને પારદર્શક વ્યવસ્થા ગોઠવવી અનિવાર્ય છે, જેથી કોઈ પણ વ્યક્તિ પવિત્ર ભંડોળ સાથે ચેડાં કરવાની હિંમત ન કરી શકે.

દરમિયાન, ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને સાંસદ નિશકાંત દુબેએ ઝારખંડમાં રાજ્ય સરકારના ભરતી બોર્ડ દ્વારા લેવાયેલી પરીક્ષાઓમાં થયેલી કથિત અનિયમિતતાઓને લઈને વિદ્યાર્થીઓ દ્વારા ચાલી રહેલા આંદોલનને સમર્થન જાહેર કર્યું છે. રાષ્ટ્રીય રાજધાનીમાં પત્રકારો સાથે વાતચીતમાં તેમણે આક્ષેપ કર્યો છે કે વર્તમાન શાસક ગઠબંધન હેઠળ રાજ્યની ભરતી સંસ્થાઓમાં વ્યાપક ભ્રષ્ટાચાર અને ભાઈભતીજાવાદ ફેલાયેલા છે.છેલ્લા સાત-આઠ વર્ષથી સરકારી નોકરીઓની પરીક્ષાઓમાં પારદર્શિતાનો અભાવ જોવા મળ્યો છે જેના કારણે રાજ્યના યુવાનો બેરોજગાર રઝળી રહ્યા છે અને આ જ કારણોસર સતત વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. શાસક પક્ષો દ્વારા જાહેર સેવા આયોગમાં રાજકીય નિયુક્તિઓ કરીને યોગ્ય ભરતી પ્રક્રિયાને નબળી પાડવામાં આવી છે, જેનાથી યુવાવર્ગમાં ભારે આક્રોશ ફેલાયો છે. વિરોધ પક્ષોના સંયુક્ત બેઠક બાદ કોંગ્રેસ અધ્યક્ષ અને રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખાર્ગેએ સોમવારે સોશિયલ મીડિયા અને સંસદ માધ્યમથી કેન્દ્ર સરકાર સામે આકરા પ્રશ્નો ઉઠાવ્યા હતા.

# નીટ પેપર લીક

## પીડિતોના પરિવારોને હજુ સુધી વળતર નથી મળ્યું, માંગણીઓ સંતોષવામાં નહીં આવે તો ફરી આંદોલન કરીશું: અભિજીત દીપકે

છત્રપતિ સંભાજીનગર : નીટ પેપર લીક (NEET paper leak) ના વિવાદ વચ્ચે કોકરોચ જનતા પાર્ટી (CJP) ના સ્થાપક અભિજીત દીપકે સોમવારે કેન્દ્ર સરકારને સ્પષ્ટ ચેતવણી આપી છે. જો સરકાર દ્વારા અગાઉ સ્વીકારેલી માંગણીઓ અને વચનો પૂરા કરવામાં નહીં આવે તો આગામી સમયમાં ફરીથી ધરણા પ્રદર્શન (sit-in protest) કરવામાં આવશે તેવી જાહેરાત તેમણે કરી છે. એએનઆઈ સાથેની વાતચીત દરમિયાન અભિજીત દીપકે સરકારની નીતિઓ પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે



જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે નીટ-યુજી (NEET-UG) ના આત્મહત્યા કરનાર ઉમેદવારોના પરિવારોને હજુ સુધી ૧ કરોડ રૂપિયાનું વળતર ચૂકવ્યું નથી.દીપકે વધુમાં જણાવ્યું કે, "અમે ઈચ્છીએ છીએ કે સરકાર આ (સંમત થયેલી માંગણીઓ) પૂરું કરે; નહીંતર અમારે ફરીથી વિરોધ પ્રદર્શનમાં બેસવું પડશે. અમે પરિવારોને ૧ કરોડ રૂપિયા વળતર પેટે આપવાની માંગણી પણ કરી હતી. સરકાર પાસેથી કોઈપણ પરિવારને વળતર મળ્યું નથી. મને જાણવા મળ્યું છે કે સરકારે કહ્યું છે કે આ માટે નિયમો અને ધોરણો ચકાસવા પડશે. જ્યારે તમારે ધારાસભ્યો કે સાંસદો ખરીદવા હોય ત્યારે તમે કરોડો રૂપિયા ખર્ચો છો, પરંતુ વળતર આપવા માટે તમારે પહેલા નિયમો તપાસવા પડે છે. આનો અર્થ એ થયો કે તેમનો ઈરાદો સાચો નથી."સીજેપીની મુખ્ય માંગણીઓમાં પીડિત પરિવારોને યોગ્ય આર્થિક સહાય ઉપરાંત પૂર્વ શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું અને આંદોલનકારીઓ સામેના એફઆઈઆર પાછા ખેંચવાનો સમાવેશ થતો હતો. આ માંગણીઓ અંગે આશ્વાસન મળ્યા બાદ સીજેપીએ ૨૫ જુલાઈએ જંતર મંતર પર ચાલતું પોતાનું ૩૭ દિવસીય આંદોલન સમેટ્યું હતું. અભિજીત દીપકે સ્પષ્ટ કર્યું છે કે તેઓ નવા કેન્દ્રીય શિક્ષણ મંત્રી તરીકે પ્રહલાદ જોશીની નિમણૂકનું સમર્થન કરતા નથી. તેમણે આરોપ લગાવ્યો કે, "અમારી માંગ શિક્ષણ મંત્રીના રાજીનામાની હતી, અને તે સંતોષાઈ. પરંતુ તેમના (ધર્મેન્દ્ર પ્રધાન) સ્થાને કોને શિક્ષણ મંત્રી બનાવાયા? પ્રહલાદ જોશીને. તેઓ બિલકિસ બાનોના બળાત્કારીઓનો સત્કાર કરતા જોવા મળ્યા હતા.

## નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે દ્વારા આયોજિત

# ૭૨મી ઓલ ઈન્ડિયા ઈન્ટર-રેલ્વે ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ શરૂ








માલીગાંવ | નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે (NFR), NFR સ્પોર્ટ્સ એસોસિએશન (NFRSA) દ્વારા, ૩ ઓગસ્ટથી ૭ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન માલીગાંવના NFRSA ઈન્ડોર સ્ટેડિયમ ખાતે ૭૨મી ઓલ ઈન્ડિયા ઈન્ટર-રેલ્વે ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ (પુરુષો અને મહિલા) ૨૦૨૬-૨૭નું આયોજન કરી રહી છે.આ પ્રતિષ્ઠિત ચેમ્પિયનશિપ ભારતીય રેલ્વેના વિવિધ ઝોનલ રેલ્વે અને ઉત્પાદન એકમોનું પ્રતિનિધિત્વ કરતા પ્રતિભાશાળી ટેબલ ટેનિસ ખેલાડીઓને એકસાથે લાવશે અને તેમને સ્વસ્થ રમત સ્પર્ધા, ટીમવર્ક અને શ્રેષ્ઠતા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડશે. આ ટુર્નામેન્ટમાં દેશભરની વિવિધ રેલ્વે ટીમોના ૬૫ પુરુષ અને ૩૧ મહિલા ખેલાડીઓ ભાગ લેશે. વધુમાં, રેલ્વે બોર્ડ દ્વારા નિયુક્ત ૧૭ નિયુક્ત રેફરી, બે પસંદગીકારો અને એક નિરીક્ષક ચેમ્પિયનશિપના સંચાલનનું નિરીક્ષણ અને દેખરેખ રાખશે.પાંચ દિવસીય ચેમ્પિયનશિપમાં પુરુષો અને મહિલાઓ બંને શ્રેણીઓમાં સ્પર્ધાઓ યોજાશે. દેશભરના રેલવે ખેલાડીઓ ટોચના સન્માન માટે સ્પર્ધા કરશે, જે ભારતીય રેલવેમાં મજબૂત રમત સંસ્કૃતિ અને શ્રેષ્ઠતા પ્રત્યેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.૩ ઓગસ્ટના રોજ યોજાયેલા ઉદ્ઘાટન સમારોહમાં, નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલવેના એડિશનલ જનરલ મેનેજર શ્રી રમેશ કુમાર મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા.ઉદઘાટન સમારોહની શરૂઆત ભાગ લેનાર ટીમોના પરિચય સાથે થઈ, ત્યારબાદ મુખ્ય મહેમાનના આગમન, NFRSAના પ્રમુખ દ્વારા સ્વાગત પ્રવચન, ધ્વજવંદન, રેલવે બોર્ડના અધિકારીઓનો પરિચય, મુખ્ય મહેમાનનું સંબોધન, સન્માન સમારોહ અને ચેમ્પિયનશિપની ઔપચારિક ઘોષણા સાથે થઈ.નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલવેએ ગુણવત્તાયુક્ત માળખાગત સુવિધાઓ અને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે શ્રેષ્ઠ દેખાવ કરવા માટે રેલ્વે ખેલાડીઓને તકો પૂરી પાડીને રમતગમતને સતત પ્રોત્સાહન આપ્યું છે.

## સરકાર સમક્ષ ત્રણ મુખ્ય માંગણીઓ મૂકી

# ઈથેનોલ નીતિ ખામીયુક્ત હોવાનો દાવો કરી અરવિંદ કેજરીવાલની PMના નિવાસસ્થાન તરફ માર્ચ કરવાની જાહેરાત

નવી દિલ્હી : આમ આદમી પાર્ટી (AAP) ના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે કેન્દ્ર સરકારની ઈથેનોલ નીતિ સામે મોરચો ખોલ્યો છે. સોમવારે એક નિવેદનમાં કેજરીવાલે જાહેરાત કરી હતી કે



તેઓ મંગળવારે બપોરે ૧૨:૦૦ વાગ્યે વડાપ્રધાનના નિવાસસ્થાન તરફ કૂચ કરશે. આ દરમિયાન તેઓ કેન્દ્ર સરકારની કથિત "ખામીયુક્ત" ઈથેનોલ નીતિ વિરુદ્ધ ૨.૩૩ લાખથી વધુ નાગરિકો દ્વારા હસ્તાક્ષર કરાયેલી ઓનલાઈન અરજી (પિટિશન) વડાપ્રધાનને રૂબરૂ સોંપશે.મીડિયા સાથે વાતચીત કરતા અરવિંદ કેજરીવાલે જણાવ્યું હતું કે, " થોડા દિવસો પહેલા અમે વડાપ્રધાનને સંબોધિત એક ઓનલાઈન પિટિશન શરૂ કરી હતી, અને ટૂંકા સમયમાં જ આશરે ૨,૩૩,૨૩૮ લોકોએ તેના પર સહી કરી છે. મંગળવારે બપોરે ૧૨:૦૦ વાગ્યે હું મારી ઓફિસથી ૧૦૦ લોકોના સમૂહ સાથે વડાપ્રધાનના નિવાસસ્થાન તરફ રવાના થઈશ. અમે આ પિટિશન તેમને વ્યક્તિગત રીતે સોંપવા માંગીએ છીએ અને ચર્ચા કરવા માંગીએ છીએ કે શા માટે ઈથેનોલ નીતિ ખામીયુક્ત છે."શનિવારે નવી દિલ્હીમાં કન્સ્ટીટ્યુશન ક્લબ બહાર યોજાયેલા ટાઉનહોલ કાર્યક્રમમાં પણ કેજરીવાલે આ મુદ્દો ઉઠાવ્યો હતો અને પિટિશનની પ્રિન્ટઆઉટ કાઢી લીધી હોવાનું જણાવ્યું હતું.આ પ્રદર્શન અંગે સ્પષ્ટતા કરતા કેજરીવાલે કહ્યું કે આ માર્ચ માટે વિશાળ ભીડ એકત્ર કરવાની કોઈ જરૂર નથી.

### ત્રણ મુખ્ય માંગણીઓ

1. પેટ્રોલ પંપ પર E20 અને શુદ્ધ પેટ્રોલ બંનેનો વિકલ્પ ઉપલબ્ધ હોવો જોઈએ.
2. E20 ઇંધણ શુદ્ધ પેટ્રોલ કરતા સસ્તું હોવું જોઈએ.
3. પેટ્રોલની કિંમત ૮૪ રૂપિયા પ્રતિ લીટરથી ઓછી હોવી જોઈએ.

## દુર્ઘટના અકસ્માત હતો કે આત્મહત્યા, તે જાણવા માટે તમામ પાસાઓની ગંભીરતાથી તપાસ કરી રહ્યા છે

# દિલ્હીમાં ટ્રેનની અડફેટે આવવાથી યુપીના યુવક અને યુવતીના કરુણ મોત



નવી દિલ્હી : રાજધાની દિલ્હીમાં હઝરત નિઝામુદ્દીન રેલવે સ્ટેશન નજીક એક દર્દનાક અકસ્માત સર્જાયો છે. ઉત્તર પ્રદેશના બુલંદશહર જિલ્લાના રહેવાસી એક યુવક અને યુવતીના ટ્રેનની અડફેટે આવવાથી કરુણ મોત નીપજ્યા છે. પોલીસે સોમવારે આ અંગેની માહિતી આપતા જણાવ્યું હતું કે આ ઘટના ઓખલા અને હઝરત નિઝામુદ્દીન રેલવે સ્ટેશનો વચ્ચે બની હતી. દિલ્હી પોલીસને રવિવારે રાત્રે આશરે ૮:૪૭ વાગ્યે આ દુર્ઘટના અંગે માહિતી મળી હતી. માહિતી મળતા જ હઝરત નિઝામુદ્દીન રેલવે પોલીસ સ્ટેશનની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી, જ્યાં બંને પીડિતોના મૃતદેહ રેલવે ટ્રેક પર પડેલા મળી આવ્યા હતા. ડીસીપી રેલવેના જણાવ્યા અનુસાર, રેલવે મેમો મળ્યા બાદ એએસઆઈ યોગેન્દ્ર કુમાર અને તેમનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને વિગતવાર તપાસ માટે ક્રાઈમ ટીમ પણ બોલાવવામાં આવી હતી.મૃતકોની ઓળખ સાગર (૨૩), પુત્ર મોહન લાલ, અને શિવાની (૨૦), પુત્રી દેવિન્દર તરીકે થઈ છે. બંને ઉત્તર પ્રદેશના બુલંદશહર જિલ્લાના સિયાના ટાઉનના રહેવાસી હતા. પુરુષ મૃતકના ખિસ્સામાંથી એક ઓળખ દસ્તાવેજ મળી આવ્યો હતો, જેના આધારે તેમની ઓળખ થઈ શકી હતી અને ત્યારબાદ યુવતીની પણ ઓળખ પ્રસ્થાપિત થઈ હતી. અધિકારીઓએ જણાવ્યું કે સાગર એક વીમા કંપનીમાં નોકરી કરતો હતો.

પ્રાથમિક તપાસ મુજબ, આ યુગલે સોમવારે બપોરે બુલંદશહરથી દિલ્હીની મુસાફરી કરી હતી. જોકે, તેઓ રેલવે ટ્રેક પર કયા સંજોગોમાં પહોંચ્યા તેની ચોક્કસ માહિતી હજુ તપાસ હેઠળ છે. પોલીસે પુષ્ટિ કરી છે કે ઘટનાસ્થળેથી અત્યાર સુધી કોઈ સુસાઈડ નોટ મળી નથી. ડીસીપી રેલવેએ જણાવ્યું કે, "બ બંને મૃતદેહોને એલએનજેપી હોસ્પિટલ (LNJP Hospital) ના શબઘરમાં સાચવવામાં આવ્યા છે અને તેમના પરિવારોને જાણ કરી દેવામાં આવી છે. સેક્શન ૧૯૪(૧) હેઠળની કાર્યવાહી હાલ ચાલુ છે." અધિકારીઓ આ દુર્ઘટના અકસ્માત હતો કે આત્મહત્યા, તે જાણવા માટે તમામ પાસાઓની ગંભીરતાથી તપાસ કરી રહ્યા છે.

## સુરતમાં કિન્નરના બે જૂથ સામસામે, ઘરમાં ઘૂસીને ચપ્પુના ઘા માર્યા

સુરત | સુરતના લસકાણા વિસ્તારમાં કિન્નરોના બે જૂથ વચ્ચે જૂની અદાવતમાં લોહિયાળ ખેલ ખેલાયો હોવાની ઘટના સામે આવી છે. અમરોલી વિસ્તારમાં રહેતા અને શહેરના વિવિધ વિસ્તારોમાં ટ્રેડ બેગિંગ કરીને ગુજરાન ચલાવતા 29 વર્ષીય કિન્નર સપનાકુંવર નંદનીકુંવર પર 5 જેટલા કિન્નરોએ એકસંપ થઈ જીવલેણ હુમલો કર્યો હતો. રેલ્વે સ્ટેશન પર બોલાચાલી થયા બાદ આ અદાવત રાખી આરોપીઓ લસકાણા સ્થિત ઘર સુધી પહોંચી ગયા હતા.ઘટનાની વિગતો અનુસાર, ગત તા.30 જુલાઈ, 2026ના રોજ બપોરે બે વાગ્યાના સુમારે સપનાકુંવર તેના સહયોગી કિન્નર મિત્રો સાથે સુરત રેલ્વે સ્ટેશન પર હાજર હતા.


# સિટી એક્સપ્રેસ

TUESDAY 04 AUGUST-2026

AHMEDABAD


## નર્મદા કોર્ટની સજા સામે સ્ટે લેવા ચૈતર વસાવા હાઈકોર્ટના શરણે

અમદાવાદ | ધારાસભ્ય ચૈતર વસાવાને ફોરેસ્ટ ઓફિસર પર હુમલો અને હવામાં ફાયરિંગ કરવાના કેસમાં નર્મદા જિલ્લા કોર્ટે 7 વર્ષની કેદની સજા ફટકારી હતી. જેમાં નર્મદા કોર્ટના હુકમ સામે સ્ટે લેવા MLA ચૈતર વસાવા હાઈકોર્ટના શરણે ગયા છે. ચૈતરની જામીન અરજી પર 5 ઓગસ્ટે હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવશે.નર્મદાના ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા, તેમના પત્ની શકુંતલા વસાવા સહિતના આરોપીઓ સામે નર્મદા પોલીસે જમીન બાબતે ફોરેસ્ટ વિભાગના ઓફિસરને ઘરે બોલાવીને માર મારવા, ધમકાવવા અને હવામાં ગોળીબાર સંદર્ભે IPCની કલમ 143, 14,1 149, 186, 294, 353, 386 અને આર્મ્સ એકટની કલમ 25 વગેરે મુજબ ગુન્હો નોંધ્યો હતો.



# પેપર લીકની રેલીમાં કોંગ્રેસના નેતાઓએ નારા લગાવ્યા

## 'નરેન્દ્ર મોદી વીક છે એટલે પેપર લીક છે':'ધર્મેન્દ્ર પ્રધાન ઝાંકી હૈ અભી તો અમિત શાહ બાકી હૈ...'

અમદાવાદ | કોંગ્રેસે વડાપ્રધાન અને કેન્દ્રીય ગૃહમંત્રીને 'જનરલ ડાયર' સાથે સરખાવ્યાં NEET પેપર લીક મુદ્દે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર થયેલા લાઠીચાર્જ અને શિક્ષણના વ્યાપારીકરણ મુદ્દે ગુજરાત કોંગ્રેસ આજે (૩ ઓગસ્ટ) રસ્તા પર ઉતરી હતી. સરકારના વિરોધમાં અમદાવાદના નહેરુબ્રિજથી સરદાર બાગ સુધી રેલી યોજી 'છાત્રો કી ગુંજ' અભિયાન અંતર્ગત સરદારબાગ ખાતે ધરણા કર્યા હતા. પોલીસ દ્વારા પહેલેથી જ બે JCP, ત્રણ પીઆઇ સહિત મોટી સંખ્યામાં પોલીસ કાફલો પતંગ હોટેલ પાસે ખડકી દેવામાં આવ્યો હતો.

નહેરુબ્રિજથી રેલીની શરૂઆત થઈ 'હાય રે ભાજપ હાય હાય'ના નારા સાથે રેલી આગળ વધી હતી. અમદાવાદ શહેર કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા, પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી સહિતના નેતાઓ અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ જોડાયા. 'અમિત શાહ રાજીનામું આપો'ના નારા પણ લાગ્યા હતા.

ખાનપુર ખાતે આવેલા ભાજપના કાર્યાલયથી અંદાજે 100 મીટરના અંતર પર ગુજરાત કોંગ્રેસમાં પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા સહિત પ્રદેશના નેતાઓ, કોંગ્રેસના કાર્યકર્તાઓ અને મોટી સંખ્યામાં યુથ કોંગ્રેસ અને NSUIના કાર્યકર્તાઓ ધરણા પ્રદર્શન પર બેઠા હતા. કોંગ્રેસે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના કહેવાથી પોલીસે વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ કર્યો હોવાનો આક્ષેપ કરી રાજીનામાની પણ માંગ કરી હતી. વિદ્યાર્થીઓ સામે નોંધેલી FIR પરત ખેંચી લાઠીચાર્જ કરનારા પોલીસકર્મીઓ સામે પણ કડક કાર્યવાહી કરવા માંગ કરી હતી

તેમજ બિહારમાં પણ વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસના ગોળીબારનો વીડિયો વાયરલ થયો હતો. જેથી પ્રદર્શન દરમિયાન કોંગ્રેસના નેતાઓએ ટીયર ગેસ નહીં ચલેગી, AK 47 નહીં ચલેગી ના નારા લગાવ્યા હતા. તેમજ જે પણ પોલીસકર્મીઓ દ્વારા AK 47માંથી ગોળીબાર કર્યો હતો તેમના સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ કહ્યું કે, ભાજપનું શાસનને અંગ્રેજો કરતા પણ ખરાબ છે. જ્યાં સુધી અમિત શાહ રાજીનામું નહીં આપે ત્યાં સુધી રસ્તા પર આવીને આંદોલન ચાલુ રાખવામાં આવશે.

નવા અંગ્રેજોના શાસનને હવે દેશના યુવાનો નહીં ચલાવી લેઃ અમિત ચાવડા ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું કે, શિક્ષાનું જે રીતે વ્યાપારીકરણ થયું તેના કારણે વિદ્યાર્થીઓ, વાલીઓ અને આખો દેશ વિરોધ દર્શાવી રહ્યો છે. વારંવાર પેપર લિક થતું હોવાથી વિદ્યાર્થીઓને નુકસાન થઈ રહ્યું છે. આખા દેશના વિદ્યાર્થીઓ જંતરમંતર પર આવીને શિક્ષણનું વ્યાપારીકરણ કરનાર સરકાર સામે અવાજ ઉઠાવે ત્યારે વિદ્યાર્થીઓ સાથે વાત કરવા અથવા સંવાદ કરવાના બદલે દેશના વડાપ્રધાન અને ગૃહ મંત્રીના આદેશથી વિદ્યાર્થીઓ પર બેફામ લાઠીચાર્જ કરવામાં આવ્યો. ટીયર ગેસ છોડીને બહેન-દીકરીઓ પર ખૂબ જ બર્બરતા પૂર્વક અત્યાચાર કરવામાં આવ્યો. બિહારમાં Ak 47થી ગોળીબાર કરવામાં આવ્યો છે, છતાં પણ હજુ સુધી લાઠીચાર્જ કરનાર સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. બહેન-દીકરીઓ પર અત્યાચાર અને લાઠીચાર્જ કરનારને આદેશ આપનાર જનરલ ડાયર સામે જ્યાં સુધી કોઈ કાર્યવાહી કરવામાં નહીં આવે ત્યાં સુધી વિદ્યાર્થીઓ માટે રસ્તા પર ઉતરીને લડીશું. નવા અંગ્રેજોના શાસનને હવે દેશના યુવાનો નહીં ચલાવી લે. કોંગ્રેસના નેતાઓ ધરણા પ્રદર્શન કરતા હોવાથી અમુક જગ્યાને બેરિકેડ લગાવીને બંધ કરી વાહનચાલકો માટે બ્રિજ ખુલ્લો મૂકવામાં આવ્યો છે.






### સરદારબાગ ખાતે ધરણા પ્રદર્શન

સરદારબાગ ખાતે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા સહિત કોંગ્રેસના નેતાઓ અને કાર્યકર્તાઓ ધરણા પ્રદર્શન પર બેઠા છે. ખાનપુર ભાજપ કાર્યાલયથી 100 મીટરના અંતરે ધરણા

ખાનપુર ભાજપ કાર્યાલયથી અંદાજે 100 મીટરના અંતર પર કોંગ્રેસના નેતાઓએ ધરણા કરી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના રાજીનામાની માગ કરી છે.

કોંગ્રેસ નેતા કરસનદાસ ભાદરકાએ અને પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે મોદી અને શાહ મુર્દાબાદના નારા લગાવ્યા છે.

'વિદ્યાર્થીઓ અને યુવાઓ પરની ખોટી FIR બંધ કરો'ના પોસ્ટર સાથે કોંગ્રેસના નેતાઓએ 'ભાજપ હાય હાય'ના નારા લગાવ્યા છે. 'નરેન્દ્ર મોદી વીક છે, એટલે પેપર લીક છે'ના નારા સાથે રેલી નહેરુબ્રિજ પર પહોંચી છે.

'ધર્મેન્દ્ર પ્રધાન ઝાંકી હે અભી તો અમિત શાહ બાકી છે'ના કોંગ્રેસના નેતાઓએ નારા લગાવ્યા છે.

પ્રદેશ પ્રમુખ અમિત શાહે પહોંચી રેલી શરૂ કરાવી છે. નહેરુબ્રિજથી સરદારબાગ સુધી રેલી યોજાશે. 'હાય રે ભાજપ હાય હાય'ના નારા સાથે મોટી સંખ્યામાં લોકો રેલી જોડાયા છે.

પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી જણાવ્યું કે, ભાજપની સરકાર દરેક વ્યક્તિ પર જુલમ ગુજારી રહી છે. NEET પેપરલીક થયું ત્યારે શાંતિપૂર્વક વિરોધ પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ પર પણ જુલમ ગુજારવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓને ન્યાય આપવાના બદલે તેમના પર જુલમ, લાઠી અને ગોળીઓ વરસાવવામાં આવી હતી. રાહુલ ગાંધીએ રજૂઆત કરી તો તેમના સાથે પર દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો. ફરજિયાત પડી તો કેન્દ્રી શિક્ષણમંત્રીનું રાજીનામુ લઈ લેવામાં આવ્યું હતું, જેથી અમારી માંગણી છે કે જે લોકોએ વિદ્યાર્થીઓ પર અત્યાચાર કર્યો તેમના પર કડક પગલા લેવામાં આવે અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ રાજીનામું આપે તેવી માંગણી છે. 'અમિત શાહ રાજીનામું આપો'ના નારા સાથે શહેર પ્રમુખ, પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી સહિતના નેતાઓ નહેરુ બ્રિજ પહોંચ્યા છે. સેક્ટર-1 JCP નીરજ બડગુજરે જણાવ્યું કે, નહેરુબ્રિજ ખાતે ધારણા અને રેલી માટેની મંજૂરી આપવામાં આવી છે. ટ્રાફિકજામ ન થાય અને કોઈ અગવડતા ન પડે તે માટે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. 400થી 500 જેટલો પોલીસ સ્ટાફ ગોઠવવામાં આવ્યો છે.

# અમદાવાદના મનપસંદ કલબમાં હાઈ પ્રોફાઈલ જુગાર, 20 કલાક વધુથી રેડ ચાલુ

### મુખ્ય સંચાલક ગામો, નિવૃત્ત પોલીસકર્મી અને ડિંગુચા કબૂતરબાજી કેસના બોબી પટેલના કનેક્શનની ચર્ચા; 180ની ધરપકડ



અમદાવાદ | અમદાવાદના દરિયાપુરમાં આવેલી મનપસંદ કલબમાં ચાલતાં હાઈપ્રોફાઈલ જુગારમાં ગઈકાલે(2 ઓગસ્ટ) બપોરથી SMCની રેડ ચાલી રહી છે. ગઈકાલે રવિવાર હોવાથી મોટી સંખ્યામાં જુગારીઓ કલબમાં હાજર હતા. આ દરમિયાન રેડ થતા તમામને કલબમાં જ રાખવામાં આવ્યા છે.

રેડ દરમિયાન SMCના SP અને DIG સહિતના અધિકારીઓ પણ સ્થળ પર દોડી આવ્યા હતા. પોલીસ દ્વારા 20 કલાક વધુથી રેડ ચાલુ છે, હજુ આરોપીના નિવેદન લેવામાં આવી રહ્યા છે.

મનપસંદ જીમખાનાનો મુખ્ય સંચાલક ગામો ઉર્ફે ગોવિંદ ઉર્ફે ગામો ખોડીદાસ પટેલ છે. ગામા સાથે એક નિવૃત પોલીસકર્મી અને ડિંગુચા કબૂતરબાજી કેસનો બોબી પટેલ પણ જોડાયેલા હોવાની ચર્ચા છે. અગાઉ પણ આ કલબમાં અનેક રેડ થઈ છે. અગાઉની કેટલીક રેડમાં હાઈકોર્ટનો ઓર્ડર બતાવી ગામો બચી જતો હતો, ત્યારે આ વખતે SMCની રેડમાં પોલીસના સંકજામાં આવી ગયા છે. દરિયાપુરના વાઘજીપુરામાં આવેલી મનપસંદ કલબમાં ગઈકાલે બપોરથી SMCની ટીમે ચોક્કસ બાતમીના આધારે રેડ કરી હતી. આ રેડ દરમિયાન કલબમાં જુગાર રમતા 180 જુગારીઓ ઝડપાયા હતા. જીમખાનામાં રેડ દરમિયાન ત્રણેય માળ પરના હોલમાં 35થી 40 ટેબલ પર જુગારીઓ જુગાર રમતા હતા.

SMCની ટીમે તમામની અટકાયત કરી મોબાઇલ ફોન, રોકડ રકમ, જુગારના કોઈન, વાહન સહિત લાખો રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. રેડના 20 કલાક બાદ પણ કલબમાં હજુ આરોપીના નિવેદન નોંધવામાં આવી રહ્યા છે.

રેડ પૂરી થયા બાદ તમામ આરોપીઓને પોલીસ સ્ટેશન ખાતે લઈ જવામાં આવશે. જોકે છેલ્લી રેડમાં પણ મોટી સંખ્યામાં આરોપીઓ હોવાથી તમામ આરોપીઓ એક દરિયાપુર પોલીસ સ્ટેશનમાં આવી શકે તેમ ન્હોતા, જેથી આસપાસના પોલીસ સ્ટેશનમાં આરોપીઓને લઈ જવામાં આવ્યા હતા.આ રેડમાં પણ 150થી 180 જેટલા આરોપીઓ હોવાથી દરિયાપુર પોલીસ સ્ટેશન સિવાય અન્ય પોલીસ સ્ટેશનમાં પણ લઈ જવામાં આવશે.

રેડ દરમિયાન SMCના SP મયુર ચાવડા અને DIG વિશાલ વાઘેલા પણ મનપસંદ કલબ પર મોડી રાતે પહોંચ્યા હતા. ગત વખતે રેડ દરમિયાન દરિયાપુર પીઆઈ અને પીએસઆઈને સસ્પેન્ડ કરાયા હતા. આ રેડ દરમિયાન પણ સ્થાનિક પોલીસ સામે તપાસ કરવામાં આવશે. સ્થાનિક પોલીસ સામે DGP પગલા લઈ શકે છે.

# GTUના કાર્યકારી કુલપતિ તરીકે વૈભવ ભટ્ટની નિયુક્તિ કરવામાં આવી : કાયમીની જગ્યાએ ઇન્ચાર્જ VC મૂકયા

અમદાવાદ | ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (GTU)ના પ્રથમ મહિલા કુલપતિ ડૉ. રાજુલ ગજ્જરનો 3 વર્ષનો કાર્યકાળ આજે (3 ઓગસ્ટ) પૂર્ણ થઈ ગયો છે. જેથી કાર્યકારી કુલપતિ તરીકે GTUના પ્રોફેસર અને સ્કૂલ ઓફ એપ્લાઇડ સાયન્સના ડિરેક્ટર વૈભવ ભટ્ટની નિમણૂંક કરવામાં આવી છે.

જો કે ઈન્ચાર્જ કુલપતિ નિમાયા બાદ તેને વહીવટ ચલાવવાની સત્તા સોંપવામાં આવતી હોય છે, પરંતુ ઈન્ચાર્જ કુલપતિ કોઈ મોટો નિર્ણય લઈ શકતા નથી.

વૈભવ ભટ્ટ સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી માઈક્રોબાયોલોજીમાં M.Sc. અને બાયોટેકનોલોજીમાં Ph.D.ની પદવી મેળવેલી છે. તેમજ વર્ષ 2020 થી 2022 દરમિયાન GTU ખાતે AIC-GISC ફાઉન્ડેશનના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) તરીકે પણ રહી ચૂક્યા છે.

નિયમ મુજબ, મુદત પૂરી થવાના ત્રણ મહિના પહેલાં સર્ચ કમિટીની રચના કરવાની હોય છે, પરંતુ પ્રક્રિયા શરૂ ન થઈ હોવાથી નવા કાયમી કુલપતિની પસંદગી અટકી પડી છે. પરિણામે, ગુજરાત યુનિવર્સિટીની જેમ GTUમાં પણ ઈન્ચાર્જ કુલપતિની નિમણૂક કરવામાં આવી છે. ડૉ. રાજુલ ગજ્જરની ઓગસ્ટ, 2023માં રાજ્ય સરકાર દ્વારા ત્રણ વર્ષ માટે કુલપતિ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. રાજુલ ગજ્જર GTUના ઈતિહાસમાં પ્રથમ મહિલા કુલપતિ બન્યા હતા. ભારતીય શિક્ષક શિક્ષણ સંસ્થા (IITE)ના કુલપતિ તરીકે પણ સેવા આપી ચૂક્યા છે. તેઓ 2016માં સાત મહિના માટે GTUના ઈન્ચાર્જ કુલપતિ પણ રહ્યા હતા. વર્ષ 2007માં સ્થાપિત GTU આજે રાજ્યની સૌથી મોટી ટેક્નિકલ યુનિવર્સિટી છે, જેની સાથે 480થી વધુ એન્જિનિયરિંગ, ફાર્મસી, મેનેજમેન્ટ અને ડિપ્લોમા સંસ્થાઓ સંલગ્ન છે અને ચાર લાખથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

સામાન્ય રીતે કુલપતિનો કાર્યકાળ પૂર્ણ થાય તે પહેલાં ઓછામાં ઓછા 3 મહિના અગાઉ સર્ચ કમિટી બનાવવામાં આવતી હોય છે. તેમજ કુલપતિનું પદ ખાલી થયા તેની જગ્યા પર નવા કુલપતિની નિમણૂક કરવામાં આવતી હોય છે. પરંતુ હજુ સુધી ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીમાં નવા કુલપતિ માટે સર્ચ કમિટીની રચના કરવામાં આવી નથી. તેમજ સરકાર દ્વારા સર્ચ કમિટીની લઈને નિર્ણય ક્યારે લેવાશે તે પણ હજુ નક્કી નથી.

સર્ચ કમિટીની જાહેરાત કર્યા બાદ જાહેરનામું બહાર પાડવામાં આવતું હોય છે. જે બાદ અરજીઓ મંગાવવવામાં આવે છે અને ઉમેદવારોની ચકાસણી કરવામાં આવતી હોય છે, જેથી આ પ્રક્રિયામાં સામાન્ય રીતે બે-ત્રણ મહિનાનો સમય લાગે છે.

## ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ પૂરું થયું ત્યાં જ રસ્તા પર પડેલા ખાડાએ રેડ એલર્ટ આપી દીધું

ગાંધીનગર | શહેરમાં 3 દિવસની ભારેથી અતિ ભારે વરસાદની આગાહીનો દોર પૂરો થયો છે. જોકે હળવા અને મધ્યમ વરસાદની આગાહી યથાવત્ છે પરંતુ ઝાપટાંએ શહેરના માર્ગોની દશા બગાડી નાખી છે. રસ્તા પરના ખાડાને કારણે વાહનચાલકો માટે રેડ એલર્ટ જેવી સ્થિતિ છે. જિલ્લામાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી વચ્ચે બે દિવસમાં 4 ઇંચ જેટલો વરસાદ પડ્યો છે પરંતુ તેની સૌથી વધુ અસર શહેરના માર્ગો પર પડી છે. મોટા ભાગનાં સેક્ટરોમાં ગત ચોમાસા પછી નવા રસ્તા બનાવી દેવાયા હોવાથી ખાસ મુશ્કેલી પડી નથી પરંતુ રોડનું કામ બાકી હોવાથી સેક્ટર-5માં ફરી રસ્તા ખાડામાં ગરકાવ થઇ ગયા છે. ડ્રેનેજનું કામ પૂર્ણ થયા બાદ પણ 6 મહિના સુધી ખ-રોડ રીપેર ન કરાતાં જોખમી બની ગયો છે. અનેક ટીપી વિસ્તારોમાં નવા રોડ ન બની શકતાં વસાહતીઓ બિસમાર રસ્તાથી પરેશાન છે.

# ગુજરાતનું સેન્ટ્રલ ફ્લડ કંટ્રોલ સેલ : ટેકનોલોજીના ટેકે નાગરિક-સુરક્ષા અને જળ-વ્યવસ્થાપનનું ઉત્કૃષ્ટ ઉદાહરણ

અમદાવાદ | આબોહવા પરિવર્તન વધી રહ્યું છે. ટૂંક સમયમાં જ ભારેથી અતિભારે વરસાદની ઘટનાઓનું પ્રમાણ વધ્યું છે, ત્યારે ટેકનોલોજીની મદદથી આપત્તિ વ્યવસ્થાપન એ પ્રાથમિકતા બન્યું છે. ગુજરાતમાં, જળ સંપત્તિ વિભાગ હેઠળ ગાંધીનગર કાર્યરત સેન્ટ્રલ ફ્લડ કન્ટ્રોલ સેલ-CFCC આ વાતનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. આ સેલ દર્શાવે છે કે કેવી રીતે એન્જિનિયરિંગમાં નવીનતા, ડિજિટલ ગવર્નન્સ અને રિયલ-ટાઇમ સંકલન દ્વારા પૂરની તૈયારીઓ અને જળ સંસાધન વ્યવસ્થાપનમાં નોંધપાત્ર સુધારો લાવી શકાય છે.

જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલના માર્ગદર્શનમાં ગુજરાતમાં ચોમાસા દરમિયાન પૂરની પરિસ્થિતિને પહોંચી વળવા અને જળાશયોમાં પાણીની આવક-જાવક પર સુચારુ દેખરેખ રાખવા માટે જળ સંપત્તિ વિભાગ હસ્તકનું મધ્યસ્થ પૂર નિયંત્રણ એકમ, ગાંધીનગર સજ્જ થયું છે. ચોમાસા પૂર્વે ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન અને ટેલિફોન ડિરેક્ટરી અદ્યતન કરી Reservoir Data Management System https://wrd-dam.gujarat.gov.in/index.php પોર્ટલ પર અપલોડ કરવામાં આવી છે. ચોમાસા દરમિયાન ૧ જૂનથી ૩૧ ઓક્ટોબર સુધી મધ્યસ્થ પૂર નિયંત્રણ એકમ, ગાંધીનગર સહિત રાજ્યના ૧૨ પ્રાદેશિક પૂર નિયંત્રણ એકમો ૨૪x૭ કાર્યરત રહે છે.

રાજ્યમાં ઉકાઈ, સુરત, દમણગંગા, વડોદરા, નડિયાદ, ગોધરા, અમદાવાદ, હિંમતનગર, વિસનગર, ભાવનગર, રાજકોટ અને ભુજ ખાતે ૧૨ પ્રાદેશિક પૂર નિયંત્રણ એકમો કાર્યરત કરવામાં આવ્યા છે.

આ એકમ દ્વારા સરદાર સરોવર સહિત રાજ્યના મુખ્ય ૨૦૭ જળાશયો જેમાં ૧૮ મોટા, ૮૬ મધ્યમ અને ૧૦૩ નાના જળાશયોના જળસ્તર-લેવલ તેમજ પાણીની આવક અને જાવકનું રિઅલ-ટાઇમ મોનિટરિંગ કરવામાં આવે છે. મોટા ડેમોની દર કલાકે અદ્યતન માહિતી મેળવવામાં આવે છે. આ ઉપરાંત, દરરોજ સવારે ૮:૦૦ કલાકે અને બપોરે ૪:૦૦ કલાકે તમામ વિગતો મેળવીને સંયુક્ત અહેવાલ ઉચ્ચ અધિકારીશ્રીઓ અને સંબંધિત વિભાગોને મોકલવામાં આવે છે.

સંચાર વ્યવસ્થા અને સેન્ટ્રલ વોટર કમિશન-CWC ફોરકાસ્ટ કોમ્યુનિકેશન સુદ્રઢ બનાવવા માટે રાજ્યના પ્રાદેશિક પૂર નિયંત્રણ એકમો સાથે ૧૨ હોટલાઈન કનેક્શન જોડવામાં આવ્યા છે. ઉપરાંત ૧૪ મુખ્ય જળાશયો ખાતે સેટેલાઈટ ફોન ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. ડેમ સાઈટ અને પ્રાદેશિક એકમો પર ૪૧૩ વાયરલેસ સેટ જેમાં ૩૦૪ રાજ્ય સરકાર + ૧૦૯ CWC અને મોબાઈલ/લેન્ડલાઈન સેવાઓ કાર્યરત છે.

CWC દ્વારા નર્મદા, તાપી, સાબરમતી, મહી, દમણગંગા, બનાસ અને શેત્રુંજી જેવા આંતર-રાજ્ય બેઝીન માટે 'ઈનફ્લો અને ફ્લડ લેવલ ફોરકાસ્ટ' મોકલવામાં આવે છે, જેના આધારે જળાશયોમાં પાણીનો સંગ્રહ કરવા કે છોડવા અંગેના નિર્ણયો ઝડપથી લઈ શકાય છે.

ગાંધીનગર ખાતેનું પૂર નિયંત્રણ એકમ સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-SEOC સાથે સતત સંકલનમાં રહેવાથી રાજ્ય અને જિલ્લા વહીવટી તંત્રને તમામ અપડેટ્સ મળતા રહે છે. દર મંગળવારે SEOC ખાતે યોજાતી 'વેધર વોચ ગ્રુપ'ની બેઠકમાં જળાશયોની અદ્યતન માહિતી પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત, IMD દ્વારા જાહેર કરાતી Nowcast અને Forecast તેમજ જળાશયોના વોર્નિંગ મેસેજ સંબંધિત અધિકારીઓને તુરંત જ શેર કરવામાં આવે છે.

ગાંધીનગર સ્થિત જીઓસ્પેશિયલ સેલ દ્વારા સિંચાઈ યોજનાઓના ડિજિટલ નકશાઓ અને પૂર વિસ્તારના ઈન્ડિકેટિવ નકશાઓ તૈયાર કરવામાં આવ્યા છે.

# અમદાવાદ મંડળના તબીબી વિભાગ દ્વારા જુલાઈ મહિનામાં વ્યાપક જનસ્વાસ્થ્ય અને સ્વાસ્થ્ય જાગૃતિ અભિયાનનું આયોજન

અમદાવાદ: પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના તબીબી વિભાગ દ્વારા જુલાઈ-2026 દરમિયાન જનસ્વાસ્થ્ય, રોગ નિવારણ, આરોગ્ય જાગૃતિ તથા કર્મચારી કલ્યાણના ક્ષેત્રમાં નોંધપાત્ર કામગીરી કરી હતી. મંડળની વિવિધ રેલવે હોસ્પિટલો, આરોગ્ય એકમો, રેલવે કોલોનીઓ, સ્ટેશનો તથા કચેરીઓમાં આરોગ્ય સેવાઓનો વ્યાપ વધારતા અનેક વિશેષ અભિયાનો અને આરોગ્ય શિબિરોનું આયોજન કરવામાં આવ્યું. મલેરિયા નિયંત્રણ અને સ્વચ્છતા પર વિશેષ ભાર : ચોમાસાને ધ્યાનમાં રાખીને રેલવે કોલોનીઓ, સ્ટેશનો, કચેરીઓ, રનિંગ રૂમ, લોબી તથા બેરેકોમાં મચ્છરના પ્રજનન સ્થળોનું વ્યાપક સર્વેક્ષણ કરવામાં આવ્યું. સાથે જ ફોગિંગ, લાર્વીસાઇડલ સારવાર તથા મલેરિયા નિવારક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી. રેલવે કોલોનીઓમાં પોસ્ટર અને પેમ્ફલેટનું વિતરણ કરીને લોકોને જાગૃત કરવામાં આવ્યા. આ ઉપરાંત, ઘન કચરો વ્યવસ્થાપન નિયમો-2026 હેઠળ મુખ્ય રેલવે કોલોનીઓને બલ્ક વેસ્ટ જનરેટર (BWG) તરીકે ઓળખી પ્રદૂષણ નિયંત્રણ બોર્ડમાં નોંધણીની પ્રક્રિયા પણ પૂર્ણ કરવામાં આવી. વિશ્વ જનસંખ્યા દિવસ અને વિશ્વ હેપેટાઈટિસ દિવસ નિમિત્તે જાગૃતિ અભિયાન : 11 જુલાઈના રોજ વિશ્વ જનસંખ્યા દિવસ તથા 28 જુલાઈના રોજ વિશ્વ હેપેટાઈટિસ દિવસ નિમિત્તે મંડળની હોસ્પિટલો, આરોગ્ય એકમો અને રેલવે કોલોનીઓમાં વ્યાખ્યાનો, આરોગ્ય શિક્ષણ કાર્યક્રમો, પોસ્ટર પ્રદર્શન અને જાગૃતિ રેલીઓનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમોમાં તબીબો, આરોગ્ય કર્મચારીઓ તથા મોટી સંખ્યામાં



લાભાર્થીઓએ ભાગ લીધો. આરોગ્ય તપાસ શિબિરો દ્વારા સેંકડો લાભાર્થીઓને મળ્યો લાભ : જુલાઈ મહિના દરમિયાન મંડળના વિવિધ આરોગ્ય કેન્દ્રો તથા રનિંગ રૂમોમાં અનેક આરોગ્ય તપાસ શિબિરો યોજાઈ. પાટણ, પાલનપુર, ગાંધીધામ, વટવા, મહેસાણા તથા અન્ય સ્થળોએ યોજાયેલી શિબિરોમાં સેંકડો રેલવે કર્મચારીઓ અને તેમના પરિવારજનોની આરોગ્ય તપાસ કરવામાં આવી. મહેસાણા આરોગ્ય એકમમાં ટીબી સ્ક્રીનિંગ માટે 75 વ્યક્તિઓના છાતીના એક્સ-રે કરવામાં આવ્યા, જેમાં કોઈપણ ટીબીનો દર્દી મળી આવ્યો નહોતો. 'એક પેડ માં કે નામ' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ : 12 જુલાઈના રોજ 'એક પેડ માં કે નામ' અભિયાન અંતર્ગત સાબરમતી રેલવે કોલોનીમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે મંડળ રેલ પ્રબંધક સહિત શાખાના અધિકારીઓ તથા મોટી સંખ્યામાં કર્મચારીઓએ ભાગ લઈને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો.વિશેષ સિદ્ધિઓ અને આરોગ્ય દિવસોનું સફળ આયોજન : જુલાઈ મહિના દરમિયાન કાંકરિયા આરોગ્ય એકમમાં હ્યુમન પેપિલોમા વાયરસ (HPV) રસીકરણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું. ઉપરાંત રાષ્ટ્રીય ચિકિત્સક દિવસ, વિશ્વ જનસંખ્યા દિવસ, વિશ્વ હેપેટાઈટિસ દિવસ, એન્ટી મલેરિયા પ્રવૃત્તિઓ તેમજ '100 દિવસ ટીબી મુક્ત અભિયાન' અંતર્ગત વિવિધ કાર્યક્રમો સફળતાપૂર્વક આયોજિત કરવામાં આવ્યા, જેમાં મોટી સંખ્યામાં કર્મચારીઓ તથા લાભાર્થીઓએ ભાગ લીધો.પ્રશિક્ષણ અને ક્ષમતા વિકાસ : તબીબી અધિકારીઓ તથા કર્મચારીઓના કૌશલ્ય વિકાસ માટે એડવાન્સ્ડ મેનેજમેન્ટ પ્રોગ્રામ (AMP-III), બાયો-મેડિકલ વેસ્ટ મેનેજમેન્ટ, હોસ્પિટલ ઈન્ફેક્શન કંટ્રોલ કમિટી તથા HMIS મોડ્યુલ સંબંધિત તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

# અમદાવાદમાં ટ્રાફિકની સમસ્યા હળવી કરવા ટ્રાફિક પ્લાનિંગ સેલની રચના :ડિઝાઇનથી લઈને દબાણો દૂર કરવાની કામગીરી કરાશે

અમદાવાદ | અમદાવાદમાં વધતી જતી વસ્તી અને વાહનોની સંખ્યાને કારણે તેમજ મોટાભાગના લોકોમાં ટ્રાફિક સેન્સ અને ટ્રાફિક અંગેની જાગૃતિના અભાવને કારણે ટ્રાફિકની સમસ્યા વધુ વિકટ બની ગઈ છે. નાના ચાર રસ્તા ઉપર પણ જો થોડીવાર વાહન ઊભા રહી જાય તો ટ્રાફિક જામની સ્થિતિ ઊભી થઈ જાય છે ત્યારે શહેરમાં ટ્રાફિકની સમસ્યા, વાહન પાર્કિંગની મુશ્કેલી દૂર કરવા તેમજ ટ્રાફિક સાઇનેજ સહિતની કામગીરી કરવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ટ્રાફિક પ્લાનીંગ સેલની રચના કરવામાં આવી છે.

રોડ પર દબાણના કારણે થતા ટ્રાફિકને દૂર કરવા એસ્ટેટ વિભાગ તેમજ અલગ અલગ જગ્યા પર ટ્રાફિક સિગ્નલ બનાવવા અને CCTV કેમેરાની મદદથી લોકોને દંડ ફટકારવા સહિતની હવે કામગીરી માટે અલગ અલગ વિભાગોના અધિકારીઓ કર્મચારીઓ મળી 40 લોકોનો પ્લાનિંગ સેલ બનાવાયો છે. પ્લાનિંગ સેલ ટ્રાફિક દૂર કરવા માટે તમામ પ્લાનિંગ તૈયાર કરશે. જોકે કોર્પોરેશન પાસે માત્ર કામગીરી કેવી રીતે કરવી જોઈએ તેનું પ્લાનિંગ થશે. પરંતુ ખાસ અમલ ટ્રાફિક પોલીસને કરાવવાનો હોય છે ત્યારે ટ્રાફિક પોલીસ આવા પ્લાનિંગ સેલ દ્વારા કરવામાં આવતા પ્લાનિંગ પર અમલ કરશે કે કેમ તેને લઈને સવાલ છે. કારણ કે કોર્પોરેશનના પ્લાનિંગ સામે ટ્રાફિક પોલીસ પોતાનું જ અલગથી પ્લાનિંગ કરીને કોર્પોરેશનને અમલ કરવા માટે કહેતું હોય છે. ત્યારે હવે આ સેલ દ્વારા આપવામાં આવતા સૂચન ટ્રાફિક પોલીસ માન્ય રાખી અમલ કરાવશે કે કેમ તેના પર સવાલ છે. મળતી માહિતી મુજબ શહેરમાં ટ્રાફિકની સમસ્યા વધી રહી છે ત્યારે લોકોમાં પણ ટ્રાફિકની સેન્સનો અભાવ જોવા મળી રહ્યો છે. સુચારૂ ટ્રાફિક મેનેજમેન્ટ માટે લેફ્ટ ટર્ન ફ્રી, ટ્રાફિક સાઈનેજ, ઝીબ્રા ક્રોસિંગ, બમ્પ, ટ્રાફિક સિગ્નલ અને છેલ્લે દબાણો હટાવવા સહિત અનેક પ્રકારની કામગીરી કરવા માટે છેલ્લા કેટલાય સમયથી કમિશનર સૂચનાઓ આપતાં રહે છે, પરંતુ મોટાભાગની કામગીરી કોન્ટ્રાક્ટર આધારિત હોવાથી તેમજ અધિકારીઓ ઉપર વધારાની જવાબદારીઓ હોવાથી ટ્રાફિક અંગેની કામગીરીમાં વધુ ધ્યાન આપી શકાતું નહોતું.